
કુમાર

આવતી કાલનાં નાગરિકો માટે ચારિત્ર્ય
જ્ઞાન અને સંસ્કાર-ઘડતરનું માસિક પત્ર
સંસ્થાપક • રવિશંકર રાવળ • વર્ષ બત્રીસમું
અંક સાતમો • જુલાઈ ૧૯૫૫ • સળંગ અંક ૩૭૯મો • તંત્રી: બચુભાઈ રાવત




ચિદમ્બરમ્‌ના મંદિરમાં એક મંડપના પ્રાંગણમાં હાથીનું વિશાળ શિલ્પ ફોટો: ચન્દ્રકાન્ત ઝવેરી (જુઓ આ અંકમાંનો એમનો લેખ) ભારતનાં મંદિરસ્થાપત્યમાં હાથીને મહત્ત્વનું સ્થાન અપાયું છે. મંદિરોની બહારની દીવાલોના કંદોરાઓ પર હાથીઓની નાનાવિધ અંગરચનાના રમ્ય મરોડ જોઈ દંગ થઈ જવાય છે. એ વિશાળ દેહની ગોળાકાર રેખામાં ભારતીય શિલ્પકાર એની સૂંઢ, ગંડસ્થળ, પીઠ, પેટ, પગ વગેરેની ભંગીઓ દ્વારા લાલિત્યનો જે પ્રવાહ વહાવે છે તે જગતભરના શિલ્પમાં માગ મુકાવે છે.



શ્રી કૃષ્ણલાલ ભટ્ટનાં બે ચિત્રો   ઉપર: 'હીલોળા'   નીચે: 'પ્રકાશની ગાયો'   જુઓ: આ અંકની 'કલાવાર્તા'





ચિત્રો

કાવ્યો

ચરિત્ર

નાટિકા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : બાર આના

અહીં પ્રકટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.



જૂન અંકમાં 'સુકન્યાની આરાધના'નું ચિત્ર અપાયું છે. એ અગાઉ ઑગસ્ટ ૧૯૫૪ના અંકમાં આવી ગયું છે.* આચાર્ય અત્રે લિખિત 'મારા શિક્ષકજીવનનાં સંસ્મરણો'નો લેખ બહુ જ રસમય છે. કુમારે એક એવો વિભાગ ઉમેરવો જોઇએ કે જેથી આજના કથળેલા સામાન્ય જ્ઞાનને ટેકો મળી શકે.

(નવસારી) —કે. ડી. મીરઝાં

[*એ આલ્બમના એક નવા ચિત્રને બદલે આ બળતો જ બ્લૉક સરતચુકથી લેવાઇ ગએલો અને અમારી ગેરહાજરીમાં છપાઈ ગએલો એ દોષ માટે અમે ઘણા દિલગીરી છીએ.]

મે ૧૯૫૫ના 'કુમાર'માં 'દિનવિશેષ'માં '૫૭ના 'બળવા'માં સર હ્યુ રોઝે તાત્યા ટોપેને કુંચ મુકામે હરાવ્યો એવો ઉલ્લેખ છે. સામાન્યરીતે બળવો શબ્દ તિરસ્કારસૂચક છે. પ્રજામાનસને (બળવાખોર પર) તેનાથી ઘૃણા ઊપજે છે. અગર જો અંગ્રેજોએ ગણાવેલ એ (સ્વાતંત્ર્યયુદ્ધ)બળવો હોય તો શું આપણે પણ પોતાના દેશની સ્વતંત્રતા માટે લડનારને બળવાખોર કહીએ? તેમાં એ શહીદોનું અપમાન છે.

વળી એ શબ્દો 'ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ' વિષે ધગધગતી ભાષામાં લખનાર વીર સાવરકરના ઇતિહાસ (જીવનચરિત્ર) પાસે મુકાયો છે. આશા છે કે 'કુમાર' જેવા શિષ્ટ માસિકમાં હવે આવા શબ્દો ફરીથી નહિ વપરાય.

(માંડવી-કચ્છ) —પ્રમોદચંદ્ર જોષી

[એ બિચારા શબ્દ સામે તમે જરા વધારે પડતા ઉશ્કેરાઈ ગયા છો. આજે પણ સામાજિક રૂઢિઓ સામે ઝુંબેશ ઉપાડનારા પોતાની જાતને ગૌરવથી સમાજ સામે 'બળવો' પોકારનારા નથી કહેવડાવતા?—તંત્રી]

મારી પાસે મારા વેપારની હેરફેરમાં એક રૂા. ૧૦૦ની, રીઝર્વ બૅન્ક ઑાવ ઇંડિયાની, બી. રામરાવની સહીવાળી નોટ નવા અશોકચક્રના ચિહ્નવાળી આવેલી છે. જેનો નંબર H/૧ ૫૭૫૫૬૦ છે. સદરહુ નોટની એક વિશિષ્ટતા એ છે કે એનો વૉટર માર્ક ઊંધો છે; એટલેકે અશોકચક્રનું નિશાન ઊંધું છપાએલું છે.

જેમ પોસ્ટલ ટિકિટમાં ગવર્નમેન્ટની છાપકામની ભૂલથી એ ટિકિટનું મૂલ્યાંકન વધી જાય છે તેમ આ નોટમાં બની શકે? કોઈ આના ઉપર પ્રકાશ પાથરશે તો આભારી થઈશ.

સદરહુ નોટ બિલકુલ સાચી છે એ બાબતમાં હું સ્થાનિક ઈમ્પીરીઅલ બૅન્ક તેમજ બીજી બૅન્કોના એજન્ટને મળ્યો છું.

(નડિયાદ) —જયંતીલાલ છગનલાલ દવે

નાળિયેરી વિષેનો આગલા અંકમાંથી સંક્ષિપ્ત ઉતારો વાંચી આનંદ થયો. તેની એક વિશેષ ઉપયોગિતા આધુનિક ઉદ્યોગમાં છે. પ્લાસ્ટિકના ઉદ્યોગમાં સૂકાં નાળિયેરની કાચલીનો લોટ ઘણો ઉપયોગી પદાર્થ છે. તે સારામાં સારો ફિનિશિંગ એજન્ટ અને 'ફિલર' ગણાય છે. ફિનિશિંગ એજન્ટનું કામ પ્લાસ્ટિકના મોલ્ડિંગને સુંવાળપ આપી આકર્ષક દેખાડવાનું છે, જ્યારે 'ફિલિંગ' એજન્ટનું કામ મોલ્ડિંગ કરતી વખતે સંકોચન વગેરેથી રહી જતા ખાડા પૂરવાનું ગણાય. કીમત ને પરિણામની દષ્ટિએ કાચલીનો લોટ આ કામમાં બિનહરીફ છે.

(શીલ) —જે. એ. ભરડા

ગયા અંકમાં ભાઇ કાંતિલાલ મહેતાએ ફટકડી વિશેની નોંધમાં લખ્યું છે કે '...ફટકડી મુખરોગહર, દાંતને મજબૂત કરનાર છે.' પરંતુ 'દાંત અને મોઢાનું રક્ષણ' નામના પુસ્તકના સંગ્રહકર્તા કેખશરૂ દોરાબજી જીલા નીચે પ્રમાણેના વિચારો દર્શાવે છે. તેઓએ દાંત ને તેની સંભાળ પર બેથી ત્રણ પુસ્તકો લખેલાં છે.

'દાંત અને મોઢાની સંભાળ માટે ૧૫૧ ઉપયોગી સૂચનાઓ'ના પ્રકરણમાં ૩૨મી સૂચનામાં તેઓ જણાવે છે કે 'કેટલાકો દાંતનું મંજન બનાવવામાં કપૂર, ફટકડી, માયું વગેરે વાપરે છે, પરંતુ એ ચીજો હમેશના મંજન તરીકે વાપરવી સારી નથી. ખાસ કરી ફટકડીથી તો કુદરતી દાંતોને ઘણું નુકસાન થાય છે.'

આગળ ચાલતાં ૮૦મા પાના ઉપર 'બોખા બનવાનો ઇલાજ'ના મથાળા નીચે તેઓ લખે છે કે 'પ્રૅટર નામના દાંતના એક નામાંકિત ફ્રેંચ ડાક્ટર પોતાના Practical Treatise on Diseases of Teeth નામના પુસ્તકમાં જણાવે છે કે જો કોઇના દાંતને ખરાબ કરવા હોય અને તેમ કરવા માટે તેવી જ કંઇ મેળવણીની બનાવટ શોધી કાઢવી હોય તો 'ઍસિડ્યુલેટેડ પોટાસ ટારટર' અને 'ક્લેસાઈન્ડ ઍલમ'-ફટકડીના ક્ષારો—એબંનેનો બનાવેલો ટુથ-પાઉડર ઘણા થોડા વખતમાં આદમીને બિલકુલ બોખો ને દાંત વગરનો બનાવી દેશે!'

(મુંબાઇ) —વિનોદ દુ. દવે

ચંદ્રવદનની 'બાંધગઠરિયાં'ની આત્મકથા ખરેખર ગુજરાતની એક પ્રથમ પંક્તિની અને ઉત્તમ આત્મકથા છે. ગુજરાતી સાહિત્યના મારા બહોળા વાચનના પરિણામે હું સહેજે મારા નમ્ર મત પ્રમાણે શ્રી ચંદ્રવદનની એ આત્મકથાને ધન્યવાદ આપું છું. સાથોસાથ 'કુમાર'ને પણ, ગુજરાતની એક પ્રથમ કોટિની આત્મકથા વાચકોને આપવા માટે ધન્યવાદ આપતાં મને આનંદ થાય છે. શ્રી ચંદ્રવદને તો પ્રેમની ગઠરિયાં બાંધી છે.

(ભાવનગર) —જનાર્દન જે. દવે

જૂનના કુમારમાં વ્યક્તિવિશેષના કૉલમમાં શ્રી પંડિત ઓમકારનાથ ઠાકુરનું જીવન આપતાં લખ્યું છે કે તેમનો જન્મ અનાવિલ બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો, તે અસત્ય છે. તેઓ જન્મે ઉનેવાળ બ્રાહ્મણ છે, શ્રી 'ઉનેવાળ સેવક મંડળ'ના પણ તેઓ સભ્ય છે.

(મુંબાઇ) —વૈકુંઠલાલ રે. જાની

'મૅટ્રિક પછીનું માર્ગદર્શન'માં હોમિયોપૅથી કે બાયો-કેમિસ્ટ્રીનું કાંઇ પણ અપાયું નથી. ઉપલી વૈદકવિદ્યાની સંસ્થાનાં સરનામાં બની શકે તો 'કુમાર'માં આપી આભારી ન કરો?

(મોરબી) —કનક ગાંધી

(૧) કુમારમાં પ્રકટ થતાં કેટલાંયે ચિત્રો અને ફોટોગ્રાફો સંઘરવા જેવાં અને મઢાવવા જેવાં હોવાથી તે સારી રીતે જળવાય અને ઉપયોગમાં લેવાય તે માટે તેવાં ચિત્રો પૂઠાં પર કે ઊઘડતે પાને મુખચિત્ર તરીકે છપાય છે તેને બદલે બરોબર વચ્ચે આર્ટ પ્લેટ રાખવામાં આવે તે ઇચ્છવાયોગ્ય છે, તેથી સરળતાથી તેમાંથી કાઢી લેવાશે. પૂઠું આર્ટ પેપરને બદલે કાર્ટ બોર્ડ પેપરનું રાખવામાં આવે તો ખર્ચમાં બચાવ પણ થશે અને મને લાગે છે કે આ પ્રમાણે મધ્યમાં આર્ટ પેપરની ચાર બાજુ પર આપેલાં ચિત્રોને 'કુમાર આર્ટ ગૅલેરી' જેવું નામ આપી તેના ગ્રાહકો નોંધવામાં આવે તો એક નવીન પ્રકારનું 'કુમાર'નું પ્રકાશન પણ થશે. (૨) રવિશંકર રાવળ કૃત 'ક. મા. મુનશીની પાત્રસૃષ્ટિ' જેનાં ૫ ૭ ચિત્રો કુમારમાં આવી ગયાં છે, તે ચિત્રો બધાં યે તે પ્રમાણે કુમારમાં પ્રકટ કરીને પછી તે સાઇઝનું પૂર્ણ આલ્બમ બહાર પાડશો તો ઓછી કીમતને કારણે ઘણું જ લોકપ્રિય નીવડશે.

(પોરબંદર) —કનૈયાલાલ દવે

[(૧) એથી તો ઊલટું ખર્ચ વધે અને પરવડે નહિ. (૨) જ્યાં સુધી એ મૂળ આલ્બમ ખપી ન રહે ત્યાં સુધી અમારાથી એ ન થાય.—તંત્રી]

અજંતા

• પૃથ્વી •

અહો ખડકના કઠોર સ્તરને ખણી ખોતરી
કશી જીવનની લીલા પ્રકટ ચિત્રશિલ્પે કરી!
અહીં યુગલ કેફમાં મધુર મદ્ય ને પ્રીતના;
તહીંથી હમણાં જ જાગી ઊઠશે સૂરો ગીતના!
મૃદંગ પર થાપી આ શું પડી! પેલી નૃત્યાંગના
તણા ચપલ પાયના રણકી ઊઠશે ઘૂઘરા!
મુલાયમ તમિસ્રશ્યામ ઘનકેશ નારીતણા,
થતું: અડી લઉં જરા! ભૂલી સ્વભાવ પાષાણના!

અને કુહરગર્ભમાં નીરખું ધ્યાનમુદ્રાસ્થિત
તથાગત પ્રશાન્ત, સ્વસ્થ નયનાબ્જનિમીલિત;
કરાંગુલિ થકી અપાર કરુણા દ્રવે (ફિલસૂફી
અહીં જીવનની કલામહીં ય કેવી ફાળી ઊઠી!).
વિશાળ સુ-રસાળ આ જીવનપદ્મ-કેન્દ્રે લહું
વિરાજિત સમૂર્ત્ત સત્ય બસ એક નિર્વાણનું.

જયન્ત પાઠક

કાશી

• વસંતતિલકા •

પ્રાચીન આ પુરી પવિત્ર પ્રશસ્ત ધામ,
ભાગીરથી ધવલ ઉજ્જ્વલનીર તીર.
જ્યાં ઠેર ઠેર બસ ગંદકીના મુકામ;
પાખંડ જ્યાં વિચરતું ધરી ધર્મચીર.

ઘાટે પવિત્ર (!) શિરકેશ મુંડેલ ઊડે,
પાણી નહીં ગટરવારિથી ઓછું મેલું,
પુણ્યાર્થ સ્નાન કરવા કશું લોક ઘેલું!
ન્હાતી સ્ત્રીઓ તરફ નફ્ફટ દૃષ્ટિ દોડે.

ટાળો મળે ન, યદિ સાંઢ મળે ગલીમાં!
જૂતાં મળે ન યદિ મંદિર બ્હાર મૂક્યાં;
રોગી ભિખારી રખડે (પ્રભુદૃષ્ટિ ચૂક્યાં!).
શાસ્ત્રાર્થ? ના, વચન વિપ્રમુખે સીધાનાં.

પ્રાચીન સંસ્કૃતિ તણું પુર કાશી દીઠું,
શ્રદ્ધાનું સ્વર્ગ, પ્રભુવંચિત પાપપીઠું!

જયન્ત પાઠક

આષાઢ

• મિશ્ર •

આષાઢને અંબર, મેઘ જો સખિ!
ઝૂકી રહ્યો મસ્ત બની રૂઆબથી,
ને ઝર્મર-સ્પર્શથી જાગતા થતા
હૈયે ઊંડે ગુપ્ત સુષુપ્ત નિર્ઝરો!
ઉન્મત્ત, જો! આભધરા! પ્રગાઢ
આશ્લેષ પૂર્વે, પળ, ઘેનઘેર્યાં
નેને નિહાળે મદથી પરસ્પર!
ને ઉષ્ણ ઉચ્છ્વાસ-વચ્ચે જતા-થકી
ફૂંકાઇ રહે માદક ગંધ! ઘ્રાણથી
ઉન્માદ વ્યાપી ઊઠતો નસેનસ,
અસ્વસ્થ શી પ્રાણીની-પ્રાણની-દશા!

વિનોદ અધ્વર્યુ

ઉપાલંભ

• પરંપરિત હરિગીત •

'તું એલચી છો ને સુગંધી,
કાય નાજુક શુભ્ર તારી હો ભલે,
છે કિન્તુ કેવું શ્યામ
હૈયું ગોપવ્યું અંતસ્તલે!'
કૈં વેણ સરતાં આમ
શિંગોડા તણા ખૂલેલ ઓષ્ઠોથી,
ખરીદેલી કંઈ વસ્તુભરેલી ઝોળીમાંહીં માહરી.

ગીતા પરીખ

શ્રદ્ધા

• વસંતતિલકા •

સ્વપ્ને, પરાસ્ત અરિથી નૃપ કો થએલ
ઉદ્વેગના વમળમાં ડૂબકાં લહંત;
ત્યાં સ્વપ્ન જાય સરકી, ખૂલી જાય નેત્રો;
સંક્લેશ મોહ મહીં એ પલટાઇ જાતો.
એવી વિધે જીવનના ય પરાજયો આ
શ્રદ્ધાની જાગૃતિ મહીં જયરૂપ થાય;
ચંબાળુઓ મુખર મોદદ ગીત ગાય.

વિવિત્સુ

ભારતીય મજૂર-આંદોલનના પિતા

દુર્દમ આશાવાદ અખંડ જાગરુકતા અને સંશુદ્ધ સત્ત્વનિષ્ઠા પ્રેર્યા શ્રમજીવીઓના સમુદ્ધારક



નારાયણ મલ્હાર જોષી

રાષ્ટ્રનિર્માણના સાચા વિધાયકો મજૂરો છે એ ભાવનાથી, તેમને થતા અન્યાયો લગીર પણ સહી લેવા તૈયાર ન રહેનાર, તેમના ઉત્કર્ષના ભેખધારી, અને તેમના જીવનના હામી સાથી એવા શ્રી નારાયણ મલ્હાર જોષીનું ગયા મે માસની ત્રીસમી તારીખે મુંબાઈમાં હૃદયરોગના હુમલાને કારણે તદ્દન ઓચિંતું અવસાન થતાં એક ઉત્કટ છતાં ઠરેલ અને પ્રચંડ શક્તિશાળી છતાં સ્વસ્થ વિચારશીલ પુરુષની વિદાય થઈ છે; ભારતના પીઢ પુરુષોમાં એકની ખોટ પડી છે. ન્યાયમૂર્તિ રાનડે કહેતા કે 'મને કામ કરતાં કરતાં મૃત્યુ મળજો.' અને એ ન્યાયમૂર્તિ રાનડે તથા ભારતસેવક ગોખલેથી ચાલી આવતી તેજસ્વી, અભ્યાસુ અને નિઃસ્વાર્થ લોકસેવકોની પરંપરાનો એ છેલ્લો 'વિનીત નેતા' એમ કામ કરતાં કરતાં આથમી ગયો.

શ્રમજીવીઓના જીવનોદ્ધારના એ આજીવન ભેખધારી નારાયણ મલ્હાર જોષીનો જન્મ ઈ. ૧૮૭૯માં મુંબાઈ પાસે કોલાબા જિલ્લાના ગોરેગાંવ મુકામે, સાધારણ સ્થિતિના છતાં સંસ્કારી એવા એક બ્રાહ્મણ કુટુંબમાં થએલો. ધર્મ અને જ્યોતિષ પર જ કુટુંબની આજીવિકા ચલાવતા પિતાને પગલે જવા નારાયણને પણ નાનપણમાં ત્રણેક વર્ષ એવું જ શિક્ષણ મળેલું, પરંતુ પછી ૧૪મે વર્ષે અંગ્રેજી નિશાળમાં દાખલ થઇ એ ઉત્તરોત્તર અભ્યાસ વધારતા ગયા અને ઈ. ૧૮૭૧માં એમણે ડેક્કન કૉલેજમાંથી બી. એ.ની ઉપાધિ મેળવી.

આ પછી વ્યવસાય તરીકે આઠેક વર્ષ સુધી એમણે પૂના તથા મુંબાઈની માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે કામ કર્યું, પરંતુ અહમદનગરના દુષ્કાળ વખતે પગારદાર સ્વયંસેવક તરીકે ત્યાં જઇને લોકસેવા કરતાં કરતાં એમણે દેશબાંધવોની જે કારમી અને કફોડી દશા જોઇ એથી એમનું હૈયું હાલી ઊઠ્યું; અને ત્યારથી જ લોકોની સેવા કરવા તડપતા રહેલા એ દિલને એક સરસ તક પણ મળી ગઇ. તાજેતરમાં જ શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેએ 'ભારત સેવક સમાજ'ની સ્થાપના કરી હતી. એ વેળાની ગોખલેજીની પ્રેરક હાકલ સાંભળી તુરત જ એમણે 'સમાજ'માં દાખલ થઇ પોતાની ચિરવાંછિત જીવનદિશા પ્રાપ્ત કરી લીધી ને પૂનાથી બહાર પડતા એ સેવક સમાજના પત્ર 'જ્ઞાન-પ્રકાશ'ના સંચાલનનો ભાર ઉપાડી લઈ બે વર્ષ સુધી એનું વહન કર્યું. તે પછી એમનું જાહેરજીવન શરૂ થયું. અને ત્યારથી એ જીવન કામદારોના ઉત્કર્ષ પાછળના એમના ભગીરથ પ્રયત્નોની એક મોટી ગાથા સમું જ બની રહ્યું.

ઈ. ૧૯૧૧માં એમણે મુંબાઇ આવી 'સોશ્યલ સર્વિસ લીગ'ની સ્થાપના કરી, અને ત્યારથી લાગટ બેતાળીસ વર્ષ લગી–છેક હમણાં ૧૯૫૩ સુધી તેનું મંત્રીપદ સંભાળ્યું. શ્રમજીવીઓને માત્ર આર્થિક ન્યાય આપવાથી જ સમાજના સર્વે રોગ દૂર થઈ જશે એવી અંધશ્રદ્ધા કે ઘોકાપંથી એમની માન્યતા ન હતી. એમણે જોયું હતું કે જેમને માટે પોતે પોતાનું જીવન અર્પણ કર્યું છે એ મજૂર વર્ગના આર્થિક સુધારાની સાથોસાથ તેમના સર્વાંગી ઉદ્ધાર માટે એમના જીવનની બીજી પણ ઘણી બાબતોમાં સુધારા અને સંસ્કારના સિંચનની જરૂર છે. વર્ષોથી ચાલતા આવતા કુરિવાજો, અંગત કુટેવો તથા ઊંડી જડ ઘાલી બેઠેલી રૂઢિઓ દૂર કરી, નાતજાતના કોઈપણ ભેદભાવ વિના દુનિયાના મજદૂરો એક થાય એમાં જ એમનું સાચું હિત છે એમ સમજી મજૂરો માટેની અન્ય બધી પ્રવૃત્તિઓ સાથે એમના જીવનને પણ સુધારવા એમણે 'સોશ્યલ રીફૉર્મ એસોસીએશન'ની સ્થાપના કરી. આમ, ઉદ્યોગ સંસ્થાઓમાં કામ કરતા શ્રમજીવીઓની જીવન-સુખાકારીનું પહેલું પગલું તેમણે જ ભર્યું. પછી અનુપમ ધગશ અને અદમ્ય ઉત્સાહથી કાપડના તેમજ ઇતર ઉદ્યોગોમાં કામ કરતા મજૂરોનું 'ટ્રેડ યુનિયન'ના નામથી એક મજૂર સંગઠન એમણે સાધ્યું જે કોઇપણ રાજકીય પક્ષ તથા વાદથી તદ્દન અલિપ્ત હતું.

શ્રમજીવીઓની આબાદી માટેની તેમની આવી નિષ્ઠાપૂર્વકની અને આગળપડતી કારકિર્દીએ તે વખતની અંગ્રેજ સરકારનું પણ ધ્યાન ખેંચ્યું અને ઈ. ૧૯૧૯માં વૉશિંગ્ટનમાં 'અખિલ જગત શ્રમિક પરિષદ' (ઇન્ટરનૅશનલ લેબર કૉન્ફરન્સ) ભરાઇ ત્યારે તેમાં હિંદી કામદારોના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા તેઓ ગયા. એ જ વર્ષમાં એમને "કૈસરે હિંદ"નો રૌપ્ય પદક એનાયત કરવામાં આવેલો. એ પરિષદને અંતે 'અખિલ જગત શ્રમજીવી સંઘ' નામની એક કાયમી સંસ્થા અસ્તિત્વમાં આવી અને એમણે વર્ષો સુધી એ સંસ્થા સાથે સક્રિય રીતે સંકળાએલા રહી એશિયન કામદારોનું ઘણું હિત સાધ્યું.

૧૯૨૧માં બ્રિટિશ હિંદની મધ્યસ્થ ધારાસભામાં એમની નિમણૂક થઇ. ત્યારથી તે ('૪૬નો એક વર્ષનો ગાળો બાદ કરતાં) છેક ૧૯૪૭માં એ બંધ પડી ત્યાં સુધી તેના સભ્યપદે તેઓ ચાલુ રહેલા. અહીં તેઓ પોતાને લાગતું સત્ય સ્વતંત્રરીતે અને કોઈપણ જાતના શરમ કે સંકોચ વિના કેવળ મજૂર પક્ષે જ બોલતા એટલું નહિ, પરંતુ ત્યાં આવતા પ્રત્યેક બિલનો ચિકિત્સક બુદ્ધિથી બહુ બારીકાઈથી અભ્યાસ કરી પોતાનો મત દર્શાવતા. કામદારોના પ્રતિનિધિ હોઈ એમના જીવન પર અસર કરતી પ્રત્યેક બાબત માટેની પોતાની નિશ્ચિત ભૂમિકા એમની પાસે હમેશાં તૈયાર રહેતી. અને આ રીતે મજૂરોના હિતાનુલક્ષી અનેક કાયદાઓની પાછળ એમની આવી કામગીરી ઢંકાએલી છે. એમની આવી કામગીરીની કદર બ્રિટિશ સરકારે તો કરી જ; પરંતુ એ સરકારની ઘણી કામગીરીની વિરોધી કૉંગ્રેસે પણ એમનામાં શ્રદ્ધા મૂકી અને સ્વાતંત્ર્ય પૂર્વે પં. નેહરુના અધ્યક્ષપદે સ્થપાએલી રાષ્ટ્રીય આયોજન સમિતિમાં કૉંગ્રેસે એમને પણ લીધેલા, એટલું જ નહિ પણ એ સમિતિની શ્રમવિભાગીય પેટાસમિતિનું પ્રમુખપદ પણ એમને જ સોંપેલું. ૧૯૨૯માં શ્રમજીવીઓના રાજકીય મંડળના સભ્યપદેથી એમણે કરેલી કામગીરીનો સુંદર ખયાલ એ મંડળના અહેવાલમાંથી મળી રહે છે. અને 'સેન્ટ્રલ પે કમિશન'ના સભ્ય તરીકે પણ હિંદી મજૂર-વર્ગ માટે એવી જ મહત્ત્વની ને નોંધપાત્ર કામગીરી એમણે બજાવી છે.

શ્રી જોષી રાજકારણમાં નરમ દળના ઉદાર મતવાદી હતા. હિંદી

રાષ્ટ્રીય મહાસભા(કૉંગ્રેસ)માંથી છૂટા થઇ મજૂરોએ પોતાનો નવો 'રાષ્ટ્રીય મજૂર સંઘ' (નૅશનલ લિબરલ ફેડરેશન) સ્થાપ્યો ત્યાં સુધી તેઓ કૉંગ્રેસમાં સક્રિય ભાગ લેતા આવેલા. ઈ. ૧૯૩૦–૩૧–૩૨ની ગોળમેજી પરિષદોમાં પણ તેમણે ભાગ લીધો હતો. અને વચગાળાની રાહત તરીકે સંપૂર્ણ સ્વરાજને બદલે ઇ. ૧૯૩૫નો ગવર્નમેન્ટ ઑાવ ઇન્ડિયા ઍક્ટ ઘડનાર સંયુક્ત ધારાકીય સમિતિ (જૉઈન્ટ પાર્લમેન્ટરી કમિટી)ના પણ તેઓ સભ્ય હતા. ઈ. ૧૯૨૦માં તેમણે 'ઑાલ ઇન્ડિયા ટ્રેડ યુનિયન કૉંગ્રેસ'ની સ્થાપના કરી. પરંતુ વ્હિટલી કમિશનની બાબતમાં જાગેલા ઉગ્ર મતભેદને કારણે તેમણે તેનો ત્યાગ કર્યો, અને 'નૅશનલ ફેડરેશન ઑાવ ટ્રેડ યુનિયન્સ' સ્થાપ્યું.

ઐક્ય માટેની તેમની મહત્ત્વાકાંક્ષા પ્રબળ હતી. તેમની નેતાગીરી નીચે ટ્રેડ યુનિયન ફરી ઈ. ૧૯૩૮માં એકઠું થયું. અને તેના મંત્રીપદે તેઓ ફરી ઈ. ૧૯૩૮થી '૪૭ સુધી રહ્યા. તે પછી, સમાજવાદ-સંચાલિત હિંદ મજદૂર સભામાં તેઓ રસ ધરાવતા આવેલા.

દુર્દમ આશાવાદ, અખંડ જાગરૂકતા અને સંશુદ્ધ સત્ત્વનિષ્ઠાપ્રેર્યા શ્રી નારાયણ મલ્હાર જોષી જેમ જાહેર જીવનમાં તેમ અંગત જીવનમાં પણ તેવા જ સત્યના આગ્રહી ને પાલક હતા. તેમના સ્વભાવમાં અહંકારનું તો નામે ન હતું. તેમનું નિષ્કલંક ઉચ્ચ ચારિત્ર્ય ભાવિ પેઢીના નાગરિકો ને સેવકો માટે કર્તવ્ય ને સેવાના યથાર્થ ઉદ્ભવસ્થાનનું આદર્શ ઉદાહરણ બની રહેશે.

વિનોબાજીનું એક પ્રવચન પ્રેમધર્મ સંક્ષેપકાર · સ્વામી આનંદ

એ તો બધાનો જ અનુભવ છે કે આ સંસારમાં પ્રેમથી ચડિયાતી ને પ્રેમથી વધુ બળવાન બીજી કોઈ ચીજ નથી. હિંદુ ધર્મ કહે છે કે આપણામાં છે તે જ આત્મા ઘટઘટમાં વ્યાપી રહ્યો છે. તેથી જીવમાત્રને પોતાના આત્મા ગણીને ચાલવું ને બધા ઉપર પ્રેમ કરવો. ખ્રિસ્તી ધર્મ કહે છે કે માનવી માત્ર એક પ્રભુપિતાનાં છોરુ છે તેથી આપણે પોતાના પર કરીએ તેટલો જ પ્રેમ આપણા પાડોશી પર કરીએ. આમ બીજી ત્રીજી બાબતોમાં જુદાજુદા ધર્મવાળા વચ્ચે ભલે ફરક હોય, કોઈ નાક ઝાલીને સંધ્યા કરે તો કોઈ ઝૂકીઝૂકીને નમાજ પઢે પણ પ્રેમની આણ માનવામાં ને પ્રેમનો મહિમા કબૂલવામાં કોઈ વચ્ચે ભેદ નથી.

એટલે જુદાજુદા ધર્મોના ભેદને હું વજૂદ નથી દેતો. હું તો માનવીમાત્રનો એક જ ધર્મ સમજું છું અને તે પ્રેમ. ભગવાને બધાને ભૂખ-તરસ આપી છે તેથી માણસમાત્રને ખાવા-પીવાનું મળવું જોઇએ. એટલે કે ભૂખ્યાને રોટી ને તરસ્યાને પાણી દેવું એ દરેક માણસનો ધર્મ થયો. માણસનું શરીર રાંધ્યા ધાન જેવું છે. કોહવાતાં વાર ન લાગે. ક્યારેક ને ક્યારેક દરેક જણ માંદું પડે જ. એટલે જે કોઈ માંદું આપણી સામું આવે તેની સેવા માવજત કરવી એ આપણો ધર્મ થયો. આપણે એક ગામમાં એક જથ્થે રહીએ છીએ. વેળ-વખો પડ્યે એકબીજાની મદદે જઈ ઊભા રહેવું એ આપણો પાડોશી ધર્મ થયો. વળી એકબીજા જોડે કામ પાડવામાં જૂઠ-ઠગાઈ ન કરવાં, એ વાત પણ તેટલી જ દીવા જેવી છે. હિન્દુ, મુસલમાન, ઈસાઈ ગમે તે ધર્મવાળો હોય પણ આ સાદી માણસાઇનો ધર્મ બધાએ માનવો જ રહ્યો.

એક જ સોનામાંથી જુદાજુદા ઘાટ ઘરેણાં બને છે. ગોળ વાળીને હાથકડું કરે છે ને લાંબું ગૂંથીને હાર કંદોરા બનાવે છે. ઘાટ જોઇએ તેટલા જૂજવા બને પણ મૂળમાં સોનું તો એનું એ જ છે. તેમ જુદાજુદા ધર્મ પંથ ફિરકા એ ઘાટઘરેણાં છે, અસલ ચીજ સોનું છે.

એટલે બધા ધર્મોમાં સૌથી મોટો છે પ્રેમધર્મ. એ જેનામાં છે તેની જિંદગી પલટાઈ જાય છે. ઘર-કુટુંબમાં પ્રેમની આણ વરતે છે. ત્યાં શું હોય છે? સમાનતા. કોઇનો હક વધુ, કોઇનો ઘટુ; આઠ આના કમાઈ લાવે તે આઠ આના ખાય, ચાર આના રળે તે ચાર આના ખાઇને બેસી રહે, આનો કમાય તે આનો ખાય એવું નથી થતું, કારણ કે ત્યાં પ્રેમનું રાજ ચાલતું હોય છે. બધાની મળી ૧૩ આના કમાઈ તે સહિયારી-કુટુંબ-આખાની-કમાણી ગણાય છે ને બધાં જાડોપાતળો મળ્યો તેવો રોટલો ભેળાં બેસીને ખાય છે. જેની જેટલી ભૂખ. આવો જ પ્રેમ ગામ આખાને કુટુંબ ગણીને બેસીએ તો સૌની વચ્ચે સ્થપાય. બધાં સહિયારી મહેનત કરે ને સૌ સૌની જરૂરિયાત મુજબ વહેંચીને ખાય. બધાં એકબીજાની કાળજી કરે. આનું જ નામ સમાનતા.

પ્રેમની સગાઈમાં બીજી વાત એ હોય છે કે બધા એકબીજાના દુ:ખમાં ભાગીદાર. કોઇને કશું દુ:ખ પડ્યું તો બધા એની મદદમાં જઇને ઊભા રહે. તારું નસીબ તારી પાસે ને મારું મારી પાસે, એવું નહિ. આજે તો ગામમાં કોઈ જમીન વિનાનો દુ:ખી છે તો આપણે કહીએ છીએ 'એનું નસીબ'. ગામમાં પ્રેમનું રાજ નથી તેથી આમ કહીએ છીએ. ઘરમાં પ્રેમનું રાજ છે એટલે તેવું નથી થતું. પ્રેમમાં માણસ બીજાનું દુ:ખ મટાડવા જાતે અગવડ આપદા વેઠે છે. બાળક માંદું થયું તો મા ઉજાગરા કરે છે, બાપે કેરી આણી તો પહેલો ઘરનાં છોકરાંને આપે છે, પોતે પાછળથી ખાય છે. આમ પોતાના સુખમાં બીજાને ભાગ આપવો ને બીજાના દુ:ખમાં પોતે ભાગ લેવો એ પ્રેમનું લક્ષણ છે.

ત્રીજું એ કે જ્યાં પ્રેમ છે ત્યાં કોઈ કોઇથી ડરતું નથી. કશી વાત છુપાવતું નથી. પ્રેમમાં નિર્ભયતા હોય છે. સૌનાં દિલ ખુલ્લાં હોય છે. ડર સંકોચ નથી હોતાં. ભગવાને માણસની છાતીએ બારી નથી મેલી. મૂકી હોત તો સામાના મનમાં શું ચાલી રહ્યું છે તે બધા જોત. પણ જેનામાં પ્રેમ ભર્યો છે તે પોતાનું દિલ ખોલી દઇને વર્તે છે. માના હૈયામાં શું વલોવાય છે તે છોકરાં સાનમાં સમજી જાય છે. સૌ એકબીજાના મનની વાત જાણી જાય છે, કોઈ કોઈથી ડરતું દબાતું નથી. પોતાના મનની વાત ચોખ્ખી ફૂલ જેવી કરી નાખે છે. આ બધાં પ્રેમનાં લક્ષણ છે.

મેં સાંભળ્યું તમારા ગામમાં બસેં કુટુંબોમાંથી દોઢસો જમીન વગરનાં છે. તમે જ વિચાર કરો આમાં પ્રેમ કઈ રીતે વધે? તમે કહેશો: 'સૌ સૌનું નસીબ.' તો પછી પ્રેમની વાત તમે ન સમજ્યા. નીં'કર એમ ન કહો. આજે છે તેવી જ હાલત જો ગામની રહે તો તો ગામમાં ચોરી, મારપીટ એવું એવું થયા કરવાનું. પ્રેમનું રાજ નહિ ચાલે. ગામ છઠ્ઠા ભાગની જમીન ભૂમિ વિનાનાંને કાઢી આપે તો તરત કામ થાય. ગામમાં જમીન કમ છે તો ભલે કમ રહી. સૌને ભાગે કમ આવશે. ગરીબના ઘરમાં સૂકો રોટલો છે તો સૂકો, ને તાલેવાનના ઘરમાં શીરા-પૂરી છે તો તે, પણ ગામનાં બધાં વહેંચીને જ ખાશે. એટલે ગામમાં ગરીબી છે તો ગરીબી, ને જ્યાં અમીરી છે ત્યાં અમીરી, બધાંએ વહેંચી જ લેવી જોઇએ. ગરીબી અમીરી જે હાલત હોય તે હાલતમાં વહેંચીને જ ખાવું જોઇએ.

કાદવના થર

શશિન દેસાઈ

રેડિયો નાટક
રજૂ થયું : ઑલ ઇંડિયા રેડિયો - અમદાવાદ
૧૭ એપ્રિલ ૧૯૫૫

પાત્રો

કુસુમ
સુરેશ
ભીખાલાલ
નીલી



નીલી…નીલી…એમ મારી સામે શું જોયા કરે છે ?

કુસુમ (પત્ની): તમે સાંભળ્યું ?

સુરેશ : શું ?

કુસુમ : તમે તો સાવ ભાઇસાહેબ, આખો દિવસ ઘરની બહાર રહો છો તો ય તમને દુનિયાની કોઈ વાતની કશી જ ખબર ન પડે.

સુરેશ : પણ છે શું ?

કુસુમ : તે દિવસે રેશનિંગમાં કેટલા સરસ ચોખા આવેલા ! આખી ચાલીના લોક લઈ આવ્યા તો ય તમને તો ખબર ના જ પડી.

સુરેશ : અરે, પણ એ વાતનું અત્યારે શું છે ? જે હોય તે સીધી વાત કર ને.

કુસુમ : તે એ જ તો કહું છું. કાલ ઊઠીને જો આપણું ઘર સળગી ઊઠે તો ય સાંજ સુધી તમને ખબર ન પડે !

સુરેશ : તે તું કાંઈ એમાં હોમાઇ જાય એવી નથી તો.

કુસુમ : હું તે શા દુઃખે હોમાઉં ? એવાં કયાં કાળાં કરમ મેં કર્યાં છે તે મારે હોમાવું પડે ?

સુરેશ : સારું સારું, તું ય પાછી અસલ વાત મૂકીને બાજુ પર ઊતરી ગઈ.

કુસુમ : તે એ જ વાત કરું છું ને ? પેલો મૂઓ ભીખલો છે ને ?

સુરેશ : તેનું શું છે ?

કુસુમ : અરે, એની જ તો મ્હોંકાણ છે.

સુરેશ : પણ છે શું ?

કુસુમ : તમે ના હોત તો એ મૂઓ રવડી રવડીને મરી જાત. આજ સુધી ભીખલો ભીખલો કહેવાતો હતો તે આજે તમારી દયાથી ભીખાલાલ કહેવાય છે.

સુરેશ : તું સીધી વાત તો કર, પણ.

કુસુમ : તે એ જ વાત કરું છું ને ! નખ્ખોદ જાય મૂઆનું. મૂઓ મરતો યે નથી, ને કોઇને જંપીને જીવવા યે દેતો નથી. લોકોની જિંદગી ખરાબ કરવા બેઠો છે તે.

સુરેશ : તારે આમ બરાડા પાડ્યે રાખવા છે કે મૂળ વાત કરવી છે ?

કુસુમ : તે ક્યારની હું એ જ કહું છું ને ?

સુરેશ : ગાળો સિવાય મને તો કાંઈ સંભળાયું નહિ.

કુસુમ : મૂઓ……નખ્ખોદિયો……

સુરેશ : જો પાછી !

કુસુમ : પણ…(ધીમેથી, જાણે બહુ જ ખાનગી હોય તેમ) એણે મૂઆએ તો પેલાં નીલાબહેન છે ને…

સુરેશ : (સૂર પૂરાવતાં) હાં…

કુસુમ : તેની સાથે પ્રેમલગ્ન કર્યાં.

સુરેશ : (આશ્ચર્યથી) હેં ? !…

કુસુમ : મોત આવે એનું…

સુરેશ : (વચ્ચે જ) એ નીલાબહેન કયાં ?

કુસુમ : કેમ ના ઓળખ્યાં ?……તમે ય ભાઈસા'બ સાવ એવા ને એવા જ…

સુરેશ : પેલાં…

કુસુમ : (વચ્ચેથી જ) હા એ જ. સમાજસેવા ને એવું કરે છે ને ? એ…

સુરેશ : હા હા; પણ એ તો ભણેલી, ગણેલી સુંદર, સમજુ અને ચારિત્ર્યવાળી બાઇ છે.

કુસુમ : ત્યારે હું તમને ક્યારની એ જ કહું છું ને ? એ ગુંડો તો એની જિંદગી બરબાદ કરશે. બિચ્ચારી કયા કાળ ચોઘડિયામાં એને મળી હશે તે ફસાઈ ગઈ.

સુરેશ :(વિચારમાં પડી જાયછે) નીલીને તો ગમે તેવો સારો છોકરો મળત. એના જેવીએ આમ કેમ કર્યું હશે ?

કુસુમ : એમાં એ બીચારી શું કરે ? આ ગુંડાએ જ એને ભોળવી હશે. આ શહેરમાં બીજું તો કોઇ ના જાણે, પણ હું જાણું ને એને. એને તો હું તમારી સાથે પરણી ત્યારની ઓળખું છું— નાનપણથી. હા… મૂઓ ગુંડો…

સુરેશ : ચાલો, જે થયું તે સારું થયું.

કુસુમ : શું કપાળ સારું થયું ? બિચારી ફસાઈ ગઇ ને ?

સુરેશ : ના ના, ભીખાલાલે પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી પોતાના જીવનને સારી તરફ વાળી લીધું છે. હવે તો એની સામાજિક પરિસ્થિતિ પણ પ્રમાણમાં સારી છે, મિત્રો પણ સારા છે.

કુસુમ : અરે જાઓ, જાઓ; એ તો બધું ય તરકટ. (તિરસ્કારથી) કાગડો મોરનાં પીછાં પહેરે એટલે મોર થઈ જતો હશે ! તમે ય શું ?

સુરેશ : હશે ! આપણે શું ? નીલી જેવી સમજુ બાઇએ જે કાંઈ કર્યું હશે તે પૂરો વિચાર કરીને જ કર્યું હશે ને ?

કુસુમ : મને ય એમ જ થાય છે કે બીજાનાં વણસેલાં જીવનને સુધારી આપનારી આ બીચારી પોતાના જીવનમાં જ થાપ ખાઈ ગઇ ? અરે રામ રામ, જીવતર એળે ગયું બિચ્ચારીનું !

સુરેશ : ઈશ્વરે કર્યું હશે તે સારા માટે. ભગવાન એને સુખી કરે.

કુસુમ : (તિરસ્કારથી) હું તો કહું છું કે નખ્ખોદ જજો, એ મૂઆનું…

સુરેશ : સારું સારું. જા તું થાળી પીરસ, હું જમવા આવું છું. (કુસુમ ઊભી થઈ રસોડામાં જાય છે)

* * * [થોડી ક્ષણો પછી]

સુરેશ : આ ભીખાલાલને અમે પહેલાં ભીખલો જ કહેતા. અમે એટલે હું અને મારાં શ્રીમતીજી, બેય; કારણ કે અમે એને વર્ષોથી ઓળખીએ છીએ. ભીખલામાંથી એ ભીખાલાલ થયો એનું માન મને જ ઘટે છે એમ મારાં શ્રીમતીજીનું ચોક્કસ માનવું છે. ભીખાલાલ મૂળ મારા ગામનો જ. માબાપ વગરનો છોકરો. માથે કોઇ નહિ, એટલે આડાંતાડાં કામ કરી એને ભણવું પડેલું. મૅટ્રિક થયા પછી એના જીવનમાં કોણ જાણે એવો વળાંક આવ્યો કે એ એની જાતને ન સંભાળી શક્યો. કુછંદે ચડી ગયો. ગામલોક એને બદમાશ કહેતા થઈ ગયા. એકાએક એક રાત્રે ગામનો એ ગુંડો એ સ્થળ છોડી ચાલ્યો ગયો. દિવસો—મહિનાઓ—

વર્ષો વીતી ગયાં. ગામડાની એ નાનકડી દુનિયા એને ભૂલી ગઈ. પરંતુ આજથી છએક વર્ષ ઉપર જ્યારે આ શહેરમાં સરકારી અમલદાર તરીકે હું નવોસવો આવેલો ત્યારે એક સાંજે ઑફિસેથી ફરતોફરતો ઘેર આવતો હતો ત્યાં રસ્તામાં મને કોઇએ બૂમ મારી...

* * * [રાહદારીનો રસ્તો, માણસોનો ઘોંઘાટ, મોટરઘોડાગાડી વગેરેની અવરજવર, એની વચ્ચેથી દૂરથી બૂમનો અવાજ આવે છે: સુ...રે...શ...ભા...ઈ]

ભીખાલાલ: એ...સુરેશભાઈ! (પાસે આવતાં) એ...સુરેશભાઈ!

સુરેશ: (આજુબાજુ જોતાં) કોણ?... ઓહ...કોણ...ભીખલો જ કે? હેં?

ભીખાલાલ: (નમ્રતાથી) હા...કેમ છો સુરેશભાઈ! મઝામાં?

સુરેશ: હા મઝામાં. પણ તું અહીં ક્યાંથી? શું કરે છે અહીં? ઓહોહો, કેટલાં વર્ષે મળ્યો!

ભીખાલાલ: (વાત ટાળતાં, એ જ નરમાશથી) ભાભી મઝામાં?

સુરેશ: હા હા, તારી ભાભી પણ મઝામાં, અને તારે એક ભત્રીજો છે એ પણ મઝામાં. પણ તું તારી વાત કરને? શું કરે છે હમણાં?

ભીખાલાલ: (ફિક્કું હસતાં) કાંઈ નહિ...

સુરેશ: કેમ આમ નંખાએલો લાગે છે?

ભીખાલાલ: (ફરી એકવાર ફિક્કું હસે છે)

સુરેશ: ચાલ ચાલ, સામે બગીચામાં બેસી નિરાંતે વાતો કરીએ.

ભીખાલાલ: ચાલો.

* * *

સુરેશ: બગીચામાં વાતો ઠંડો ધીમો પવન ભીખાલાલની છેલ્લાં નવ વર્ષની કહાણી સાંભળી થંભી ગયો હતો. એના પશ્ચાત્તાપનાં આંસુની ગરમીથી સારા યે બગીચાની હવા જાણે ગરમ થઈ ગઈ હતી. નવનવ વર્ષ સુધી જે જીવન એણે વિતાવ્યું હતું તેનાથી એ ત્રાસી ઊઠયો હતો. એને એ જીવનની બહાર નીકળવું હતું, સભ્ય જીવન જીવવું હતું, પરણવું હતું, નોકરી કરવી હતી; પણ નોકરી મળતી ન હતી, જીવન છૂટતું ન હતું. તે મારી આગળ ગળગળો થઈ ગયો.

ભીખાલાલ: (રડતો હોય તેમ) સુરેશભાઈ, આ જીવનથી હું ત્રાસી ગયો છું. છેલ્લાં નવ વર્ષમાં મેં મિત્રોને, દુનિયાને, જીવનને ઓળખી લીધું છે. હવે મારે...મારે...

સુરેશ: ગભરાય છે શું કરવા? નોકરી હું અપાવીશ તને. આમ હિંમત કેમ હારી બેસે છે?

ભીખાલાલ: તો તો તમારો ઉપકાર હું જીવનભર નહી ભૂલું, સુરેશભાઈ!

* * *

સુરેશ: મારામાં રહેલા માનવીએ કે મિત્રપ્રેમે મને એને નોકરી અપાવવા પ્રેર્યો. ફીંદાઈ જતું એનું જીવન કરી એક વાર ધીમા છતાં સીધી ગતિએ દોડવા લાગ્યું. ત્યાર પછીનાં છેલ્લાં છ વર્ષોમાં એણે એના જીવનને સુખ, સંતોષ ને ઉત્સાહથી ભરી દીધું હતું......ત્યાં વળી શ્રીમતીએ આ નવો ફણગો ફોડી મને ઘડીભર આશ્ચર્યમાં મૂકી દીધો! પણ એનું પલટાએલું જીવન જોતાં મેં આશ્વાસન લીધું કે હશે, ચાલો, જે થયું તે સારું થયું.

* * *

સુરેશ: ઓ...હો...હો! ભીખાલાલ! અત્યારે રાત્રે દસ વાગ્યે ક્યાંથી, એકાએક?

ભીખાલાલ: કાંઈ નહિ; મને થયું, ચાલ સુરેશભાઈને મળી આવું.

સુરેશ: ઘણા દિવસે નવરો પડ્યો સુરેશભાઈને મળવા?

ભીખાલાલ: (ફિક્કું હસતાં) ભાભી નથી?

સુરેશ: છે ને? જરા નરમ છે, એટલે બાજુના રૂમમાં સૂઈ ગઈ છે. બેસને, તું તો ખરો ભાઈ, નીલી સાથે લગ્ન કર્યાં ને અમને આમંત્રણ પણ નહિ?

ભીખાલાલ: શું કરું સુરેશભાઈ? એકાએક.

સુરેશ: હા હા, એ તો ખરું; પણ ત્યાર પછી યે આઠઆઠ મહિના વીતી ગયા છતાં મળવા પણ ન આવ્યો ને?

ભીખાલાલ: કામકાજમાં રહી ગયું.

સુરેશ: હશે, ચાલો કાંઇ નહિ. કેમ ચાલે છે ઘરસંસાર?

ભીખાલાલ: (ઢીલો પડી) મ...ઝા...માં.

સુરેશ: કેમ આમ ઢીલો થઈ ગયો? નોકરી કેમ ચાલે છે?

ભીખાલાલ: (નિઃશ્વાસ નાખી) છૂટી ગઈ.

સુરેશ: હેં?!

ભીખાલાલ: હા, નોકરી છૂટી ગઇ. પણ વાંક મારો જ હતો.

સુરેશ: નીલી સાથે બને છે તો ખરું ને?

ભીખાલાલ: (દીર્ઘ નિઃશ્વાસ નાખી) એને તો મારા ઉપર અપાર સ્નેહ છે. (કૃતજ્ઞતાથી સુરેશ સામે જોઇ) તમે અને નીલી જો મારા જીવનમાં ન આવ્યાં હોત સુરેશભાઈ, તો આ જીવન ક્યારનું પાશવતાની ઊંડી અંધારી ખાઈમાં ધકેલાઈ ગયું હોત.

સુરેશ: પણ છે શું?

ભીખાલાલ: એના એ પ્રગાઢ સ્નેહને હું લાયક નથી, સુરેશભાઈ.

સુરેશ: એવું નાનું દિલ શું કરવા કરે છે?

ભીખાલાલ: ખરું કહું છું. લગ્ન પહેલાં, અને પછી પણ, મેં એનો દુરુપયોગ જ કર્યો છે.

સુરેશ: (કાંઈ ન સમજતાં) કેમ...?

ભીખાલાલ: એક વર્ષ ઉપર અમે એકબીજાના સંપર્કમાં આવ્યાં, અને ચાર મહિનાના ટૂંકા ગાળામાં અમે લગ્ન કરી લીધાં.

સુરેશ: એ તો મને ખબર છે.

ભીખાલાલ: એ ચાર મહિના દરમિયાન મને વારંવાર થતું કે હું એને મારો ભૂતકાળ—મારું પૂરું જીવન જણાવી દઉં.

સુરેશ: તો શું, તેં એને અગાઉથી એ વિષે કશી જ વાત નહોતી કરી?

ભીખાલાલ: (દુઃખનો ઘૂંટડો ગળતો હોય તેમ) ના; વારંવાર મને એ કહેવાની ઇચ્છા થતી, અનેકવાર મેં એ કહેવાનો નિશ્ચય પણ કરેલો, પણ જ્યારે એ મારી સામે આવીને ઊભી રહેતી ત્યારે મારી જીભ જ જાણે સિવાઈ જતી. મને થતું કે આવેલી આ સુંદર ઘડી મારા જીવનને નિરાશાથી ભરીને ચાલી જશે તો? અને એ વિચારે હું કંપી ઊઠતો.

સુરેશ: એ તેં ખોટું કર્યું, ભીખાલાલ...

ભીખાલાલ: ના સુરેશભાઇ, મારામાં રહેલા માનવીએ એ ન કરવા દીધું. પણ અંતે લગ્નની પહેલી જ રાત્રિએ........

* * *

નીલી: (અત્યંત મીઠાશથી) આજે જીવનની એક મહામૂલ્ય પળે તમે નિરાશ કેમ જણાઓ છો?

ભીખાલાલ: (ગૂંચવાતાં) કાંઈ જ નહિ...

નીલી: ના, જરૂર કાંઈક છે.

ભીખાલાલ: હા...છે તો ખરું.

નીલી: શું છે?

ભીખાલાલ: નીલી, મારે તને એક વાત કહેવી છે. (એકાદ ક્ષણની શાંતિ પછી) જોકે મારે તને પહેલાં જ કહી દેવી જોઈતી હતી... પણ કદી નહોતો કહી શક્યો.

નીલી: (આશ્ચર્યથી) એવી તે કઈ વાત છે?

ભીખાલાલ: (અચકાતાં) મારે તને......

નીલી: શું?

ભીખાલાલ: તને મારો ભૂતકાળ કહેવો છે.

નીલી: મારે નથી સાંભળવો.

ભીખાલાલ: (ધીરેથી) પણ તારે એ જાણવો જોઈએ, નીલી.

નીલી: ના ના, મારે નથી સાંભળવો...

ભીખાલાલ: (દબાણપૂર્વક) ના નીલી, તારે સાંભળવો જ પડશે. સાંભળીને કદાચ તને મારા તરફ તિરસ્કાર પણ થશે.

નીલી: (મક્કમતાથી) કદાપિ નહિ. આમ બોલીને તમે મારું અપમાન કરો છો. પૂરતો વિચાર કરીને જ મેં તમને સ્વીકાર્યા છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૭૫)

યોગ

સુખી સુંદર અને લાંબું જીવન જીવવાની કળા
પોતાની જાત ઉપર કાબૂ મેળવવાનો કીમિયો



આજના જમાનામાં જ્યાં પૈસો મુખ્ય વસ્તુ બની છે અને દવા-ઇંજેકશન વિના ચાલતું નથી ત્યાં આપણે પોતે જ એ સૌથી પર થવા પોતાની જાતને શિક્ષણ આપવાની જરૂર છે.

યોગ વિષે સામાન્ય રીતે જનતામાં ઘણી જ ગેરસમજૂત જણાય છે, તેથી સામાન્ય માણસને પણ સમજણ પડે એ ઉદ્દેશથી આ ટૂંકો લેખ લખાએલો છે. યોગનો વિષય આમ તો ઊંડો અને ખાસ અભ્યાસીઓ માટે જ છે, પરંતુ તે વિષે સાધારણ ખયાલ (ખાસ કરીને ભારતવાસીઓને તો) હોવો જ જોઇએ એમ સમજીને, આ લેખ જનતા આગળ મૂક્યો છે. લેખક જાતે, પોતાની ત્રુટીઓ સમજે છે અને આવા ગૂઢ વિષય ઉપર સચોટ, સુંદર અને અભ્યાસપૂર્ણ લેખ કોઇ પણ સજ્જન લખશે એમ પણ ઇચ્છે છે; છતાં યોગને જાણવાને માટે આ એક પ્રાથમિક પ્રયાસ થાય છે, અને બીજા લેખમાં શારીરિક માનસિક તથા આધ્યાત્મિક ઉન્નતિને માટે આખા યોગશાસ્ત્રના અને બીજા થોડા સામાન્ય નિયમોમાંથી તારવીને, કેટલાંક ઘેર કરી શકાય તેવાં સૂચનો તથા કસરતો મૂકવામાં આવશે. આશા છે કે દરેક જણ તે વાંચીને તેમાંથી બને તેટલું પ્રામાણિકપણે નિયમિત રીતે કરશે. ઓછામાં ઓછો એક મહિનો નિયમિતપણે કર્યા બાદ, વાચકો પોતાને તેથી થએલા ફાયદા ટૂંકામાં લખી મોકલશે તો તે ઉપરથી આપણે તારવણી કરી શકીશું કે આપણે કેટલે અંશે તેમાં સફળ થયા છીએ. ગેરફાયદાઓને આમાં સ્થાન જ નથી. જાણીને આશ્ચર્ય થશે કે યોગશાસ્ત્રની ઉત્પત્તિ આપણા દેશમાંથી થઇ હોવા છતાં પરદેશીઓએ તે બાબતમાં વધુ ઊંડા ઊતરવા પ્રયત્નો કર્યા છે, તેના પર અનુભવજન્ય પુસ્તકો લખ્યાં છે અને યોગની જ ત્યાં કેટલી યે શાળાઓ ચાલે છે.

લેખક
સાધુરામ દવે

યોગ એ સુખી જીવન જીવવાનું વિજ્ઞાન છે, જીવનને મધુર બનાવવાની કળા છે. જે મનુષ્ય પોતાની જાતને સમજીને, પોતાના આત્માને જાણવા પ્રયત્ન કરીને, ગમે તે પરિસ્થિતિમાં પણ સુખી જીવન વિતાવી શકે તે 'યોગી' કહેવાય. પૈસાદાર યા ગરીબ, દુ:ખી કે સુખી, નબળો યા જોરાવર, સર્વે તે કળા સમજીને સુંદર જીવન ગુજારી શકે. તે માટે ચોક્કસ કાર્યપદ્ધતિ પણ બતાવી છે. 'માત્ર આમ થવું જોઇએ' તેવા નિયમોને બદલે, 'આમ કરવાથી આમ થઇ શકે જ' એવું ચોક્કસ માર્ગદર્શન યોગમાં છે. યોગ એ મુખ્ય રીતે 'કાર્ય' જ માગી લે છે.

યોગનો અર્થ થાય છે 'જોડાણ'; પરંતુ જોડાણ શાનું? શરીર અને ઇંદ્રિયોને એમાં આત્મા સાથે જોડવાની છે. તે માટે અજ્ઞાનનો નાશ કરવાનો છે, અને આપણે પોતે જ પોતાની જાતને શિક્ષણ આપવાની જરૂર છે. તેમાં આપણે શરીર અને લાગણીઓ ઉપર કાબૂ મેળવી, ઊંચે ચડવાનું છે અને તેનો સચોટ રસ્તો યોગમાં બતાવેલો છે. આજના જમાનામાં જ્યાં પૈસો મુખ્ય વસ્તુ બની છે, અને દવા-ઇંજેકશનો વિના ચાલતું નથી ત્યાં આવી વાતો સમજવી મુશ્કેલ છે; પરંતુ હવે પછી અપાનારી ક્રિયાઓ જે કોઇ નિયમિતપણે એક માસ પણ કરશે તેને તેના સચોટપણા વિશે શંકા રહેશે નહિ.

ભારતવર્ષમાં સૌ પહેલાં વેદ રચાયા. તે પછી ઉપનિષદો આવ્યાં. ૨૦૦ થી વધુ ઉપનિષદોમાંથી આશરે ૧૨ જ અગત્યનાં છે. તેમાંથી ૬ તો ફિલસૂફીની જુદી જુદી પદ્ધતિઓ બતાવે છે. તેમાંની એક તે 'યોગ'. 'આત્માને ઓળખો અને તેને પ્રાપ્ત કરો' એ તેનું ધ્યેય છે. તેમાં બતાવે છે કે આત્મા અને પ્રકૃતિ બેમાંથી આત્મા લંગડો અને પ્રકૃતિ આંધળી છે; એટલે એ બંનેના સાથની જરૂર છે; મુસાફરી એ બંનેએ સાથે જ કરવાની છે. મુસાફરીને અંતે આત્મા છૂટો પડે છે અને પ્રકૃતિનું કાર્ય પણ બંધ થઇ જાય છે.



યોગમાં મુખ્ય ભાર કાર્ય ઉપર છે. યોગ 'ધર્મ' કરતાં 'ફિલસૂફી' યા માનસશાસ્ત્ર કહી શકાય. દુનિયાનાં દુ:ખોમાંથી આત્માને છૂટો થવા યોગે ચોક્કસ માર્ગ ને શિસ્ત બતાવ્યાં છે. જે ઋષિ-મુનિઓએ આ અનુભવ્યું તેમણે એ અનુભવ ઉપરથી યોગને આત્મિક ઉન્નતિનો મુખ્ય માર્ગ ગણ્યો છે. તેમણે પ્રાપ્ત કરેલી અનાસક્તિ ખૂબ જ પ્રશંસનીય છે અને જેઓ યોગની ક્રિયાઓ નથી કરી શક્યા તે પણ યોગીઓની વિવિધ પ્રકારની શક્તિઓથી આશ્ચર્યમુગ્ધ તો થયા છે જ. યોગ એ કેવળ theory (શાસ્ત્ર) નથી, પરંતુ સાથે ચોક્કસ કસરતો યા ક્રિયાઓનો અમલી માર્ગ છે. એના જેવું સચોટ માર્ગદર્શન બીજા કોઇ હજુ સુધી બતાવી શક્યા નથી. એમાં 'આમ જ કરો' એમ ચોક્કસ માર્ગ દર્શાવ્યો છે. અને એમ કરવાથી તમે રોગમુક્ત અને લાંબું જીવન જીવીને તથા આનંદ અને સંતોષ પ્રાપ્ત કરીને જન્મ-મરણના ફેરામાંથી છૂટશો જ એવી બાંહેધરી આપવામાં આવી છે. મહર્ષિ પતંજલિએ એ બધા નિયમો યા વિચારસરણીને જેમ બને તેમ ટૂંકમાં સૂત્ર રૂપે રજૂ કરી છે અને અત્યારે પણ એમનાં 'યોગસૂત્રો' એ જ યોગનું શાસ્ત્ર ગણાયું છે. તે વખતે ભારતવર્ષમાં દરેકને યોગ વિષે સારો એવો ખયાલ તો હતો જ; એટલે જ પતંજલિ મુનિએ જનસામાન્ય માટે જ જાણે કે લખ્યું હોય તેમ ખૂબ જ ટૂંકી રીતે તેની આખી રજૂઆત કરી છે.

હિંદુઓએ આ પવિત્ર શાસ્ત્રને એટલું સુંદર વિકસાવ્યું છે કે ફિલસૂફી અને ધાર્મિક શબ્દોની રચના જેટલી આપણી સંસ્કૃત ભાષામાં છે તેટલી ગ્રીક, લાટિન ને જર્મન ભાષાઓ ભેગી કરીએ તો પણ તેમાં નથી. તત્ત્વજ્ઞાનથી સંપૂર્ણ ભરપૂર માણસો ઓછા મળે, પરંતુ દરેક મનુષ્ય તે વિષયમાં કંઈક સિદ્ધિ તો પ્રાપ્ત કરી જ શકે અને મનને વશ કરીને પૂરો જ્ઞાની બની શકે તે યોગે બતાવ્યું છે. 'સાંખ્ય જેવું જ્ઞાન નથી અને યોગ જેવી શક્તિ નથી' તે કથન સાવ સાચું છે. ઇંદ્રિયો એ બારણાં છે અને મન એ દ્વારપાળ છે, માટે એ દ્વારપાળને જ ઠીક કેમ રાખવો તે આ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યું છે.




ઇન્દ્રિયો એ બારણાં છે
ને મન એ દ્વારપાળ છે

જિંદગી એ એક અકસ્માત છે અને ઇંદ્રિયોની ભૂખ ભાંખવાને જ તે મળેલી છે એમ જો આપણે માનીએ તો બીજા ઉચ્ચ આદર્શો માટે પ્રયત્ન કરવો એ વ્યર્થ મથામણ જ ગણાય; પરંતુ આત્મિક ઉન્નતિ માટે જ જિંદગી તો મળી છે એમ ગણીને આપણે તે દિશામાં ચોક્કસ પ્રગતિ કરવા માટે પ્રયત્ન કરવો રહ્યો. ઇંદ્રિયોના એવા ખોટા આનંદોને યોગે આપણા દુ:ખનું મૂળ કહ્યું છે. માણસ જ્યારે એનાથી કંટાળે છે ત્યારે તેને માટે યોગ જેવો ચોક્કસ રસ્તો ભાગ્યે જ કોઈ બાકી રહ્યો હોય છે. આમ પૂરું સમજવા છતાં યે, કેટલા ય લોકો જિંદગીના પ્રવાહની દયા ઉપર જ જીવે છે. યોગનો માર્ગ એ પ્રવાહની સામે તરવા જેવો અઘરો છે, છતાં સાચા દિલથી તેમાં પડ્યા પછી એટલો આનંદ ને સંતોષ અનુભવાય છે કે તેની કલ્પના સામાન્ય માણસને આવવી મુશ્કેલ છે.

આ શી રીતે બને? મનને શી રીતે જિતાય તેનાં ચોક્કસ પગથિયાં યોગમાં બતાવ્યાં છે. તેમાં પ્રથમ સદાચારથી તૈયારી કરી, છેવટે સમાધિ સુધીની સૂચનાઓ આપી છે. તે પગથિયાં આ મુજબ છે :

૧. યમ	૫. પ્રત્યાહાર (ઇંદ્રિયદમન)
૨. નિયમ	૬. ધારણા (meditation)
૩. આસન	૭. ધ્યાન (contemplation)
૪. પ્રાણાયામ	૮. સમાધિ (isolation)

મન અને શરીર એ બંને તદ્દન જુદી વસ્તુ નથી. તે બંને આપણે સાથે જ લેવાનાં છે. તે બંને જીવનનાં અવિભાજ્ય અંગ છે. અત્યારે આપણે શરીર દાક્તરને સોંપ્યું છે, મન માનસિક ચિકિત્સકને, અને આત્મા કોઇ ગુરુને! પરંતુ એ ત્રણેયને એક અવિભાજ્ય અંગ તરીકે જ ગણવાનાં છે. એકમાં કંઈક બગાડ થયો કે બીજામાં તે દેખાવાનો જ. અવિદ્યાનો નાશ કરવાનો છે, જૂની ટેવોને ભાગવાની છે. જિંદગીના ખોટા આનંદો તો 'નાગની ફેણની છાયામાં વિસામો લેવા જેવી વાત'



છે એમ ગણવાનું છે. મનુષ્ય દેહરૂપી સોનાના પિંજરમાં પુરાએલા પક્ષીએ તેમાંથી મુક્ત થવાનો માર્ગ શોધવાનો છે. તે માટે ખાસ અનાસક્તિ કેળવવાની છે, દ્વંદ્વોથી પર થવાનું છે. કોઇ પણ વસ્તુમાં ઓતપ્રોત થવાનું નથી પરંતુ તે બધાથી પર જવાનું છે. એ માટે ભય તો કોઇ ચીજનો રાખવાનો જ નથી. મરણનો ભય પણ ત્યજવાનો છે અને સંપૂર્ણ અભય બનવાનું છે. ટૂંકમાં ભયનું નામનિશાન ન રહેવું જોઇએ. આપણે જિંદગી જીવતાંજીવતાં પણ એક તટસ્થ પ્રેક્ષક જ રહેવાનું છે અને એ કળા જાણવા આ યોગનો આશ્રય લેવાનો છે. સાચો આનંદ પ્રાપ્ત કરવા જિંદગીને વળગી રહેવાનું નથી, પરંતુ સદ્‌વિચાર સત્કાર્ય અને પરોપકારમાં જિંદગીને જાણે ગુમાવી દેવાની છે અને એ જ રીતે જિંદગીને જાણે શોધવાની છે—એટલે કે જિંદગી જીવી જાણવાની છે. મનની આવી દૃઢતા અને શાંતિ પ્રાપ્ત કરવા ઉપર્યુક્ત પગથિયાંનો આશરો લેવાનો છે. તે દરેકને હવે આપણે ટૂંકમાં જોઇએ:

યમ : 'તું આમ ના કરીશ'નું જાણે આમાં વર્ણન છે. તું હિંસા ના કરીશ, જૂઠું ના બોલીશ, ચોરી ના કરીશ, સંગ્રહ કરવાની વૃત્તિ ના રાખીશ વગેરે. કોઈ પણ સંજોગોમાં કોઇની ઉપર વેરવૃત્તિ નહિ રાખવાનું પણ આમાં આવી જાય છે. આમ કરવાથી સુખ અને દુ:ખમાં મનનું સમતોલપણું જળવાઇ રહે છે. યોગની ક્રિયા આપવાનું આ પ્રથમ પગથિયું થયું. દરેક પ્રકારના દુર્ગુણોનો ત્યાગ આમાં આવી જાય છે. માંસાહાર દારૂ તેમજ બીજાં વ્યસનોનો પણ નિષેધ છે.

નિયમ : દુર્ગુણો ગયા એટલે સદ્‌ગુણોની શરૂઆત થઇ જ સમજવી. આમાં એ બધા સદ્‌ગુણો કેળવવાની વાત છે. ચોખ્ખાઈ અને શિસ્તને મુખ્ય ગણ્યાં છે. ચોખ્ખાઈ ને શિસ્ત (શરીર તથા મન બંનેની) ની વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે. જોઇતો જ સાત્ત્વિક ખોરાક લેવો, જોઈતાં જ શુદ્ધ વસ્ત્રો પહેરવાં. બ્રહ્મચર્યની વાત પણ આમાં આવી જ જાય છે. અત્યારના જમાનામાં સંસારી માણસોને સંપૂર્ણ બ્રહ્મચર્યની જરૂર ભલે ન લાગે, પરંતુ યોગ્ય સંયમ તો મનુષ્યે રાખવાનો આદેશ સમજવો. આ 'નિયમો'માં ખોટા ડોળ અને શરીરપીડનને બિલકુલ સ્થાન નથી. શરીરને વીજળીના કાટકા જેવું ચપળ, નમણું અને શક્તિશાળી બનાવવાનું એમાં ધ્યેય છે.

મનની શિસ્ત, તે સદ્‌વાચન અને સંત સમાગમ. સદ્‌વાચનથી 'હું'ની જવાબદારીનો, અહંકારનો નાશ કરવો અને માત્ર ઉચ્ચ તત્ત્વની સાક્ષીએ પોતાને માટે નિર્માણ થએલી કાર્યલોલુપતા વિના બજાવવાનો એમાં આદેશ છે. તે સાથે વૈરાગ્યની ભાવના કેળવવાની છે.

આસન : શરીરને સ્વચ્છ, પુષ્ટ અને લાંબા સમય સુધી તંદુરસ્ત રાખવાને માટે આસનો યોજ્યાં છે. બની શકે તેટલી ખુલ્લી જગ્યામાં, **શાંતિથી ધીરજથી અને એકાગ્ર ચિત્તે** તે કરવાનાં છે. રોજની ૧૫ મિનિટ—અરે ૫ મિનિટ પણ નિયમિતપણે જો એને અપાય તો યે તે સુંદર પરિણામ આપે છે. કોઈ પણ સંજોગોમાં શરૂઆતમાં પાંચ મિનિટથી વધુ જરૂર નથી. ધીરે ધીરે વધારીને ૩૦ મિનિટથી વધુ જરૂરિયાત, સામાન્ય રીતે જણાઈ પણ નથી. આસનો અનેક પ્રકારનાં છે. ઋષિમુનિઓના સંપૂર્ણ અનુભવ અને પ્રયોગો પછી જ તે બધાં નક્કી કરાએલાં છે. અને એ પણ ચોક્કસ છે કે એ આસનો કરવાથી માણસોનાં શરીર સપ્રમાણ, પુષ્ટ, નીરોગી અને દીર્ઘાયુ થાય છે. આસનોથી મન ઉપર પણ સુંદર અસર થાય છે. અમુક ગ્રંથિઓ ને મજ્જાતંતુઓ ઉપર તો તેનો અસાધારણ ફાયદો હોવાથી મન સદા એથી પ્રફુલ્લિત ને આનંદમગ્ન રહે છે. એ ઘણાં આસનોમાંથી મુખ્ય શીર્ષાસન, સર્વાંગાસન, પદ્માસન, ધનુરાસન, મત્સ્યાસન, ભુજંગાસન, પશ્ચિમોત્તાનાસન, શવાસન વગેરે ઉપયોગી છે. સશક્ત, ચપળ, સપ્રમાણ અને તેજવાળું શરીર એ ઘણે અંશે આસનોને આભારી છે.

પ્રાણાયામ : શરીરને ટકાવી રાખવાની મુખ્ય વસ્તુ પ્રાણ છે. પ્રાણ ગયો એટલે આયુષ્ય પૂરું થયું. સામાન્ય શબ્દોમાં આપણે કહીએ છીએ કે હવા વિના માણસ ટકી જ ના શકે. આ હવા તે ખાલી ઑક્સિજન નથી. જે તત્ત્વોને આપણે હવાને નામે ઓળખીએ છીએ તેમાં એક વિશિષ્ટ પ્રકારનું તત્ત્વ છે જેને આપણે પ્રાણવાયુ કહીશું. તે ઑક્સિજન+કંઈક એમ કહી શકાશ. શરીરને ટકાવનારી એ મુખ્ય શક્તિ હમેશાં હવામાં વિચરતી હોય છે.

પ્રાણાયામ એટલે પ્રાણ+અયમ. અયમ એટલે અટકાવ. પ્રાણનું અટકવું, થોભવું તે. યોગ્ય રીતે દરેક શ્વાસોચ્છ્‌વાસ વચ્ચે પ્રાણનું અટકવું તે. અટકવું શબ્દ એ અંગ્રેજી intervalના અર્થમાં અહીં સમજવો. આ પ્રાણ એ શરીર અને મન વચ્ચેની સાંકળ છે. જ્યારે માણસ યોગ્ય રીતે આ પ્રાણને કાબૂમાં આણી શકે-પ્રાણાયામ કરી શકે, ત્યારે એ માણસ ખરે જ બદલાવા માંડે છે. તેનાથી એ એવી શક્તિ પ્રાપ્ત કરી શકે છે કે દુનિયાદારીના સામાન્ય પ્રશ્નો એને સતાવી શકતા નથી. મન ઉપર સંપૂર્ણ કાબૂ તે મેળવી શકે છે. જાણે બહારની દુનિયા તે ભૂલી જ ગયો છે એવો શાંત બને. તટસ્થ રહીને હમેશાં નિજાનંદમાં મગ્ન રહી શકે છે. તેની બેફિકરાઈ એ દારૂડિયા કે ગાંડાની બેફિકરાઈ નથી; પરંતુ સર્વ વસ્તુ જાણતો હોવા છતાં તે પોતે કોઈ વસ્તુથી બંધાતો નથી; ટૂંકમાં તે જળકમળવત્ રહી શકે છે.

પ્રાણાયામમાં 'પૂરક' (પ્રાણ શરીરમાં ભરવો તે), 'કુંભક' (પ્રાણને અંદર ટકાવી રાખવો તે) અને 'રેચક' (પ્રાણને બહાર કાઢવો તે) એવી ત્રણત્રણ મુખ્ય ક્રિયાઓ છે. તેનાં જુદાંજુદાં પ્રમાણ છે. દાખલા તરીકે ૧ : ૪ : ૨નું અને ૧ : ૨ : ૨નું. એટલેકે જો તમે ૫ સેકંડ સુધી પ્રાણ અંદર ભરતા રહો, તો પહેલા પ્રમાણ મુજબ ૨૦ સેકંડ તે ટકાવી રાખવો ને ૧૦ સેકંડમાં તેને બહાર ધકેલી દેવો. પ્રાણાયામમાં મુખ્ય વસ્તુ એ છે કે તે હમેશાં કોઈ પણ સાચા જાણકાર યા ગુરુ પાસે રહીને જ શરૂ કરી ત્યાં જ પૂરો શીખવો. કોઈ પણ ભાઈ યા બહેન જાતે તેના પ્રયોગો કરે તો તેમાં ફાયદા કરતાં નુકસાન જ થવાનો સંભવ છે તે દરેક જણ યાદ રાખે. પ્રાણાયામ હમેશાં ખૂબ જ ધીમેથી કરવા.

પ્રાણાયામ આઠ જાતના છે: ઉજ્જયી, સૂર્યભેદન, સીતલી વગેરે. દરેકમાં પૂરક, કુંભક અને રેચકનાં પ્રમાણ બદલાય છે. કોઈ પણ મનુષ્ય આગળ દર્શાવેલાં પગથિયાં ચડતો ચડતો, પ્રાણાયામમાં પણ વિશારદ બને તો અમુક વખતે તેની કુંડલિની શક્તિ પણ જાગૃત થાય છે. તેને લીધે અનેક પ્રકારની શક્તિઓ તે પ્રાપ્ત કરે છે—દાખલા તરીકે સામાનું મન વાંચી શકવાની શક્તિ, દૂર રહ્યાં કોઇ પણ વ્યક્તિને પ્રત્યક્ષ જોઈ શકવાની શક્તિ વગેરે. આવી જાતની સિદ્ધિઓ તે પ્રાપ્ત કરી શકે છે. વધુમાં અજ્ઞાનનું વાતાવરણ તદ્દન ઢંકાઈ જઈ તેની આગળ તેજનો જાણે પ્રવાહ ખડો થઈ જાય છે.

આસન કરનારે, આસન કર્યા બાદ જ છેવટે પ્રાયાણામ કરવા.


પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ :

આ ચારે ય ક્રિયાઓને સાથે વિચારવાથી કામ સરળ બનશે. તે ચારે ય એક જ પૂરી ક્રિયાનાં જુદાં અંગો છે એમ પણ કહી શકાય.

પ્રત્યાહારમાં ઇંદ્રિયો ઉપર વિજય મેળવવાનો છે. ટાઢ, તડકો, ભૂખ, તરસ વગેરે સહન કરવાની શક્તિ કેળવવાની છે. ઇંદ્રિયોને કષ્ટ આપવાનું કોઈ સ્થળે બતાવ્યું નથી, પણ ઇંદ્રિયો પર કાબૂ તો અવશ્ય મેળવવાનો છે. ઇંદ્રિયોના આપણે દાસ બનવાનું નથી પરંતુ તેની ઉપર જાણે આપણે જ સવારી કરવાની છે, અને એક કુશળ ઘોડેસવાર માફક આપણે તેમને આપણી મરજી મુજબના રસ્તે દોરવાની છે. મન ઉપર વિજય મેળવવાનો છે અને મનનું ભટકેલપણું દાબવાનું છે. અભ્યાસ અને સંકલ્પબળથી આ કાર્ય ચોક્કસ પાર પડે છે.

ધારણામાં મનને એક જ લક્ષ ઉપર કેન્દ્રિત કરવાનું છે. જેટલા વિચાર મનમાં આવે ને જાય તે આવવા અને જવા દેવા અને તે સર્વેને આપણે તટસ્થ રીતે જોયા કરવા. વાંદરાની કૂદાકૂદ પેઠે, શરૂમાં હજારો વિચારો આવશે ને જશે, પરંતુ જ્યાં આપણે તે સર્વેને તટસ્થ રીતે જોવા માંડ્યા કે તેની સંખ્યા અવશ્ય ઓછી થવા માંડશે. વિચારો સારા યે આવે ને ખરાબે આવે, પરંતુ આપણે તટસ્થ વૃત્તિથી, બસ, તે જોયા કરવા. આપોઆપ જ વિચારોની દોડાદોડ ઓછી થતી જશે.

પછી એ વિચારોને છૂટા પાડી, દરેક વિચારને જુદોજુદો તપાસવો. આપણને સમજાશે કે દરેક વિચાર જાણે જુદો જ મણકો છે. બે વિચાર વચ્ચેનું અંતર, વખતનો અંશ એ જ મુખ્ય ચાવી છે. તે મધ્યાંતર (interval) જ મુખ્ય બાબત છે. એ અંતર (વિચાર અને વિચાર વચ્ચેનું અંતર) અથવા તો વિચાર અને વિચાર વચ્ચેનો જે સમય, જે અટકાવ તે લંબાવવાનો છે. તે વખત યા અંતર જેટલું લંબાવાય તેટલા ગાળામાં વિચારનો અભાવ જ હશે. એટલેકે તેટલી વાર મન, વિચારશૂન્ય હશે. એવી વિચારશૂન્ય સ્થિતિ પ્રાપ્ત કરવી તે યોગની પ્રસાદી છે. અને સમજવા આપણે એમ કરીએ કે મન એક માળા છે અને વિચારો એ મણકા છે. એકલી માળાને





જોતાં મણકાને સાંધનારો દોરો દેખાતો નથી, પરંતુ મણકા છૂટા પાડો એટલે દોરો પ્રત્યક્ષ દેખાશે. અહીં એ દોરો એટલે એ વિચારો વચ્ચેનો interval. વિચારો છૂટા કરીને, આપણે જોવા માંડ્યા એટલે એ અંતર પ્રત્યક્ષ થશે અને જેમ જેમ એ અતર લંબાશે, જેમ જેમ વિચારશૂન્ય સ્થિતિ પ્રાપ્ત કરીશું, તેમ તેમ આપણે યોગની નજીક જ પહોંચીશું.

ધ્યાન કોઈ પણ ચીજ ઉપર આપણે ધરી શકીએ. દાખલા તરીકે ફૂલ. ફૂલ ગમે તે રંગનું હોય, ગમે તેવડું નાનું યા મોટું હોય તો પણ ચાલે; પરંતુ ધ્યાન તેની જ ઉપર સંપૂર્ણ કેંદ્રિત થવું જોઇએ. શરીરના કોઈ પણ અવયવ ઉપર પણ ધ્યાન રાખી શકાય; પરંતુ ખાસ ધ્યાન એ રાખવાનું છે કે ભલે તમે ભ્રકુટિ ઉપર ધ્યાન રાખ્યું હોય, પરંતુ તે વખતે શરીરનો વિચાર જરા પણ કરવાનો નથી. ભ્રકુટિ એ શરીરનો એક ભાગ છે તે વાત સાચી, પરંતુ તેને લીધે શરીર આખાનો બિલકુલ વિચાર કરવાનો નથી. ફૂલનું ધ્યાન ધર્યું, પરંતુ તે ક્યાંથી આવ્યું ક્યા છોડ ઉપર હતું વગેરે વિચારને સ્થાન નથી. ટૂંકમાં જે વસ્તુ ઉપર ધ્યાન લગાવ્યું તે સિવાય બીજી કોઈ પણ ચીજનો યા તેના બીજા પદાર્થો સાથેના સંબંધનો જરા પણ વિચાર કરવાનો નથી. આ જ રીતે, આપણે કોઈ છબિ યા ચિત્ર ઉપર પણ ધ્યાન ધરી શકીએ. શરૂઆતમાં આ રીતે ધ્યાન માટે કોઈ આધાર લેવો જરૂરી છે.

પરંતુ આ પ્રકારના ધ્યાન-એકાગ્રતા માટે ઘણી પ્રબળ ઈચ્છાશક્તિની જરૂર છે. પછી ધીમે ધીમે તે કાર્ય સહજ રીતે થશે. આવે વખતે માનસિક ૐનો જાપ પણ મદદરૂપ થઈ પડે છે. 'ૐ' શબ્દનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. એ શબ્દનો જાપ, જેટલો વધુ થઈ શકે તેટલો ઉત્તમ. તેને માટે વખત યા સ્થાનનો વિચાર કરવાનો નથી. ગમે ત્યારે, ગમે ત્યાં તેનો માનસિક જાપ થઈ શકે. આવી ધ્યાનની ક્રિયા, ઇચ્છાશક્તિની મદદ વિના આપોઆપ થવા માંડે ત્યારે યોગની દિશામાં આપણી સારી એવી પ્રગતિ થઈ સમજવી.

ત્યાર બાદ પોતાની જાતને relax કરવી. તેને આપણે 'સ્વસ્થ શિથિલતા' કહીશું; પરંતુ તે થાકની શિથિલતા નથી. સંપૂર્ણ જાગૃતપણે રહ્યા છતાં, જાણે તદ્દન આરામમાં હોઇએ તેવી રીતે આપણી જાતને જાણે અંદર ખેંચી લઇએ છીએ. એ ખેંચાણ ધીરેધીરે એટલું ઊંડું ઊતરે કે આપણે જાગૃત અવસ્થામાં ના રહીએ છતાં અગમ્ય શાંતિ, આરામ ને સુખ તે દશામાં ભોગવી લઇએ. એ સ્થિતિને સમાધિ ગણાવી શકાય. સમાધિ-સ્થતિ પ્રાપ્ત કરવી એ યોગનું છેવટનું ફળ છે. સમાધિમાં કશાનું ભાન રહેતું નથી. મન પોતે પોતાના ધ્યેય સાથે એકાકાર થાય છે, અને એ એકતામાં સ્થળ યા વખતનું ભાન હોતું નથી. મનુષ્ય પોતે ચિત્ત અને મનની કક્ષાની ઉપર જાય છે અને પોતે મનુષ્યત્વ ભૂલીને તથા સામાન્ય આનંદની સપાટીથી કેટલો યે ઊંચો જઇને, એક એવી સ્થિતિ અનુભવે છે કે તેનું વર્ણન શબ્દોમાં ઉતારવું મુશ્કેલ છે. એ તો જે અનુભવે તે જ માણી શકે. આ સમાધિ-સ્થિતિમાં સ્વાભાવિક રીતે જ મનુષ્ય લાંબો વખત ના રહી શકે, કારણકે જ્યારે આવી ઉચ્ચ સમાધિ એના સંપૂર્ણ સ્વરૂપમાં થાય ત્યારે યોગી આ દેહ છોડી દે છે.





આમ આપણે બધાં પગથિયાં જોઈ ગયા. છતાં જો વાચકો આ વિષયને ઉતાવળથી વાંચી ગયા હો તો સંક્ષિપ્તમાં તેને ફરી જોઈ લઇએ. યોગ એટલે મન, તેની લાગણીઓ, ઊર્મિઓ ને ઇંદ્રિયોને જીતવાનું શાસ્ત્ર. અજ્ઞાનનો નાશ કરવાનું ને સારાસારનો વિચાર કરીને જીવવાનું શાસ્ત્ર. મનની નાસાનાસને લીધે જ અજ્ઞાન છે, માટે મનને એકાગ્રતાથી જીતો ને અનાસક્ત બનો. બાળક જેવી નિર્દોષ દૃષ્ટિ કેળવો. આ

માટે સતત પ્રયત્ન જરૂરી છે. યોગી એટલો અનાસક્ત બને છે કે તેનુ મન, ઈંદ્રિયોની પર જાય છે ને ધ્યાન-ધારણાથી સમાધિ-સ્થિતિ પ્રાપ્ત કરે છે. ઈશ્વરભક્તિ એ પણ યોગ-માર્ગમાં જવાનો એક ટૂંકો રસ્તો છે.

યોગનો આ માર્ગ ખૂબ અઘરો છે. એમાં મુશ્કેલીઓ આવશે. માંદગી, આળસ, ભય, અજ્ઞાન, લોભ, સતત પ્રયત્નનો અભાવ વગેરે નડ્યા કરશે. અણગમતા અનુભવો પણ વચમાં આવશે. તે માટે આસન કરવાનાં છે, પ્રાણાયામ કરવાનો છે ને એકાગ્રતા કેળવવાની છે.

પોતાની જાતને અનંતમાં મેળવી સમાધિસ્થ થવું એ યોગનું ધ્યેય છે. એકાગ્રતા કેળવવાથી અજ્ઞાન, અહંકાર, ઇચ્છા, ભય વગેરેનો નાશ થાય છે. આ બધાં જાય એટલે પુનર્જન્મને સ્થાન નથી. એવા યોગીનું કાર્ય આ જ જન્મે પૂરું થાય છે અને તે પૂર્ણ પદને પામે છે.

કર્મનું ફળ ભોગવવું તો પડે જ છે. પરંતુ આ જન્મે અજ્ઞાનનો નાશ કરી, લોલુપતાને ફગાવી દઈ, માણસ નવી જ જાતનાં કાર્યો શરૂ કરે, અને તેમ કરતાં રોજ-બરોજની ક્ષણિક બાબતોને સાચી સમજી લેવાની ભૂલ ન કરી નવી જ જિંદગી જીવી શકે.

આવી વિચારસરણીવાળા મનુષ્યને કોઈ દુશ્મન હોતો નથી. સત્યમય જીવન અને અનાસક્તિને લીધે, સ્ફટિક જેવી ચોખ્ખી જિંદગી તે જીવી જાણે છે. સદા ય આનંદે સભર સંતોષી અને એકાગ્ર તેનું જીવન બને છે. આસન અને પ્રાણાયામથી શરીર અને મજ્જાતંતુઓને તે મજબૂત બનાવે છે. સદાય શાંત રહીને, ધારણામાં સારી રીતે ચિત્ત પરોવી શકે છે. સર્વ ઇન્દ્રિયોનો તે સ્વામી બને છે.



મનુષ્યદેહ રૂપી સોનાના પીંજરામાંના પક્ષીએ તેમાંથી મુક્ત થવાનું છે.

પછી ધારણામાં એક જ ચીજ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને ધ્યાનમાં તે ચીજ સાથે એકત્વ અનુભવે છે. તેનું મન તેમાં સંપૂર્ણ ઓતપ્રોત થઈ જાય છે. બીજા કોઈ વિચાર યા લાગણીઓ તેને સ્પર્શી શકતી નથી.

એની પણ ઉપર જઈ છેવટે તે સમાધિ પ્રાપ્ત કરે, ત્યારે તે સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરી શકે છે. એ સ્થિતિ પ્રાપ્ત કરવાને ભૂત ભવિષ્ય વર્તમાન જેવું કાંઈ રહેતું નથી. કોઈ પણ વસ્તુ તેને માટે અશક્ય નથી અને પોતે હમેશાં નિજાનંદમાં મગ્ન રહી શકે છે. અંતિમ આનંદની દશા તે હોય છે.

આમ ટૂંકમાં યોગની વાત બતાવી છે. આવતા અંકમાં આપણે આધુનિક જમાનામાં આ યોગની ક્રિયાઓને ટૂંકામાં ટૂંકી રીતે જોઈશું.

આધુનિક જમાનામાં જ્યાં અત્યંત ચિંતાવાળું, ઉતાવળું, ઈર્ષ્યાળુ, સાંકડા મનવાળું અને પૈસાના જ ધ્યેયવાળું જીવન બની ગયું છે, અને એ જ ધ્યેયને લઇ મનુષ્ય ઈશ્વરને ભૂલ્યો છે, પોતાના સદ્‌વિચાર અને ચારિત્ર્યને ભૂલ્યો છે અને પોતાની શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક કલ્યાણની વાત જ જાણે વીસરી ગયો છે ત્યારે યોગનું આ ટૂંકુ સ્વરૂપ(જે આવતા અંકમાં બતાવાશે તે) દરેક જણ સાચા દિલથી, પ્રામાણિકપણે અને અચૂક કરે એ હાર્દિક વિનતિથી આ લેખ પણ લખાયો છે.

યોગના કેટલાક પ્રકારો કહેવાય છે તે સંક્ષિપ્તમાં જ જોઈ લઇએ :

હઠયોગ : શરીર ઉપરનો અદ્‌ભુત કાબૂ મેળવવા માટે આ યોગ છે. તેમાં માણસ શરીર પર એટલો કાબૂ મેળવી શકે છે કે તે જીવતો અમુક વખત માટે દટાઇ રહી શકે, હૃદયના ધબકારા પણ થોડા સમય માટે અટકાવી શકે વગેરે.

ભક્તિયોગ : ઈશ્વર પર અખૂટ શ્રદ્ધા. તેના ઉપર સાચો પ્રેમ, તેની જ લગની, અને કોઈ પણ સ્વરૂપમાં તેની પૂજા ઇત્યાદિ.

જ્ઞાનયોગ : પોતાનું આત્મનિરીક્ષણ કરવું તે, ધ્યાન અને ધારણાથી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવી તે.

કર્મયોગ : ફળની આશા રાખ્યા સિવાય, અનાસક્તિથી, પરોપકારને અર્થે જ કાર્ય કરવાં તે. પોતાનાં વખાણના કે પોતા ઉપરના આરોપની કશી પરવા કર્યા સિવાય, ભૂત અને ભવિષ્યનો વિચાર કર્યા સિવાય, ઉદાર દિલે સ્વધર્મનાં કાર્ય કરવાં તે.

રાજયોગ : દરેક યોગનું થોડું-કંઇક. પોતાના સ્વભાવ અને લાગણી ઉપરનો સંપૂર્ણ કાબૂ. વીજળીનું બટન દબાવતાં જ જેમ દીવો બંધ થાય તેમ વિચારોને ધાર્યા મુજબ બંધ કરવાની કળા. નિરંતર આનંદમાં રહેવાની કળા. રાજયોગ સૌથી કોરે મુકાએલો છે.

તે ઉપરાંત મંત્રયોગ, કુંડલિનીયોગ (શરીરમાં રહેલી સુષુપ્તશક્તિઓને જગાડવાની કળા) અને લયયોગ પણ છે. આ સર્વનું છેલ્લું ધ્યેય તો એક જ, અને તે સમાધિની પ્રાપ્તિ, પોતાનું-પોતાના આત્માનું દિવ્ય શક્તિ સાથે જોડાણ. (આવતા અંકમાં પૂરો થશે)

ચિદમ્બરમનો મહોત્સવ

આ અંકમાં 'ચિદમ્બરમ'ના નટરાજ-મંદિરનો જે સચિત્ર ને વિસ્તૃત પરિચય આપ્યો છે તે સમુચિત અને યોજના પુરઃસરનો છે; કેમકે આ માસ(જુલાઇ)ની ૭મી તારીખે એ મંદિરનો બહુ મોટો ઉત્સવ આવી ગયો. સંસારમાં શાન્તિ અને સમૃદ્ધિની સ્થાપના અર્થે તે દિવસે નટરાજ શિવના મહાકુંભાભિષેક અને સંપ્રોક્ષણાઈના વૈદિક વિધિ કરવામાં આવ્યા. એ ઉત્સવ નિમિત્તે સાતેક લાખ ભાવિકો ચિદમ્બરમની યાત્રાએ આવવાની ગણતરી હતી. મહિનાઓ અગાઉથી મંદિરનું સમારકામ કરવામાં આવતું હતું અને આ પ્રસંગ નિમિત્તે એક વગદાર ખાસ સમિતિ નીમવામાં આવી હતી. એ જ શહેરમાં આવેલી અન્નામલાઈ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ યાત્રાળુઓની સેવા અર્થે સ્વયંસેવક-ટુકડીઓ રચી હતી. દક્ષિણ ભારતનો આ એક ભવ્ય મહોત્સવ હતો.

આધુનિક જીવન પર કટાક્ષ કરતી પંચતંત્રની શૈલીએ લખાએલી

સપ્તતંત્રની વાતો

હરીફાઈના હરીફની વાત

લેખક · નવનીત સેવક



કોઈ એક ગામમાં રાવજી નામે પટેલ વસતો હતો. સમય ને સરકારના પ્રતાપે તમાકુના વેપારમાં નુકસાન ગયું છે જેને, એવા તે પટેલની છોકરી પરણાવવા જેવી થઈ, એટલે ફિકરમાં પડેલા એવા તે પટેલ વડે વિચારાયું: 'અહો! હવે પૈઠણ વિના હું પુત્રીને કેવી રીતે પરણાવીશ? કહ્યું છે કે—

રેલવેમાં (લગ્નગાળામાં) જગ્યા મળવી સહેલી છે, પરરાજ્યમાં જઇને બીજી વેળાએ લગ્ન કરવું સહેલું છે, રેશમી કપડાં પહેરી સામ્યવાદી ગણાવું સહેલું છે, પરંતુ પૈઠણ આપ્યા વિના દીકરી પરણાવવી મુશ્કેલ છે ... ૧'

ત્યાર બાદ આ પ્રમાણે ચિંતામાં પડેલા એવા તે રાવજીની આ દશા જોઇ એક મિત્રે તેને કહ્યું, 'હે બંધુ, હિન્દુ કોડબિલ રજૂ થતાં જેમ સનાતનીઓ ચિંતામાં પડે એવી રીતે તું તો ચિંતામાં પડ્યો દીસે છે, પણ તેથી કંઈ વળવાનું નથી. માટે હે ભાઈ! ફરિયાદો તરફ આંખ આડા કાન કરતા સરકારી ઑફિસરોની જેમ તું પણ આરામથી બેસ.'

તે પરથી (તે) પટેલે કહ્યું, 'ભાઇ, પોણા લાખની પહેરામણીવાળી ન્યાતમાં વસતા એવા મારા વડે ઉમરલાયક છોકરી હોવા છતાં નિરાંતથી બેસાવું યોગ્ય નથી. કહેવત છે કે—

ઈરાની હોટેલમાં ચા પીનાર માણસ, રાત્રે લાઉડસ્પીકર વગાડનારના પાડોશીઓ, પાઠ્યપુસ્તકોના પ્રકાશકો, પરીક્ષાની તૈયારી કરનાર વિદ્યાર્થીઓ તેમજ (પટેલ) કન્યાના પિતા, એ સર્વ સંસારમાં સુખથી સૂઈ શકતા નથી...૨

માટે હે બંધુ, મારા વડે સારું એવું ધન કેમ પ્રાપ્ત થાય તે મને કહો.'

તેનાં આવાં વચન સાંભળીને તે મિત્ર બોલ્યો, 'હે પટેલ! એમ્પ્લૉયમેન્ટ એક્સ્ચેન્જ દ્વારા મળતી નોકરીની જેમ, સન્માર્ગે ચાલવાથી ધન પણ ઘણું મોડું જ મેળવાય છે. પરંતુ હે બંધુ! તારે જો જલદીથી પૈસા મેળવવા જ હોય તો તું લૉટરીની ટિકિટો લે; કેમકે તેના વડે કરીને તાત્કાલિક ધન મળશે.' તે પરથી રેલવેના પંખાના જેવો ખડખડાટ અવાજ કરીને હસતા એવા તે રાવજી નામે પટેલે કહ્યું, 'હે મિત્ર! જેમ રાષ્ટ્રીય સરકાર જૂની અંગ્રેજ સરકારને મળતી આવે છે, તેમ તારી સલાહ પણ મારા વિચારને મળતી છે; પરંતુ હે બંધુ, લૉટરી કરતાં શબ્દરચના હરીફાઈ ભરવી એ જ મને ઉત્તમ લાગે છે; કેમકે—

ભવાઇ કરતાં જેમ રામલીલા સારી છે, જેમ રામલીલા કરતાં નાટક અને નાટક કરતાં સિનેમા સારું છે, એમ જુગાર કરતાં સટ્ટો, સટ્ટા કરતાં લૉટરી અને લૉટરી કરતાં શબ્દરચના હરીફાઇ સારી છે...૩

માટે કરીને મારા વડે હરીફાઈ ભરાય તે જ યોગ્ય છે.'

ત્યાર બાદ એક એક એન્ટ્રી ભરાતી હતી જેના વડે, એવા તે રાવજીને કંઈ પણ ઇનામ પ્રાપ્ત થયું નહિ. આમ થવાથી નિરાશ થએલા એવા તેને તે પછી (હરીફાઇના) એજન્ટ વડે આમ કહેવાયું, 'હે ભાઈ, પાકિસ્તાન જેમ અમેરિકાની મદદ લે છે એમ હરીફો વડે એજન્ટની મદદ લેવાવી યોગ્ય છે. તેથી કરીને મારી સલાહ તું શ્રવણ કર. ગોવાના સત્યાગ્રહીઓની જેમ એક એક એન્ટ્રી ભરનારા હરીફોનું પણ કંઇ વળતું નથી; પરંતુ ઓળખાણવાળો જેમ નોકરી મેળવી જાય એમ વધુ એન્ટ્રીઓ ભરનાર હરીફ જ ઇનામ મેળવી જાય છે. હે બંધુ, બાધાથી પ્રસન્ન થતા દેવોની જેમ વધુ એન્ટ્રીઓ ભરવાથી જ હરીફાઇદેવી પ્રસન્ન થાય છે, માટે તમારા વડે અનેક એન્ટ્રીઓ ભરાય તે જ સાર્થ થશે.'

તે પછીથી એજન્ટની શિખામણ માની છે જેણે, એવા તે રાવજીભાઈ નામે પટેલ વડે હરીફાઇવાળા વડે ચાલતા કોઈ એક અઠવાડિકના ગ્રાહક થવાયું તથા એન્ટ્રીઓના સેટ ભરાયા. તે પછીથી જ્યારે ઉકેલ બહાર પડતાં હરીફો વડે ભૂલો ગણાતી હતી, ભૂલોમાં આવનારાઓ વડે મોં ઢીલાં કરીને ઘેર જવાતું હતું, એક-બે ભૂલોમાં આવનારાઓ વડે ચાના ઑર્ડરો અપાતા હતા, નિષ્ફળ જનારાઓ વડે બીજા વ્યૂહમાં વધારે એન્ટ્રીઓ ભરવાની પ્રતિજ્ઞાઓ લેવાતી હતી તથા એજન્ટો વડે હરીફોને પાણી ચડાવાતું હતું તે વેળાએ તે રાવજી નામે પટેલ એજન્ટને ત્યાં ગયો અને આ પ્રમાણે બોલ્યો, 'મૅટ્રિકના પરિણામ વખતે છોકરાઓ વડે આમતેમ ખેંચાતા છાપાના ફેરિયાની જેમ હરીફો વડે ધકેલાતા હે એજંટ, આ વ્યૂહનું પરિણામ જાણવાને માટે વ્યાકુળ થએલો એવો હું તમારી પાસે આવ્યો છું.'

ત્યાર પછીથી ઉકેલ બતાવવામાં આવ્યો છે જેને એવો તે રાવજી નામે પટેલ આઠ ભૂલો પામીને અત્યંત નિરાશ થયો અને ચૂંટણીમાં હારેલા ઉમેદવારને જેમ મિથ્યા લાગે, એમ એને હરીફાઇ મિથ્યા લાગવા માંડી. પરંતુ ભારત સરકાર દ્વારા આશ્વાસન અપાતી ગોવાની પ્રજાની માફક તે એજન્ટ વડે આ મુજબનું આશ્વાસન પામ્યો. એજન્ટ બોલ્યો, 'હે બંધુ, આવી રીતે સેટ ભરનાર અનેક હરીફો નિરાશ થયા છે, પરંતુ થોડી મૂડીથી ચલચિત્ર ઉતારનાર નિર્માતા નિષ્ફળ નીવડે, એમ થોડા સેટ ભરનાર હરીફો પણ નિષ્ફળ નીવડે છે; માટે કરીને હે ભાઈ, તારા વડે સંપૂર્ણ અંકપાશ થવો જ યોગ્ય છે.'

તે પરથી એક લાખનું પહેલું ઇનામ હતું એવો એક વ્યૂહ તે પટેલ વડે ભરાયો. ત્યાર બાદ જ્યારે સંપૂર્ણ અંકપાશનો વ્યૂહ ભરવા માટે ગીરો મૂકવામાં આવેલાં ઘર માટે લેણદારો વડે પૈસાની ઉઘરાણીઓ થતી હતી, વેચી નાખવામાં આવેલા દાગીના માટે ઘરમાં પત્ની વડે કકાસ કરવામાં આવતો હતો, અને વધુ ઇનામ મળે તે માટે દેવોની બાધાઓ રખાતી હતી, ત્યારે તે પટેલ વડે વિચારાયું, 'અહો, આ વખતે સંપૂર્ણ અંકપાશ કરવાને લીધે હું મોટું ઇનામ મેળવીશ, તથા બંગલા વગેરે ચણાવીશ. કહ્યું છે કે—

સિનેમાની નટી, પ્રધાન થનાર નેતા, લાંચખાઉ ઑફિસર અને હરીફાઇમાં ઇનામ જીતનાર હરીફ એ સર્વ થોડા સમયમાં જ બંગલા બંધાવી શકે છે...૪'

ત્યાર પછી ઉકેલ આવતાં તદ્દન ખરામાં આવેલો તે રાવજી હર્ષાતુર થઈ ગયો અને તેના વડે સત્યનારાયણની કથા કહેવડાવાઈ. ત્યાર બાદ ઇનામોની રકમ બહાર પડી ત્યારે માત્ર ચાર હજાર રૂપિયા મળ્યા છે જેને એવો તે અત્યંત નિરાશાને પામી ઉદ્વેગ કરવા લાગ્યો. અને તેની તે પુત્રી પણ ઉમરલાયક થતાં લગ્ન નહિ થવાને લીધે અલોપ થઇ ગઈ.

સાર: હવેલી લેતાં ગુજરાત જાય, ડાંગ લેતાં મુંબાઈ જાય અને ઇનામ લેતાં બધું જાય.

પ્રો. શી. દા. મુદલિયાર
શ્રી વી. ડી. દવે

આજનું સમુદ્રતળ કાલનું ઉન્નત ગિરિશૃંગ



अस्त्युत्तरस्यां दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराजः ।
पूर्वापरौ तोयनिधावगाह्य स्थितः पृथिव्यामिव मानदण्डः ॥ कुमारसंभव

છે ઉત્તરે ઉન્નત દેવતાત્મા 'હિમાદ્રિ'ને નામ નગાધિરાજ,
ડૂબી જઈ જે અતલોદધિમાં ખડો ધરા પે થઈ માનદંડ.

૨૯મી મે ૧૯૫૩નો દિવસ ઐતિહાસિક દૃષ્ટિએ પર્વતખેડુઓ માટે અમર બની રહેશે. તે દિવસે શેરપા તેનસિંગ અને એડમંડ હિલારીએ, સમુદ્ર-સપાટીથી ૨૯,૦૨૮ ફૂટ ઊંચા અને પૃથ્વી પર અજેય ગણાતા સર્વોચ્ચ શિખર 'એવરેસ્ટ' પર પ્રથમ જ પગ મૂક્યો. પણ એ જાણીને આશ્ચર્ય થશે કે આજની દુનિયાનું સર્વોચ્ચ ગણાતું આ શિખર એક સમયે સમુદ્રતળિયે હતું! હિમાલય અને આલ્પ્સ એ બંને પર્વતના વિસ્તારમાં આજથી લાખો વર્ષો પૂર્વે એક અગાધ મહાસાગર ઘૂઘવતો હતો, જેને વૈજ્ઞાનિકો 'ટેથીસ' (Tethys)ના નામથી ઓળખે છે.


ગરમી, ઠંડી, વરસાદ, હિમપ્રવાહ અને નદીનાળાંને કારણે જમીનને ઘસારો પહોંચે છે. પરિણામે જમીનનું ધોવાણ થાય છે. આ જાતના ઘસારા અને ધોવાણને લીધે તૈયાર થએલો કાંપ નદીનાળાં દ્વારા સમુદ્રમાં એકઠો થાય છે. આ ક્રિયા સતતરીતે જગતમાં એક અથવા બીજા રૂપે ચાલુ જ હોય છે. કાળક્રમે આ એકઠો થએલો કાંપ સખત ખડકોમાં રૂપાંતર પામે છે. આ જાતના ખડકો 'થરવાળા' (stratified or layered) અથવા 'જળકૃત' (sedimentary) ખડકો કહેવાય છે. જેમ વધુ ને વધુ કાંપ સમુદ્રમાં ઠલવાતો જાય છે તેમ તેમ તેના વજનને લીધે સાગરતળિયું દબાતું જાય છે. પરિણામે કેટલીક વખત તો આ જળકૃત ખડકોની જાડાઈ ૪૦,૦૦૦થી૫૦,૦૦૦ ફૂટ જેટલી બની જાય છે. આવી રીતે જમા થએલા કાંપનાં વજન અને દબાણને પરિણામે પૃથ્વીનો અમુક ભાગ સમતોલપણું ગુમાવે છે. આથી પૃથ્વીમાં મોટા પ્રકારની હલનચલન-ક્રિયા શરૂ થાય છે, જેને પૃથ્વીનું હલનચલન (earth–movements) કહે છે. ધરતીકંપ પણ આવા જ એક પ્રકારની હલનચલનની ક્રિયા છે, જેને લીધે ખડકો ખંડિત થાય છે. આ પ્રકારના ફેરફારો દરમ્યાન, ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ નબળા ગણાતા ભાગમાંથી પૃથ્વીના પેટાળમાંનો લાવારસ ધસી આવે છે. આ લાવારસના વિસ્તારનો ખયાલ, મુંબાઈ પ્રાંતના ખડકો પરથી આવી શકે, જે 'બેસાલ્ટ' (Basalt) નામના લાવા રસમાંથી બનેલા છે. એક સમયે આપણા મુંબાઈ રાજ્યમાં પાંચ લાખ ચોરસમાઈલના વિસ્તારમાં આ પ્રકારનો લાવારસ ફેલાએલો હતો; પણ વિવિધ પ્રકારના ઘસારા તથા કુદરતી બળોને પરિણામે તેનો હાલનો વિસ્તાર માત્ર બે લાખ ચોરસ માઈલ થઈ ગયો છે. અમુક જગ્યાએ તો આ ખડકોની જાડાઈ ૧૦,૦૦૦ ફૂટ જેટલી પણ છે. આપણા સહ્યાદ્રિ, સાતપુડા ને ગિરનારના પર્વતો આ લાવારસમાંથી જ બનેલા છે. વળી, એ પણ જાણવા જેવું છે કે લાવારસમાંથી બનેલો આ વિભાગ, જગતમાં સૌથી વિસ્તૃત છે!

પૃથ્વીના હલનચલનને કારણે, કાગળ તેમજ કાપડ પર પડતી કરચલીઓની માફક, આવા ખડકોમાં પણ કરચલીઓ ઉત્પન્ન થાય છે. આવી વધુ ને વધુ કરચલીઓ જો પડે તો તેને પરિણામે ખડકો ખંડિત પણ થાય છે અને પછી એકબીજા પર ધકેલાઇ જાય છે. આ પ્રકારનો ધક્કો ઘણી વાર તો માઇલોના માઇલો સુધી જોવા મળે છે. આપણો હિમાલય, આલ્પ્સ અને અરવલ્લી એ આવા અત્યંત કરચલીવાળા (complexly folded) પર્વતો છે.


ઉપર કહ્યું તેમ હિમાલય અને આલ્પ્સના પર્વતો સાગરને તળિયે હતા તેમ માનવું એ સામાન્ય મનુષ્ય માટે મુશ્કેલ છે, પરંતુ વૈજ્ઞાનિક પુરાવાને આધારે આ પર્વતોની એ રચના સાબિત કરી શકાય છે.આવા ખડકોમાંથી જળચર પ્રાણીઓના સખત થએલા (અનુસંધાન પૃ.૨૯૯)


આજથી દસેક કરોડ વર્ષ પર યુરોપ અને આફ્રિકાની સંયુક્ત ભૂમિને જુદો પાડતો ભૂમધ્ય સમુદ્ર તેમની વચ્ચે ધૂસી આવ્યો. પછી તેમાં ઠલવાતી નદીઓના કાંપ જમીનજમીને પાણી નીચે રચાતા ખડકોનું વજન એટલું તો વધી ગયું કે તેનું પેટાળ બેસવા લાગ્યું અને આફ્રિકાનો ભાગ ઉત્તર તરફ ધસવા લાગ્યો. આથી પાણીમાંના ખડકોને તેનો ધક્કો વાગતાં તેમાં ઉપરાઉપર કરચલીઓ પડીને તેમાં શિખરો ઊપસવા લાગ્યાં અને એ આખો સમૂહ યુરોપ તરફ હડસેલાતો ગયો. વર્ષોની આ પ્રક્રિયાને અંતે યુરોપ ને આફ્રિકાની ભૂમિ વચ્ચે દબાતા એ સમુદ્રની અંદરના ખડકો છેવટે એક દિવસ ધરતીની અંદરના ભીષણ હલનચલનથી આલ્પ્સની ઉન્નત પર્વતમાળારૂપે યુરોપની ધરતી તરફ ઊપસી આવ્યા. એ પ્રક્રિયા ઉપલી આકૃતિમાં દર્શાવી છે.

↓ ધરતીકંપ કે એવા જ કોઈ પ્રાકૃતિક કારણે ઘણી વાર પૃથ્વીનો સપાટી પરનો કેટલોક ભાગ બહાર ઊપડી આવી, નીચેની આકૃતિ ૧ મુજબ અમુક સ્થળે ઉચ્ચ પ્રદેશ રચાઈ જાય છે. આથી ઊલટું, આવા જ કોઈ કારણે જમીનનો કોઈક ભાગ નીચે બેસી જઈ ત્યાં ખીણ રચાઇ જાય છે (આકૃતિ ૨). આકૃતિ ૩માં પૃથ્વીમાંના બે તરફના દબાણના જોરે (તીર વડે દર્શાવ્યા મુજબ) ઘણી વાર ધરતીના વધુ ભાગો ઊપસી આવે છે તે દર્શાવ્યા છે. આવા મોટા ગાળામાં બેસી ગએલા સપાટ ભાગને ખીણ કહેવા કરતાં નીચાણનો પ્રદેશ, તથા ઊપડી આવેલા પ્રદેશને પર્વતમાળ કહેવા કરતાં ઉચ્ચપ્રદેશ કહેવો વધુ યોગ્ય છે. કચ્છનો 'અલ્લાહ-બંધ', કાશ્મીરની ખીણ વગેરે આવા ફેરફારોનું જ પરિણામ છે.









જેના પર પગ મૂકી આજે આપણે ચાલીએ છીએ એ જમીનનો ઘણોખરો ભાગ એક કાળે સાગરના ઊંડા જળમાં ડૂબેલો હતો. ઉત્તર ભારતના આજના ફળદ્રુપ પ્રદેશની જગ્યાએ એક કાળે ખારાં સાગરજળ ઘૂઘવતાં હતાં. પણ કાળાંતરે ભૂગર્ભની કોઈ મહાન હલચલને કારણે હાલ ત્યાં ગંગા નદીનો પટ અને ઉત્તરે જગતનો સર્વોચ્ચ પર્વત હિમાલય ઊભો છે. પરંતુ કેટલીક જગ્યાએ આથી ઊલટું યે બને છે: સૂકી જમીન દરિયામાં ગરક થઈ જઈ તેની જગ્યાએ પાણી ફરી વળે છે અને ફરી પાછી એ જ જમીન ક્યારેક વર્ષો પછી ઉપર પણ આવી જાય છે! ઇટાલીમાં નેપલ્સ નજીક Pozzuoli નગરના જ્યૂપિટર સેરાપિસના દેવળવાળી જમીનનો આવો ફેરફાર તો માનવ ઇતિહાસની નજર સામે જ બની ગએલો ગણાય. ઉપર, પહેલા ચિત્રમાં, ત્રીજી સદીમાં એ દેવળ જ્યારે અસ્તિત્વમાં હતું ત્યારનું આલેખન છે. ધીરેધીરે બીજા ચિત્રમાં બતાવ્યા મુજબ એ જમીન ૨૧ ફૂટ જેટલી નીચે બેસી જઈ તેના પર દરિયાનું પાણી ફરી વળ્યું. અને દેવળના એ ભગ્નાવશેષોનો કેટલોક ભાગ તો પાણી તળેની રેતીમાં દટાઈ ગયો. પણ ફરી પાછો કાળાંતરે પાણીમાં ડૂબી ગએલો એ બધો ભાગ ઊપસીને ઉપર આવી ગયો. આની પ્રતીતિ કેવી રીતે મળી શકી એ ત્રીજા ચિત્રમાં બતાવ્યું છે. એમાં એ દેવળ હાલ જે સ્થિતિમાં છે તેનું આલે[illegible] છે. દેવળના એ ભગ્ન સ્તંભો પર ૧૨ થી ૨૧ ફૂટ સુધીની ઊંચાઇનો ગાળો એ સ્થળના પાણીમાં થતાં લિથોડોમસ નામનાં જીવડાં વડે ખવાઈ ગએલો છે. અને સ્તંભના એ ભાગમાં હજી યે એ જીવડાંનાં અવશેષો જોવા મળે છે. માત્ર ૨૧ થી ૧૨ ફૂટના ગાળામાં જ સ્તંભો ખવાઈ ગયેલા હોઈ સહેજે સમજી શકાય કે તેથી નીચેના ગાળામાં એ જીવડાં પહોંચી નહિ શક્યા હોય; અને એનું કારણ એ જ કે એ ભાગ પાણી તળે રેતીમાં દટાઈ ગયો હશે. કાળાંતરે એ બધું જ પાછું મૂળ સ્થિતિએ બહાર ઊપડી આવ્યું હશે ને દરિયાનાં પાણી પાછાં દૂર હટી ગયાં હશે.

શરીરની ગરમી

માંદગીનાં મૂળ : ૭

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



મોટા ભાગનાં પ્રાણીઓના કામકાજનાં પ્રમાણ અને ઝડપનો આધાર વાતાવરણના ઉષ્મામાન પર રહે છે: આ છે સાપ દેડકાં ગરોળી મગર ને ઘો જેવાં ઠંડા લોહીનાં પ્રાણીઓ, જેમના શરીરની ગરમી વાતાવરણના ઉષ્મામાન જેટલી જ રહે છે. ઠંડા ઉષ્મામાન વેળા એમની કામગીરી મંદ અને ગરમ ઉષ્મામાન વખતે વેગીલી રહે છે. જ્યારે માનવી સમેત ગરમ લોહીવાળાં આંચળવાળાં પ્રાણીઓ અને પક્ષીઓમાં શરીરની ગરમીને અંકુશમાં રાખવાની કરામત હોવાથી એમના શરીરની ગરમી સદા એકધારા પ્રમાણમાં રહે છે. માનવી ભલે ધ્રુવપ્રદેશની કપરી ઠંડીમાં વસતો હોય કે ગરમીથી ધીખતા ઉષ્ણ કટિબંધના પ્રદેશોમાં વસતો હોય, થરપારકરના બળબળતા વેરાનમાં વસતો હોય કે ઉતાકામંડની શીતળ ટેકરીમાં વસતો હોય, વર્ષ દરમ્યાન ભલે હવામાન શૂન્ય પર આવી ઠરે કે ૧૧૫ અંશ ગરમી બતાવે, તો પણ એના શરીરની ગરમી તો સદાકાળ માટે ૯૮.૪ અંશ ફેરનહાઈટ પર એકધારી કાયમ રહે છે.

આપણા શરીરની ગરમીનો આંક સામાન્યત: આ ૯૮.૪ ડિગ્રી ફેરનહાઈટ કાયમી હોવા છતાંયે એમાં એક અંશ જેટલી વધઘટ સ્વાભાવિક છે. તંદુરસ્તીમાં મોઢાની ગરમી ૯૭.૮ અંશથી માંડી ૯૯ અંશ જેટલી નોંધાય છે. દિવસના સમય અનુસાર પણ એમાં ફેરફાર થતા રહે છે. સવારમાં તે ઓછામાં ઓછી તો સાંજના વધુમાં વધુ હોય છે. પણ બંને વચ્ચે એક જ અંશનો તફાવત રહે છે. વ્યાયામ અને કામકાજ વખતે શરીરની ગરમી વધારે હોય છે તો આરામ અને ઊંઘ પછી તે ઓછી રહે છે. આ જ પ્રમાણે ભારે જમણ પછી તે વધારે તો ઉપવાસ પછી ઓછી રહે છે. શરીરના ઉષ્મામાનનો આવો નજીવો ફેરફાર દેહની સુખાકારીને બાધક નથી હોતો, પણ જો કદાચ શરીરની ગરમી ૨૦ અંશ જેટલી ઘટે કે ૧૫ અંશ જેટલી વધી પડે તો તે જીવન માટે જોખમકારક નીવડે છે.

આપણે જે ખોરાક ખાઇએ છીએ તેના લીધે શરીરમાં સતત ગરમી પેદા થાય છે અને તે સતત દૂર પણ થાય છે. શરીરની ગરમીને અંકુશમાં રાખનારી કરામત મગજના તળભાગમાં આવેલા ઉપ-ઊર્મિમગજ (Hypothalamus)માં આવેલી છે. અહીં ઉષ્માક્રમ નિવારક કેન્દ્ર (heat-regulating thermostat) આવેલું છે. આના બે વિભાગ છે: ગરમીવર્ધક કેન્દ્ર અને ગરમી નિવારક કેન્દ્ર. પહેલું કેન્દ્ર શરીરના કોષો અને પેશીઓ દ્વારા ગરમી પેદા કરે છે, જ્યારે બીજું કેન્દ્ર ચામડીની લોહીની નળીઓ પહોળી કે સાંકડી બનાવી ગરમી દૂર કરવા પર અંકુશ ધરાવે છે. ચામડીમાં પથરાએલા જ્ઞાનતંતુઓ વાતાવરણની ગરમી કે ઠંડીની સંવેદનાઓ ઝીલી લઈ તેને આ ઉષ્માક્રમ-નિયામક કેન્દ્રમાં મોકલે છે. અને તે સંજોગોને પહોંચી વળવા માટે અહીંથી થતી આજ્ઞાઓ મુજબ ચામડીની લોહીની નળીઓ, ચામડીની પ્રસ્વેદ ગ્રંથિઓ અને માંસપેશીઓ કામ ઉપાડી ગરમીની વધ-ઘટનું નિયમન કરે છે. ઠંડા વાતાવરણ વખતે ગરમી'વર્ધક' કેન્દ્રની આજ્ઞા મુજબ લોહીની નળીઓ સંકોચાય છે, અને પરિણામે ચામડીમાં ઓછું લોહી ફરવાથી શરીરની ગરમી બહાર ફેંકાઈ જતી અટકે છે. ઉપરાંત, માંસપેશીઓ પણ વધારે સંકોચાઇ જઇને ગરમીનું પ્રમાણ વધે છે. માંસપેશીઓનું આ સંકોચાવું જો પૂરતું ન થઈ પડે તો માંસપેશીઓ વધુ પ્રમાણમાં સંકોચાઇને ધ્રુજારી થઈ આવે છે, અને એમ ગરમી વધે છે. (શિયાળામાં આપણને ધ્રુજારી આવે છે તે આમ.) પણ વાતાવરણમાં ગરમી હોય ત્યારે ગરમી'નિવારક' કેન્દ્રના સંદેશાઓ અનુસાર માંસપેશીઓ ઢીલી બને છે, શ્વાસોચ્છ્વાસ વધે છે અને પસીનો છૂટે છે. આ રીતે શરીરની વધેલી ગરમી દૂર થાય છે.

શરીરની ગરમી ઘટવા કરતાં તે વધી જવાનું ઘણું સાધારણ છે;પણ એનાં પરિણામો ભયાનક બનવા સંભવ છે. ભેજવાળા અને ગરમ હવામાનમાં લાંબો સમય રહેવાથી હીટ સ્ટ્રોક (heat stroke) થઇ આવે છે. એ દશામાં શરીરની વધેલી ગરમીને હટાવવામાં ગરમીનિવારક કરામત પહોંચી ના વળવાથી કે થાકી જવાથી શરીરની ગરમી વધી પડે છે અને તેની અસર મધ્યસ્થ જ્ઞાનતંત્ર ઉપર થતી હોવાથી કેટલીક વાર મૃત્યુ આવી પડે છે. લૂ (sun-stroke) એ પણ હીટ-સ્ટ્રોકનો એક પ્રકાર છે. એમાં વધારેપડતી ગરમીથી મગજ ખૂબ તપી જાય છે. લૂમાંથી બચવા માટે હલકો ખોરાક, વધારે પાણી પીવાનું, ધીમું કામકાજ ને બને એટલા શરીરના ભાગોને ખુલ્લા રાખવા જરૂરી છે. સૂર્યના તાપથી મસ્તક ને ગરદનને ખસૂસ રક્ષવાં એ સલાહભરેલું છે.

૯૮.૪ અંશથી વધેલી શરીરની ગરમીને આપણે તાવ (Pyrexia: Fever) કહીએ છીએ. ૧૦૦ અંશ ગરમીને 'સાધારણ તાવ', ૧૦૨ અંશે 'મધ્યમ તાવ', ૧૦૪ અંશે 'વધારે તાવ' અને ૧૦૫ તથા તેથી વધારે અંશક ગરમોને 'ઘણો વધારે તાવ' (hyper pyrexia) ગણવામાં આવે છે. તાવના ત્રણ પ્રકાર છે. (૧) સતત તાવ (continued fever): જેમાં ઘણા દિવસ સુધી શરીરની ગરમી ઊંચા અંશે રહ્યા જ કરે, એ 'સતત તાવ' છે. આમાં રોજિંદા સરેરાશ તાપમાનમાં (ટેમ્પરેચરમાં) એક કે દોઢ અંશનો વધારો થાય છે. (૨) ચઢઊતર તાવ (remitting pyrexia)માં તાવ ઊતરવા છતાં યે રોજિંદા સરેરાશ તાપમાનમાં વધારે તફાવત રહે છે. (૩) દિવસના કોઇ પણ વખતે તાવ ઊતરી જવા છતાં મોટા ભાગે સાંજના સમયે એક બે કે વધુ અંશે તાપમાન વધે એ આંતરિયો તાવ (intermitting pyrexia) છે. છેલ્લા બે પ્રકારના તાવને એકઠા ગણી એના મુખ્ય બે પ્રકાર સ્વીકારવામાં આવ્યા છે. એક તો સતત; અને બીજો ચઢઊતર તાવ, જેમાં ચોવીસ કલાક દરમિયાન મોટા ભાગે સવારમાં તાવ ઊતરી જાય છે.

અશિક્ષિતથી માંડી બા..ક પણ તાવની સ્થિતિને ઝટ પારખી શકે છે. માંદગીના આ આગોતરા ચિહ્નથી સજાગ બની દરદી દાક્તર ભણી દોડી જાય છે. આ દશામાં રોગી જાતે જ રોગનું નિદાન કરી દાક્તરના સામો જાય છે! તાવમાં શરીરનું વધેલું તાપમાન એ થોડા અંશે ઘટનાઓનું દ્યોતક છે. રોગ જીવાણુઓને લીધે થએલા રોગસંચાર (infection) કે ચેપી રોગને લીધે તાવ આવે છે. લોહીમાં ભળેલા રોગજીવાણુઓના ઝેરથી મગજમાંનું ગરમીવર્ધક કેન્દ્ર ઉત્તેજાતાં ચામડીની લોહીની નળી-

ઓ સંકોચાય છે. પરિણામે શરીરની ગરમી વધતાં શરીરના કોષોની ક્રિયા વધી પડવાથી વધારે ગરમી પેદા થાય છે. શરૂઆતમાં ચામડીની નળીઓ સંકોચાવાથી દરદીને ટાઢ વાવાનો અનુભવ થાય છે.

શરીરની ગરમી જ્યાં થોડી વધવા માંડી કે ગરમીનિવારક કેન્દ્ર ઉત્તેજના પામે છે. આમ થવાથી ચામડીની લોહીની નળીઓ પહોળી થતાં લોહી ત્યાં ધસી જવાથી દરદી ઘણી ગરમી અનુભવે છે. પછી ગરમીનિવારક કરામતની કામગીરી શરૂ થાય છે. આમ ગરમીના વધારા અને ઘટાડાની સમતુલા જળવાય છે. પણ જ્યાં સુધી રોગજીવાણુઓનું ઝેર લોહીમાં ભળેલું રહે છે ત્યાં સુધી તાવ કાયમ રહે છે. એટલે, જો કે ગરમીના વધારાનો ઘટાડો થઈ સમતુલા જળવાતી હોવા છતાં યે આ સમયે ઉષ્માક્રમનિયામક કેન્દ્ર ઊંચી કક્ષાએ રહી કામ કરતું હોવાથી શરીરની ગરમીના આંક ઊંચો રહે છે. જ્યારે લોહીમાંથી જીવાણુઓનું ઝેર દૂર થાય છે ત્યારે તાવ એકદમ કે ધીમેધીમે ઊતરે છે અને શરીરની ગરમી સમધારણ (normal) બને છે.

મોટેરાંઓ કરતાં છોકરાંઓનું (રડ્યા પછી ખસૂસ) ઉષ્મામાન (temperature) ઊંચું રહે છે, તો વૃદ્ધોનું સમધારણ કરતાં નીચું રહે છે. સ્ત્રીઓના શરીરની ગરમીમાં ચોક્કસ અને સતત ફેરફાર રહે છે. રજોદર્શન દરમિયાન ગરમીનો આંક ઓછામાં ઓછો રહે છે. પછીના ચૌદ દિવસ દરમિયાન તે થોડીથોડી વધી અડકાવ આવવાના વખત સુધીમાં તો ઊંચામાં ઊંચા અંશે આવી રહે છે. તેની ઓછામાં ઓછી અને વધુમાં વધુ ગરમી વચ્ચે ૧.૩ અંશનો તફાવત રહે છે. અડકાવ શરૂ થયા પછી તેરથી સત્તરમા દિવસે બીજગ્રંથિમાંથી બીજકોષ બહાર પડે છે. આ છે ઓવ્યુલેશન કાળ (ovulation period). બીજકોષનું જીવન એક, બે કે ત્રણ દિવસનું માનવામાં આવે છે. એટલે ગર્ભાધાન માટેનો ઉત્તમ સમય ઓવ્યુલેશન કાળ સહિત આગળ-પાછળના બબ્બે દિવસ સુધીનો છે. ઓવ્યુલેશનના દિવસે શરીરની ગરમીનો એકદમ ઘટાડો થાય છે. બીજા દિવસથી તે વધી અડકાવ આવતાં સુધીમાં તો એક અંશ જેટલી વધે છે. ઉષ્મામાન લેવાનો જો રોજિંદો નિયમ હોય તો ઓવ્યુલેશન કાળ ચોક્કસ જાણી શકાય છે. રાતના આરામ બાદ સવારના જાગીને પથારીમાં સૂતાંસૂતાં જ ઉષ્મામાન માપવું જોઇએ. બે રજોદર્શન વચ્ચેનો શરીરની ગરમીનો આ ફેરફાર ધ્યાનમાં લઇને જ સંતતિનિયમનની યોજના ઘડવામાં આવે છે.

શરીરની ગરમી માપવાનું સાધન થર્મૉમીટર સૌનું જાણીતું છે. ગરમી માપવા માટે તે મોંમાં, બગલમાં, વળામાં કે ગુદામાં રખાય છે. મોટેરાં માટે પહેલાં બે સ્થાન છે, તો બાળકો માટે બીજાં બે. બગલમાં માપેલી ગરમી સદા ચોક્કસ નથી હોતી, પણ મોંમાં આવેલી ગરમી વિશ્વસનીય છે. પણ ગરમી માપતાં પંદર મિનિટ અગાઉ ગરમ કે ઠંડું પાણી પીધેલું ન હોવું જોઇએ. જો નાક સજ્જડ થઈ ગયું હોય તો તે વખતે પણ મોંમાં ગરમીનું માપ બરાબર નથી આવતું. બગલમાં થર્મૉમીટર મૂકતાં અગાઉ ત્યાંનો પરસેવો લૂછી નાખવો જોઇએ.

તાવ માપવા માટે થર્મૉમીટર મોંમાં ત્રણ મિનિટ, તો બગલ અને વળામાં પાંચ મિનિટ રાખવાનું છે, નહિ કે ફક્ત અરધી જ મિનિટ સુધી. થર્મૉમીટર ઉપર લખેલો આ ‘અરધી મિનિટ’નો આંકડો ભૂલથાપ આપનારો છે. એ તો, એ થર્મૉમીટરની કસોટી કરતી વખતે (એટલે કે એ થર્મૉમીટરને ચકાસતી વખતે પાણીની અંકુશિત ગરમીમાં ગરમીનો આંક બતાવવા માટે કેટલો સમય વીતેલો તેનો) આંક છે.

શરીરની જુદીજુદી સ્થિતિઓ વખતે, લોહીની ગરમી જેટલો જ થર્મૉમીટરમાં પારો ચડવા માટે તેને પૂરતો સમય બગલ કે મોંમાં રાખવું જોઇએ. બગલમાં તો ફક્ત ચામડીની સપાટીની ગરમી જાણવા મળે છે, જ્યારે મોંમાં નોંધાએલી ગરમી લોહીની ગરમીનું ચોક્કસ માપ બતાવે છે. આ આંકમાંથી અરધો કે એક અંશ બાદ કરી ખરી ગરમીની ગણતરી કરવાનો પ્રચલિત રિવાજ તદ્દન ખોટો અને વાહિયાત છે.

સૌથી વધુ ઉષ્મામાન ગુદામાં આવે છે: વળા કરતાં ૧ અંશ વધારે, મોંના કરતાં ૦.૨ અંશ તથા બગલ કરતાં ૧.૩ અંશ વધારે. બગલ કરતાં મોંની ગરમી અરધો કે એક અંશ વધારે હોય છે.

તાવ છે તો દુઃખભરી સ્થિતિ. એનો આંક ૧૦૮-૧૧૦ અંશ જેટલો ઊંચો જાય તો તે ઘણુંખરું પ્રાણઘાતક નીવડે છે. છતાં આ સ્થિતિ પણ મટી જાય એવી તો છે જ, અને મોટા ભાગે રોગનો સામનો કરવામાં એ સહાયકર્તા પણ છે. આ કેમ બને છે એ રહસ્ય અણઉકેલાએલું છે. પણ સિફિલિસ જેવા રોગોમાં ‘કૃત્રિમ તાવ’ આણવાનો ઉપચાર જાણીતો છે. તાવ એ કંઈ રોગ નથી, પણ ચિહ્ન માત્ર છે. એ જાણે કે શરીરમાં ઊભા થએલા બગાડને જાહેર કરતી લાલ બત્તી સમાન છે. એની હાજરીથી રોગનાં નિદાન અને ઉપચાર માટે આપણે વેળાસર ચેતીએ છીએ.

(હવે પછી ‘ચોળિયાનો સોજો’.)

સુભાષિત

व्याधेस्तत्वपरिज्ञानं वेदनायाश्च निग्रहः ।
एतद्वैद्यस्य वैद्यत्वं न वैद्यः प्रभुरायुषः ॥

અનુવાદ

વેદનાને શમાવે જે, વ્યાધિના મૂળને જુએ;
એ ખરું વૈદ્યનું કાર્ય, પ્રભુ એ નહિ જીવનો.

[વિવરણ: કહેવતો અનુભવ ઉપરથી રચાએલી છે અને ભાષાનું એ ગૌરવ પણ છે. પરંતુ એને મર્યાદા છે. કેટલીક સત્ય ઉપર, અને કેટલીક અર્ધ સત્ય ઉપર રચાએલી હોય છે; પરંતુ કેટલીકમાં બેમાંથી એકે હોતું નથી અને માત્ર ગેરસમજણ રહેલી હોય છે. એવી એક ગુજરાતી કહેવત તે ‘વૈદ્યનાં મરે નહિ અને જોશીનાં રાંડે નહિ’. વૈદ્ય કે જોશી પરત્વે અંધશ્રદ્ધા ધરાવનારાઓને શિખામણ આપતી એ કહેવતમાં વૈદ્યના કર્તવ્ય વિષે લોકોની એવી સમજ અભિપ્રેત છે, વૈદ્ય મરણને પણ અટકાવી શકે; પરંતુ ઉપરના શ્લોકથી સમજાશે કે વૈદ્યનું ખરું કાર્ય વ્યાધિનાં દેખાતાં ચિહ્નોનો ઉપરઉપરથી ઉપચાર કરવો એ નથી, પણ એનું મૂળ શોધી કાઢી ઉપચાર કરવાનું છે. વૈદ્યનાં મરે જ નહિ, કે વૈદ્ય આવરદા વધારે એ વાત છેક ખોટી છે. આયુષ્ય વૈદ્યના હાથમાં નથી. એ દોરી તો સર્વેશ્વરે પોતાના હાથમાં જ રાખી છે. એટલે જ ખૂબ ઉપચાર થવા છતાં માણસ બચતો નથી, અને કાંઈ જ દવા ન લેનારો બચી જાય છે એવા દાખલા દુનિયામાં બનેલા છે.

વૈદ્ય ઉપર ગુસ્સે થએલા કોઈ કવિએ આવો બીજો શ્લોક પણ લખેલો છે:

वैद्यराज नमस्तुभ्यं यमराज सहोदर।
यमस्तु हरति प्राणान वैद्यो प्राणान् धनानि च ।

(યમરાજના ભાઈ જેવા વૈદ્યને નવ ગજના નમસ્કાર; યમ તો માત્ર જીવ લે છે, પણ વૈદ્ય તો પ્રાણ અને પૈસા બંને.) પ્રાણ રાખવાની કે હરવાની શક્તિ તો ઈશ્વર સિવાય કોઇનામાં નથી. વૈદ્ય યમનો ભાઇ પણ નથી અને કોઈ લોભી વૈદ્ય ધન વધારે લેતો હશે, પણ પ્રાણ લઈ શકતો નથી. આયુર્વેદનું મહાવાક્ય તો એ છે કે प्रज्ञापराध. પ્રજ્ઞાનો અપરાધ કરનાર આરોગ્ય ગુમાવે છે એ જ કેવળ સત્ય છે. વળી, ઉપરની ગુજરાતી કહેવતમાંનો જોશી ઉપરનો આક્ષેપ પણ ખરો નથી. પણ એ ચર્ચા અસ્થાને છે. કાવ્યના અનુવાદમાં જરા છૂટ લીધી છે. **ર. ભી.**]

ફોટોગ્રાફીનું વ્યવહારુ અને વૈજ્ઞાનિક જ્ઞાન આપતી લેખમાળાનો આગળ ૧૫મો હપતો

કાળી છબિઓને રંગીન બનાવવાની ક્રિયા

ટોનિંગ

લેખક
ગોવિન્દ એસ. મેવાડા



ગયા અંકમાં આપણે રંગીન ફોટોગ્રાફ બનાવવાની પદ્ધતિ 'ટોનિંગ'ની એક રીત જોઈ. હવે બાકીની રીતો જોઇએ.

(૨) રંગ (dyes) વાપરીને ટોન કરવાની રીત :

રંગના પાણીમાં છબિને ધોવાથી તેના પર પાકો રંગ સીધી રીતે ચડતો નથી. તે માટે છબિમાંના સિલ્વરને 'મૉર્ડન્ટ' mordant) કરે તેવા પદાર્થમાં ફેરવી નાખવામાં આવે તો તેના પર પાકો રંગ ચડી શકે. ('મૉર્ડન્ટ' એટલે પાછળથી આવનારા દ્રવ્યને માટે સાનુકૂળ ભૂમિકા કરીને તેને દ્રાવ્ય કરી દે તેવું દ્રવ્ય.) તેથી, છબિને પહેલાં 'મૉર્ડન્ટ' કરે તેવા દ્રાવણમાં ધોવી જોઇએ. વળી આ રીતે રંગીન બનાવવાના પ્રિન્ટને એકલા હાઇપોના દ્રાવણમાં ફિક્સ કરી, તેને પાણીથી બરાબર સાફ કરીને તેમાં હાઇપોનો અંશમાત્ર રહેવા દેવો જોઇએ નહિ. એ મૉર્ડન્ટ બાથની પદ્ધતિ આ નીચે આપી છે.

મૉર્ડન્ટ–બાથ : ૨ ભાગ યુરેનિયમ નાઇટ્રેટ, ૧ ભાગ ઑક્ઝૅલિક ઍસિડ, ૧ ભાગ પોટાશ્યમ ફેરીસાયેનાઈડ, ૨૫૦ ભાગ પાણી. પહેલાં દરેક રસાયણને થોડાથોડા પાણીમાં અલગ અલગ ઓગાળી, જણાવેલા ક્રમમાં ભેળવવું. આ પ્રમાણે તૈયાર કરેલું દ્રાવણ પીળાશપડતા રંગનું હોય છે. તે કાચ જેવું ચોખ્ખું ન હોય તો ગાળી લેવું. તેના પર પ્રકાશની અસર થતી હોવાથી બનાવીને તરત જ બ્રાઉન (અંબર) રંગની બાટલીમાં ભરી દેવું.

ઉપયોગ વખતે મૉર્ડન્ટ–બાથના એક ભાગે ચાર ભાગ પાણી ઉમેરી, પ્રથમથી પાણીમાં ભીંજાવેલા પ્રિન્ટને તેમાં નાખો અને બે મિનિટ સુધી (આછો ચૉકલેટિયા રંગ ચડે ત્યાં સુધી) ધૂઓ. પછી તેમાંથી કાઢી લઈ, છબિના પ્રકાશવાળા ભાગ પરથી પીળો રંગ ધોવાઈ જાય તે માટે ફક્ત એક જ મિનિટ સુધી ચોખ્ખા પાણીમાં ધૂઓ. પછી તુરત, નીચે મુજબ બનાવેલા, (પ્રિન્ટ પર જેવો રંગ ચડાવવો હોય તેવા) રંગના ઍસિડિક દ્રાવણમાં પ્રિન્ટને ૧૦–૧૫ મિનિટ સુધી (અથવા રંગને અનુકૂળ શેઈડ આવે ત્યાં સુધી) ધૂઓ.

રંગ (dye)નું નામ	છબિ પર થતો રંગ
૧. સૅફ્રેનીન-એ	રાતો
૨. ઑરામાઈન	પીળો
૩. વિક્ટોરિયા ગ્રીન	ભુરાશપડતો લીલો
૪. મિથિલીન બ્લૂ–બી બી	વાદળી
૫. મિથાઈલ વાયોલેટ	જાંબુડી
૬. નં. ૧+૨ સરખે ભાગે લેવાથી	નારંગી
૭. નં. ૨+૪ સરખે ભાગે લેવાથી	લીલો

એક ભાગ રંગને હજાર ભાગ પાણીમાં ઓગાળવો. જલદી ન ઓગળે તો પાણીને ગરમ કરવું. આ પ્રમાણે બનાવેલું દ્રાવણ $\frac{૧}{૧૦}$ ટકા કહેવાય.

એક ભાગ ગ્લેશ્યલ ઍસેટિક ઍસિડ અને ૯૯ ભાગ પાણી, અથવા એક ભાગ ૨૮ ટકાવાળો ઍસેટિક અને ૨૭ ભાગ પાણી વડે ઍસેટિક ઍસિડનું એક ટકાવાળું દ્રાવણ બનશે.

ઉપરનાં ($\frac{૧}{૧૦}$ ટકાવાળું તથા એક ટકાવાળું) બન્ને દ્રાવણોને નીચે મુજબ મેળવવાથી રંગીન છબિ બનાવવાનું દ્રાવણ તૈયાર થશે.

$\frac{૧}{૧૦}$ ટકાવાળું રંગનું દ્રાવણ	*૪ ભાગ
૧ ટકાવાળું ઍસેટિક ઍસિડનું દ્રાવણ	૧ ભાગ
પાણી	૧૦ ભાગ

(* જાંબુડી રંગ બનાવવા માટે માત્ર ૧ ભાગ લેવું)

ઉપર જણાવેલા દ્રાવણથી લૅન્ટર્ન સ્લાઈડ અથવા ફિલ્મને પણ રંગીન કરી શકાય : એક ભાગ મૉર્ડન્ટ-બાથમાં ચાર ભાગ પાણી ઉમેરી, તેમાં સ્લાઇડ (અથવા ફિલ્મ) સાધારણ ચૉકલેટિયા રંગની થાય ત્યાં સુધી (દોઢથી બે મિનિટ સુધી) રાખી, સ્વચ્છ પાણીમાં ૧૦–૧૫ મિનિટ સુધી ધોઈ લેવી. કોઈ સંજોગોમાં ૨૦ મિનિટ કરતાં વધુ સમય સુધી ધોવી નહિ. આ પ્રમાણે મૉર્ડન્ટ કરેલી છબિને પાંચ ભાગ પાણીમાં ઉપર પ્રમાણે બનાવેલા રંગનું દ્રાવણ (ચાર ભાગ) અને ઍસેટિક ઍસિડનું દ્રાવણ (એક ભાગ) ઉમેરી, મનપસંદ શેઈડ આવે ત્યાં સુધી ધોઈ, છેવટે પાણીમાં ધોઇ લેવી.

ટિન્ટિંગ (tinting) કરવાની (આખી છબિ પર એક સરખા રંગનું પડ ચડાવવાની) રીત : ઉપરની રીતથી છબિના છાયાવાળા ભાગ ઉપર રંગ ચડે છે, જ્યારે પ્રકાશવાળો ભાગ ધોળા રહે છે. પણ ટિન્ટિંગથી આખી છબિ પર એકસરખા રંગનું પાતળું પડ ચડે છે. આ માટે કાગળ પર લગાવેલા ટ્રાન્સપૅરન્ટ વૉટર-કલર આવે છે. તે પાણીમાં ઓગાળવાથી બનતા રંગીન પાણીમાં દર હજાર ભાગે એક ભાગ ગ્લેશ્યલ ઍસેટિક ઍસિડ ઉમેરો. આ દ્રાવણમાં સ્લાઈડ (અથવા ફિલ્મ) જો ૩–૪ મિનિટ રાખી મૂકવાથી તેના પર રંગ ચડી જાય છે. ત્યાર બાદ તેને સ્વચ્છ પાણીમાં ધોઇ સૂકવવા મૂકી દેવી.

ટોન કરેલી સ્લાઈડને અનુકૂળ ટિન્ટ કરવાથી આકર્ષક અસરો ઉપજાવી શકાય. બ્લૂ ટોન કરેલી સ્લાઇડ માટે રાતો, પીળો કે નારંગી રંગ સારો લાગે છે. આ રીતે, છબિના શેઇડ અને હાફ્ટોનવાળા ભાગમાં ટિન્ટ અને ટોનની વચ્ચેના (બન્નેની અસરથી ઉત્પન્ન થતા) નવા રંગની ને પારદર્શક (ધોળા)ભાગમાં ટિન્ટ કરેલા રંગની અસર મળે છે.

(૩) 'ક્રોમોજેનિક' ડેવેલપમેન્ટથી ટોન કરવાની રીત.

જે રસાયણોને ઑક્સિડાઇઝ કરવાથી રંગ પકડતાં હોય છે તે 'ક્રોમોજેનિક' કહેવાય. ડેવેલપરમાં વપરાતાં કેટલાંક રસાયણો (જેમકે પૅરાફીનીલીન ડાયઅમાઇન અને તેમાંથી બનાવેલાં)ને ઑક્સિડાઈઝ કરવાથી રંગ બનતા હોવાથી, તે સિલ્વરથી અંકાએલી છબિને રંગીન બનાવે છે. આ રીત ડૉ. હોમોલ્કા (૧૯૦૬)ના અભ્યાસનું પરિણામ છે. ત્યાર બાદ ફિશરે (૧૯૧૪) તે આગળ ધપાવી અને આગ્ફા કલર તથા કોડાક્રોમની રંગીન ફિલ્મો માટેની મૂળભૂત રીત હાથ લાગી. તેની વિગતો પેટન્ટથી રક્ષાએલી છે.

રિડ્યૂસિંગ એજન્ટ (ડેવેલપિંગ એજન્ટ) ઈમલ્શનમાંના સિલ્વર હેલાઇડથી ઑક્સિડાઈઝ થઈ જાય છે; અને તેની સાથે કલર-ફૉર્મર હોય તો તે ઑક્સિડાઈઝ થએલા પદાર્થ સાથે સંયોજાઈ, છબિમાંનાં સિલ્વરના ગ્રેઈનની બાજુમાં ગોઠવાઈ જઈ, છબિને રંગીન બનાવે છે. આ સિલ્વરને પાછળથી રિડ્યુસરથી દૂર કરવું હોય તો થઇ શકે છે.

આ રીતમાં પેપરને જરૂર કરતાં વીસ ટકા વધારે એક્સપોઝર આપી તેને નીચે પ્રમાણે બનાવેલા (૧) કલર ડેવેલપર અને (૨) કલર ફૉર્મરના મિશ્રણમાં ડેવેલપ કરી લેવાથી રંગીન છબિ મેળવી શકાય છે.

(૧) કલર ડેવેલપર

ડાઈ ઇથાઈલ અથવા ડાઈ મિથાઈલ પૅરાફીનીલીન ડાઈ અમાઇન	૧ ભાગ
સોડિયમ સલ્ફાઈટ (અ-સ્ફટિક)	૫ ,,
પોટાસ્યમ કાર્બોનેટ	૨૦ ,,
પાણી	૧૦૦૦ ,,

(૨) કલર ફૉર્મર

૧૦૦ ભાગ મૅથીલેટેડ સ્પિરિટમાં નીચે જણાવેલા રંગની સામે આપેલા માપમાં રસાયણ ઓગાળવું:

રંગ	રસાયણ	ભાગ
જાંબુડી	પૅરાનાઈટ્રોફીનાઈલ-ઍસિટોનાઈટ્રાઈલ	૮
વાદળી	આલ્ફા-નેપ્થૉલ	૭/૧૦
ભૂરાશપડતો લીલો	ડાયક્લોરો-આલ્ફા-નેપ્થૉલ	૧
લીલો	ડાયક્લોરો-ઑર્થો ક્રેસૉલ	૯/૧૦
પીળો	ઑર્થો-ક્લોરો-ઍસિટોનાઈટ્રાઈલ	૧

છબિને ટોન કરવા માટે ઉપર જણાવેલા (૧) 'કલર ડેવેલપર'ના દસ ભાગે એક ભાગ (૨) 'કલર ફૉર્મર' ઉમેરવું. કલર ફૉર્મરનું પ્રમાણ ઓછું-વત્તું કરી છબિને જોઇતા શેઈડવાળો રંગ ચડાવી શકાશે. એક વખત વપરાએલું દ્રાવણ ફરીથી કામમાં આવતું ન હોઈ ફેંકી દેવું.

લગભગ દરેક જાતના બ્રોમાઈડ તથા ક્લોરો-બ્રોમાઈડ પેપર અને લૅન્ટર્ન સ્લાઈડને આ પ્રમાણે ટોન કરી શકાય. ક્લોરાઈડ પેપરને નહિ.

આ પ્રમાણે કલર ડેવેલપ કરેલી છબિને ફિક્સ કરવા માટે એકલા હાઈપોનું અથવા તે સાથે સોડિયમ સલ્ફાઈટનું બે ટકાવાળું દ્રાવણ વાપરવું. તે ઍસિટિક હોવું ન જોઇએ. હાર્ડનર તરીકે જરૂર લાગે તો બે ટકાવાળું ફૉર્મેલીનનું દ્રાવણ વાપરવું. ત્યાર બાદ પ્રિન્ટને ૨૫-૩૦ મિનિટ સુધી ચોખ્ખા પાણીમાં ધોવો. તે કરતાં વધુ સમય પાણીમાં રાખવાથી રંગ ઝાંખો પડી જવા સંભવ છે.

પ્રિન્ટ પર વધુપડતો રંગ થઈ ગયો હોય તો તેને એક ટકાવાળા મીઠાના તેજાબમાં ધોવાથી બરાબર કરી શકાશે.

સામાન્યરીતે પહેલેથી ડેવેલપ કરેલા પ્રિન્ટને આ રીતથી રંગીન કરવા હોય તો પહેલાં નીચેના દ્રાવણમાં બ્લીચ કરી લેવા:

પોટાસ્યમ બ્રોમાઈડ	૨ ભાગ
પોટાસ્યમ ફેરીસાયેનાઈડ	૩ ,,
પાણી	૧૦૦ ,,

તેમાં છબિ દોઢ-બે મિનિટમાં અદૃશ્ય થઈ ગયા બાદ પાણીથી બરાબર ધોઇ, એક મિનિટ બે ટકાવાળા સોડિયમ સલ્ફાઈટના દ્રાવણમાં રાખવી. ત્યાર બાદ જે તે કલર ફૉર્મરમાં બરાબર રંગ આવે ત્યાં સુધી રાખી છેવટે ૧૫ મિનિટ સુધી પાણીમાં ધોઈ લેવી.

(આ લેખમાળા અહીં પૂરી થાય છે.)

એક અનન્ય અને ઉપયોગી ગ્રંથ

ચરોતર ભૂમિનો જ્ઞાનકોશ: ચરોતર સર્વસંગ્રહ

ગુજરાતની ગ્રંથસ્થ પ્રદેશમાહિતીના સાહિત્યમાં આટલો સર્વ વિષયસ્પર્શી ને એટલો જ સમૃદ્ધ ફાળો આ સર્વસંગ્રહ-માહિતીગ્રંથ કદાચ પહેલો જ પૂરો પાડે છે. પ્રદેશમાહિતી એટલે માત્ર સ્થળવર્ણનો એવી ભૂગોળાઉ વ્યાખ્યાને વટાવી દઇને ઉક્ત પ્રદેશના વિવિધ વિષયોને અહીં જે સંપૂર્ણપણે નિરૂપ્યા છે તે મુગ્ધ કરે છે. આ ગ્રંથના મહત્ત્વને યથાર્થ સમજવા તેના વિભાગખંડોની ટૂંકી રૂપરેખા જોઇએ.

કુલ ૧૯૮૪ પૃષ્ઠોમાં પથરાએલો ચરોતર પ્રદેશ(ખેડા જિલ્લા)નો આ માહિતીગ્રંથ બે વિભાગોમાં વહેંચાએલો છે. પહેલો પ્રદેશદર્શન વિભાગ છ ખંડોમાં વહેંચાએલો છે: સ્થળવર્ણન, ખેતીઉદ્યોગ, વિશિષ્ટ પ્રવૃત્તિઓ, સમાજવ્યવસ્થા અને ઇતિહાસદર્શન. બીજો વિભાગ જુદાજુદા ૨૦ ખંડોમાં વહેંચવામાં આવ્યો છે: ગામો, મ્યુનિસિપાલિટી-ગ્રામપંચાયતો, વૉટર-વર્ક્સ, શિક્ષણસંસ્થાઓ, દવાખાનાં, વર્તમાનપત્રો, કારખાનાં, વેપારીઓ-ધંધાદારીઓ, બૅંકો-શરાફી પેઢીઓ, વિદેહ વ્યક્તિઓ, વિદ્યમાન વ્યક્તિઓ, પરદેશવાસી વ્યક્તિઓ વગેરે.

આ બધાં બાહ્ય ખોખાંઓમાં ચરોતર પ્રદેશ વિષેની મોટામાં મોટી અને નાનામાં નાની બધી જ માહિતીઓ ઠાંસીઠાંસીને ભરવામાં આવી છે. પહેલા વિભાગના એક 'સ્થળવર્ણન' ખંડનો દાખલો લઇએ. તે ખંડ જુદાજુદા ૫૫ વિષયોમાં સમાએલો છે. વળી આ વિષયો તે ઉપલકિયા લેખો નથી. તે દરેક વિષયને અહીં શાસ્ત્રનું સવિસ્તર સ્વરૂપ અપાયું છે. જેમકે પહેલા વિભાગનો 'સ્થળવર્ણન' ખંડનો ૨૬ પૃષ્ઠોમાં વિસ્તરાએલો વિષય 'કીટક' પરિચય, મુખ્ય લક્ષણો, જીવનક્રમ, લાભાલાભ, તેમના નાશના ઉપાયો ને જુદીજુદી બધી જ રીતો, તેમની વર્ગીકૃત માહિતી, એક કરતાં વધુ પાકને નુકસાન કરનારા કીટકોનાં વિસ્તૃત પરિચય-માહિતી આટલા ભાગો ભરાવે છે.

બીજો વિભાગ છે 'માહિતીકોષ' (ડિરેક્ટરી). તે કુલ ૯૩૬ પૃષ્ઠોમાં વહેંચાએલો છે. ખેડા જિલ્લાનાં નાનામાં નાનાં ગામ, નિશાળ, સામયિક પત્ર, ઉદ્યોગ, છાપખાનાં, વિદેહ ને વિદ્યમાન વ્યક્તિવિશેષો, હોટલો અરે-વેપારીઓની પણ વિગતવાર નામાવલિ આ માહિતીગ્રંથમાંથી સાંપડે છે. ભારતના અન્ય કોઈ પ્રાન્તે પોતાના એક નાના જિલ્લાનો આટલો વિપુલ, સમૃદ્ધ ને વિગતથી પરિચય આપતું પુસ્તક બહાર પાડ્યું જાણમાં નથી. જો તેવું કોઈ પુસ્તક બહાર પડ્યું હોય તો ચરોતર પ્રદેશનો આ જ્ઞાનકોશ જરૂર તેની હરીફાઇમાં ઊભો રહી શકે અને પ્રથમ હરોળનું સ્થ. ૧ પામે. સંપાદકો: પુરુષોત્તમ છ. શાહ અને ચન્દ્રકાન્ત ફૂ. શાહ, પ્રકાશક: લોકમત પ્રકાશન લિ. ડુમરાલ બજાર, નડિયાદ, મૂલ્ય (બંને વિભાગોનું) ૧૫-૦-૦.

નવાં પુસ્તકો

નવજીવન પ્રકાશન મંદિર(અમદાવાદ-૧૪)નાં પુસ્તકો:

ગીતા પ્રવચનો: ગીતા પરનાં વિનોબા ભાવેનાં સરળ અને મનનીય પ્રવચનો, ૧-૦-૦; **સ્થિતપ્રજ્ઞદર્શન**: ગીતાના એ ખાસ વિષય પર વિનોબાજીનાં વ્યાખ્યાનો, ૧-૮-૦; **ઈશાવાસ્ય વૃત્તિ**: ઈશાવાસ્ય ઉપનિષદ પર વિનોબાજીનું સરળ ટિપ્પણ, અનુ. પાંડુરંગ ગણેશ દેશપાંડે, ૦-૧૦-૦; **ઠક્કરબાપા**: એ દીનદલિતોદ્ધારકનું સવિસ્તર જીવનચરિત્ર, લેખક: કાન્તિલાલ શાહ, પ્રાપ્તિસ્થાન ઉપર મુજબ, ૦-૪-૦; **ગાંધીજીના પાવન પ્રસંગો**: 'લોકજીવન'માં અવારનવાર પ્રકટ થએલા ગાંધીજીના પુણ્યપ્રસંગો, લેખક: લલ્લુભાઈ મકનજી, ૦-૬-૦.



ચિદમ્બરમ્

ઉપરઃ ચિત્ર ૧–ચિદમ્બરમના વિશાળ પટાંગણમાં મંદિરસમૂહ; નીચેઃ ચિત્ર ૨–સ્તંભની હાર તથા શિલ્પથી મંડિત એક મંદિરની બહારની બાજુ

તસ્વીરકાર અને લેખક • **ચન્દ્રકાન્ત ઝવેરી**

આપણા દેશની સંસ્કૃતિમાં આપણી લલિત કળાઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. સંગીત, નૃત્ય, ચિત્રકળા, સાહિત્ય, શિલ્પ, સ્થાપત્યો વગેરેના ભંડારો એના અનોખા સ્વરૂપમાં આખા દેશમાં પથરાએલા પડ્યા છે. આ બધી કળાઓ જુદાજુદા વખતે અને જુદીજુદી જગ્યાઓએ એની સર્વોચ્ચ કક્ષાએ પહોંચી હતી. કાળના ખપ્પરમાં એની જાહોજલાલી નષ્ટ પામી, તે ઊતરતી ગઇ, નાશ પામી અને સ્મરણમાંથી પણ ભૂંસાઇ ગઈ.

પણ પડતીચડતીનું ચક્ર સતત ચાલ્યા જ કરે છે. આ યુગમાં ફરી પાછા આપણે આપણા એ પ્રાચીન વારસા તરફ અભિમુખ થઇ સંગીત, નૃત્ય, ચિત્ર, સાહિત્ય વગેરેને અપનાવતા થયા છીએ ને આ પ્રાચીન કળાઓની પરંપરાનો દોર સજીવન કરવા મથીએ છીએ. પણ આપણા ભવ્ય વારસા જેવાં શિલ્પ અને સ્થાપત્યને એના મૂળ સ્વરૂપમાં હાલની પેઢી—કે ભવિષ્યની પ્રજા પણ વિકસાવી શકશે કે કેમ તેનો અંદેશો રહે છે. આપણા ઇતિહાસના હજારો વર્ષના ગાળામાં ભારતના પ્રાંતેપ્રાંતે ને ખૂણેખૂણે જુદાજુદા વંશના રાજાઓએ ભવનનિર્માણની એ કળાને મહત્ત્વનું સ્થાન આપીને તથા તેને વિકસાવીને જે ચરમ સીમાએ પહોંચાડી એ તો અદ્ભુત લાગે છે.

દક્ષિણ ભારતનાં હિન્દુ દેવાલયો ભવનનિર્માણની આ કળામાં એક જુદી જ ભાત પાડે છે. ત્યાંનું દરેક મંદિર એની કોઈ ને કોઈ વિશિષ્ટતા માટે જુદું તરી આવે છે. સામાન્ય નજરે જોઇએ તો આ મંદિરોની વિશાળતા, તેનાં ઊંચાં ગોપુરમો, મંદિરનાં પ્રાંગણમાંનાં તળાવો, તેના સભામંડપો, ગર્ભગૃહો અને દેવદેવીઓની મૂર્તિઓ એકસરખાં લાગે; પણ જરા વધારે રસ લઈને દરેક મંદિરનો ઇતિહાસ અને તેને અંગેની કથા-ગાથાઓ તથા તેના શિલ્પની લાક્ષણિકતાઓમાં જો ઊંડા ઊતરીએ તો દરેકમાં કાંઈક નવીન જ જોવા જાણવાનું મળે છે. આવાં મંદિરો બાંધનાર અને શિલ્પકાર કળાકારોએ માત્ર આજીવિકાને અર્થે જ, અગર તો આજના અર્થયુગમાં પ્રવર્તે છે તે 'રોકડિયા ભાવ'થી આવી અલૌકિક રચનાઓ કરી હશે એમ માનવું ભૂલભરેલું ગણાય. આવાં કામો ઉદાત્ત ધર્મભાવના, ઈશ્વર પ્રત્યેની ભક્તિ, ઊંડી શ્રદ્ધા અને લગની વગર નિર્માણ ન થઇ શકે. ધન્ય છે એ કળાકારોને કે જેમણે પેઢી દર પેઢી આ કળાને સોંપતા જઇને આવી મહાન રચનાઓ કરી અને આજની માફક પોતાનાં 'નામ'ને નહિ પણ 'કામ'ને અમર બનાવ્યાં. આવું એક ભવ્ય મંદિર તે દક્ષિણમાં આવેલું ચિદંબરમ્‌નું 'નટરાજ શિવ'નું મંદિર. મદ્રાસની દક્ષિણે આશરે ૧૫૦ માઇલ પર વસેલું આ શહેર ઘણું પુરાણું છે. પલ્લવ વંશમાં આ શહેરની જાહોજલાલી ઠીકઠીક ખીલી હતી.





ચિદમ્બરમનું દેવાલય દક્ષિણમાં જૂનામાં જૂનું મનાય છે. ભક્તિ, તત્ત્વજ્ઞાન અને ધર્મસાહિત્ય આ મંદિરની સાથે જેટલાં વિકસ્યાં છે એટલાં અન્યત્ર ક્યાંય નથી વિકસ્યાં. માનવની ઊર્ધ્વ આકાંક્ષાઓનું એક કાળે એ તીર્થ હતું. દક્ષિણની વિદ્વત્તા અહીંથી પોષાતી અને અહીં ઠલવાતી, પરમ ભક્તો અહીં આવીને જીવન-સમર્પણ કરતા. અને તામિલનું ભક્તિસાહિત્ય પેરિયર પુરાણ તથા અનેક તેવરમ્-શિવસ્તોત્રો પણ અહીં રચાએલાં. પરમ દાર્શનિક પતંજલિ તથા વ્યાઘ્રપાદ ઉપર કૃપાવંત થઇ અહીં શિવે તેમને દર્શન દીધાં હતાં.

પણ આ કરતાં યે જ્ઞાનરૂપી અંબર ધારણ કરનાર ચિદંબર નટરાજનો મહિમા અપૂર્વ છે. દેવનો સાક્ષાત્કાર સાચા ભક્તને કદી દુર્લભ નથી. અત્યારે જ્યાં નટરાજની મૂર્તિ છે તેની સામેની ચિત્-સભામાં સાક્ષાત નટરાજે નૃત્ય કરેલું છે. એ નૃત્યનાં નજરોનજર દર્શન કરનાર ભક્ત ગોવિંદરાજ પેરુમલનું પણ અહીં મંદિર છે.

આ રીતે ચિદમ્બરમ્ તત્ત્વજ્ઞાન, ભક્તિ અને સાહિત્યની ત્રિવિધ પાર્થિવ સિદ્ધિ ઉપરાંત દેવની સાક્ષાત્સ્થિતિને લીધે મહા પવિત્ર ધામ ગણાય છે. એની ઉત્પત્તિનો ઇતિહાસ પણ અદ્ભુત કહેવાય તેવો છે. એક કાળે અહીં કેવળ અરણ્ય જ હતું. ઉત્તરનો રાજા સિંહવર્મા દક્ષિણના દિગ્વિજય માટે અહીંથી જતો હતો. રસ્તે એક તળાવમાં તે નાહ્યો. તેની કાયા સોનાની બની ગઈ. તેણે દેવની સ્થાપના કરી. અને તે પછીથી તે હિરણ્ય વર્માને નામે ઓળખાવા લાગ્યો. આ આખી ભૂમિમાં જ કોઈ અલૌકિક લક્ષણો હતાં. ચિત્-સભાની પાસેના કૂવામાંથી પુષ્કળ સોનું મળી આવ્યું. એ સોનામાંથી નટરાજના મંદિરનું છાપરું બનાવાયું.

ચિદમ્બરમના મંદિરમાં શિવલિંગ જ નથી. તેને બદલે નટરાજની સુવર્ણપ્રતિમા પૂજાય છે. સોનાના છાપરા નીચે વિરાજમાન સોનાના બેએક ફૂટ ઊંચા નટરાજ અદ્ભુત ભંગીયુક્ત નૃત્યસ્થિતિમાં તેજભર્યા બ્રહ્માંડગોલકોની કમાનમાં ઊભા છે. પણ એમના પરમ નૃત્યાવેગને પૂજારીઓએ વસ્ત્રોમાં ઢાંકી દીધેલો છે!


ગર્ભગૃહને ફરતો ખુલ્લો ચોક ઊંચી રવેશથી બાંધી લેવાએલો છે. એ રવેશના ઓટલાની પડઘી અને ભીંતો ઉપર નૃત્યાકૃતિઓની એક સળંગ હાર આવેલી છે.

ચિદમ્બરમમાં બીજું કાંઈ નહિ તો મંદિરનાં પૂર્વ અને પશ્ચિમનાં ગોપુરમ્ જોઇ જાઓ તો યે બસ છે; કારણ કે, આખા દક્ષિણમાં જે ક્યાંય નથી તે આ ગોપુરમમાં છે. એ ગોપુરમમાં દરવાજાની બે બાજુની ઊંચી ભીંતો ઉપર આખું ભરતનાટ્યશાસ્ત્ર શિલ્પમાં મૂર્ત થએલું છે. દીવાલ પર ચોરસ તકતીઓમાં ભરતે યોજેલા નૃત્ય-ભંગો ક્રમસર ઉતારવામાં આવ્યા છે. દક્ષિણમાં નૃત્યકળાની કેટલી જીવંત ઉપાસના હતી, કેટલી શાસ્ત્રીય ચોકસતા હતી તે આ ચિત્રમાળા બતાવી આપે છે. શિલ્પ, સંગીત અને નૃત્ય ત્રણે કળા હાથમાં હાથ મેળવીને અહીં વિચરતી રહી છે અને મનુષ્યના કૃતજ્ઞ અંતરે તે ત્રણેને જગતના પરમ તત્ત્વનાં ચરણમાં ઠાલવી છે. મંદિરો ત્યારે તો ખરે જ પ્રજાના જીવનનિષ્કર્ષની મંજૂષા ને માનવી પ્રતિભાનાં સર્વ સર્જનોનાં સંગમસ્થાન જેવાં હતાં.


ચિદમ્બરમને મહત્ત્વ આપનારી બીજી વસ્તુ ત્યાં સ્થપાએલી અન્નામલય યુનિવર્સિટી છે. મદ્રાસના એક ધનાઢ્ય રાજા અન્નામલયના ૩૩ લાખના દાનમાંથી જન્મેલી આ સંસ્થા શિક્ષણનું મોટું કેન્દ્ર બની રહી છે.

(શ્રી સુન્દરમ્ કૃત 'દક્ષિણાયન'માંથી)

મથાળે: ચિત્ર ૩–ચિદમ્બરમ્ મંદિરના થાંભલાઓ પરનાં નમણાં શિલ્પો પૈકી એક નમૂનો; નીચે: ચિત્ર ૪–જુદાજુદા કાળે બંધાએલાં ત્યાંનાં મ...નો



← શિવગંગા તળાવને ફરતાં મકાનોના સમૂહનું એક સુંદર દૃશ્ય. પાછળના ગોપુરમ્ ને આગળની છત્રી વચ્ચેની સ્થાપત્યશૈલીઓ દક્ષિણના મંદિરસ્થાપત્યની ઐતિહાસિક ક્રમિકતાનો ક્રમ દર્શાવે છે.




↑ ચિત્ર ૫ : ચિદમ્બરમના એક ગોપુરમની રચના તથા શિલ્પો દાખવતું ચિત્ર; ↓ ચિત્ર ૬ : ગોપુરમ પરનાં શિલ્પોનું નજીકથી દૃશ્ય





↑ ચિત્ર ૭ : દક્ષિણનાં મંદિરોના પ્રવેશદ્વાર ઉપર ઊભું કરવામાં આવતું ઊંચું, ભવ્ય અને શિલ્પોથી ખીચોખીચ ભરેલું ગોપુરમ એ દક્ષિણના સ્થાપત્યની વિશિષ્ટતા છે; નીચે : ચિત્ર ૮–મંદિરના દરવાજાની ભીંતમાંનાં નૃત્યનાં 'કરણો' પૈકી એક.

ચિદમ્બરમનો મૂળ અર્થ 'મનન કરવાની જગ્યા' થાય છે. અગાઉ 'પુલીયર' 'પેરમ્બરાપુલીયર' અને 'તિલ્લઇ' વગેરે નામોથી પણ તે ઓળખાતું હતું. તેની સ્થાપના વિષેના ઇતિહાસમાંથી જાણવા મળે છે કે તેનું મુખ્ય બાંધકામ અને શિલ્પકામ છઠ્ઠી સદીમાં થયું. પલ્લવ અને ચોળ વંશોમાં એની જાહોજલાલી અને કીર્તિ વધતાં ગયાં, અને પછી તો એના વિશાળ ક્ષેત્રફળમાં જુદાંજુદાં સ્થાપત્યો છઠ્ઠી સદીથી તે છેક ૧૯મી સદી સુધી એટલે કે ૧૩૦૦ વર્ષના લાંબા ગાળામાં ઉમેરાતાં જ ગયાં (ચિત્ર નં. ૧-૨-૪). એનાં ગોપુરમો પણ આ લાંબા ગાળા દરમ્યાન જુદાજુદા રાજાઓએ બંધાવ્યાં. આમ છતાં આખા મંદિરની રચના આજે પણ જોઇએ તો તે શિવગંગા તળાવને ફરતી ઘણી જ વ્યવસ્થાપૂર્વક જણાય છે. અજંતાનાં ભીંતચિત્રોનું કામ જેમ નવ સદીઓના લાંબા ગાળામાં થયું હોવા છતાં પીછીની એકધારી પરંપરા એમાં જળવાઈ રહી છે તે જ પ્રમાણે ચિદમ્બરમના મંદિરનાં શિલ્પ અને સ્થાપત્યોમાં ૧૩૦૦ વર્ષના લાંબા ગાળામાં પેઢી દર પેઢી કામ કરનારા શિલ્પીઓએ સળંગ એકસૂત્રતા રાખી છે.



મંદિરમાં શરૂઆતમાં બે મૂર્તિઓ હતી : એક ભગવાન શિવની અને બીજી કાલિમાતાની. એને વિષે દંતકથા ચાલે છે કે ભગવાન શિવ જ્યારે 'તિલ્લઇ' વનમાં તેમના અનુયાયીઓને દર્શન અને વરદાન આપવા આવ્યા તે વખતે 'કાલિ'એ પોતાનો હક્ક સાબિત કરવા શિવને નૃતસભામાં જવા ન દીધા. આ વાતનો નિવેડો લાવવા શિવ ને કાલિ વચ્ચે નૃત્ય-સ્પર્ધા ચાલી અને જેનો પરાજય થાય તે પોતાના હક્ક જતા કરીને ગામ છોડી ચાલી જાય એમ નક્કી થયું. સ્પર્ધામાં કાલિની હાર થઈ અને કબૂલાત મુજબ તેમને ગામ છોડીને જવું પડ્યું. આજે પણ ગામની બહાર કાલિનું મંદિર જોવા મળે છે.


મંદિરની વિશાળ જગ્યાને ફરતી ઊંચી દીવાલોમાં ચાર દરવાજા છે, જેના પર દક્ષિણનાં મંદિરોની વિશિષ્ટતા મુજબ ભવ્ય અને કલાત્મક ગોપુરમ્ બાંધેલાં છે(ચિત્ર ૫-૬-૭). પણ આ મંદિરની શ્રેષ્ઠતમ વિશેષતા તો શિલ્પકારે અહીં કંડારેલાં 'નાટ્યશાસ્ત્ર'નાં શિલ્પોની છે.

નાટ્યશાસ્ત્ર વિષે લોકોની ભક્તિભરી માન્યતા છે કે દેવોની વિનવણીથી બ્રહ્માએ ઋગ્વેદમાંથી કથાસાહિત્ય, સામવેદમાંથી સંગીત,યજુર્વેદમાંથી અભિનય અને અથર્વવેદમાંથી ભાવરસ લઈ, તે બધાંનું મિશ્રણ કરીને નૃત્યકળા ઉપજાવી. આ કળાને નાટ્યવેદનું નામ અપાયું. બ્રહ્માએ તે સર્વ જ્ઞાન ભરતને અર્પણ કર્યું, અને તેમણે નાટ્યશાસ્ત્રની રચના કરીને પોતાના સો પુત્રો તેમજ અનુયાયીઓ દ્વારા તેનો પ્રચાર કર્યો. આ નાટ્યશાસ્ત્રનું એક મહત્ત્વનું અંગ તે એનાં ૧૦૮ 'કરણો'. નૃત્યમાં હાથ અને પગની ગતિના સંયોગને 'નૃત્ય-કરણ' કહે છે. આવાં ૧૦૮ કરણો તેમજ અન્ય નૃત્યાભિનયો, આ ભવ્ય મંદિરનાં પ્રવેશદ્વારોમાં દાખલ થતાં જ દરવાજાની ડાબી તેમજ જમણી બાજુની ભીંતોમાં નાના ગોખલાઓ કરીને એક ઉપર એક એમ કંડારેલાં છે (ચિત્ર ૮-૯-૧૦). આમાંથી પૂર્વ-પશ્ચિમ તરફનાં પ્રવેશદ્વારોમાં તો દરેક કરણની ઉપર નાટ્યશાસ્ત્ર પ્રમાણે તેનું વર્ણન કરતી પંક્તિઓ પણ કોતરેલી જોવા મળે છે. આ કરણોમાં નૃત્ય કરતા નૃત્યકારની મૂર્તિ સામાન્યત: ૧૪½ ઇંચની છે, જ્યારે તેને સાથ આપનારા બજવૈયા તેમજ નટની ઊંચાઈ ફક્ત ૯ ઇંચની રાખીને નૃત્યકારને મહત્ત્વ આપવામાં કળાકારે ખરેખર કૌશલ્ય વાપરીને રંગભૂમિ પરના અભિનય માટેના કાનૂનને જાળવ્યો છે. દરેક કરણને પોતાનું મહત્ત્વ દર્શાવતાં જોતાં નાટ્યશાસ્ત્રને સમજનારાઓની આંખ તો ધરાતી જ નથી, અને સામાન્ય રસિકજન પણ એનું વૈવિધ્ય અને લાલિત્ય જોઇને દંગ થઈ જાય છે. હાથ અને પગની ગતિ ઉપરાંત શરીરના મરોડ તથા ભંગીઓ તેમજ ચહેરા ઉપરના ભાવો વગેરે જોતાં આપણી સમક્ષ નૃત્ય જાણે સાક્ષાત જીવંત થતું ભાસે છે.

આ કરણો તેમજ અન્ય શિલ્પ ઉપરાંત ચિદંબરમના





ડાબા-જમણી : ચિત્ર નં. ૯ તથા ૧૦–આખા ભારતમાં ક્યાંય નથી તે, ચિદમ્બરમના મંદિરના દરવાજાની અંદરની બંને બાજુની ભીંતો પર નાના ગોખલાઓમાં કંડારેલાં ભરતનાટ્યશાસ્ત્ર પ્રમાણેનાં 'નૃત્યનાં કરણો'. આ તકતીઓને જોતાં નાટ્યશાસ્ત્રને સમજનારાઓની આંખ તો ધરાતી જ નથી; અને સામાન્ય રસિકજન પણ એનું વૈવિધ્ય અને લાલિત્ય જોઈ દંગ થઈ જાય છે. નીચે : ચિત્ર ૧૧–ઉપર્યુક્ત 'નૃત્ય-કરણો' ઉપરાંત મંદિરના સભામંડપો વગેરેની દીવાલો ઉપર નૃત્યની વિવિધ ભંગીઓ દર્શાવતી અદ્ભુત તકતીઓ આપી છે. એવી તકતીઓ પૈકીની બે




મંદિરની શોભામાં તેમજ તેના મહત્વમાં એટલો જ બીજે વધારો કરતી હોય તો તે છે એની નૃત્ય-તકતીઓ (ચિત્ર નં. ૧૧ થી ૧૭ તથા ૨૧–૨૨). મંદિરની તેમજ સભામંડપોની દીવાલો પર નૃત્યના જુદાજુદા અભિનય દર્શાવતાં સ્ત્રી-પુરુષોની હારોની હારો એમાં કંડારેલી છે. આ તકતીઓ તો નૃત્ય ઉપર જાણે એક નિબંધની ગરજ સારે છે ને અભિનયની એ ભાષાની સુંદરતા પ્રત્યે જોનારને જકડી રાખે છે. સંગીતના સાજ સાથેના સંગીતકારો તેમજ તેના તાલ ઉપર નૃત્ય કરતી નર્તિકાઓ નાટ્યશાસ્ત્રને જીવંત બનાવતાં જે દૃશ્યો આડાં ખડાં કરે છે તે ખરેખર અદ્ભુત છે. એમાં કથાનકો, સાજ ધરાવતા બજવૈયાઓ, નર્તિકાઓના સમૂહો, વિદૂષકોનાં







મથાળે: ચિત્ર ૧૨–ચિદમ્બરમના મંદિરમાંની નૃત્ય-તકતીઓ પૈકીની એક; તથા નીચે: ચિત્ર ૧૩-૧૪-૧૫-૧૬ : એ તકતીઓ પૈકીની એકમાંની મોટી કરી બતાવેલી નૃત્યાકૃતિઓ






↑ ચિત્ર ૧૭: નૃત્ય-તકતીઓમાંની વિવિધ અંગ-ભંગીઓ દર્શાવતા થોડા વધુ નમૂના ↓ ચિત્ર ૧૮: મંદિરના સ્તંભો પણ વિપુલ શિલ્પથી મંડિત છે તેનો નમૂનો (આગળનું ચિત્ર નં. ૩ પણ જુઓ). નીચે: ચિત્ર ૧૯-૨૦: દાંડિયારાસનાં શિલ્પ

નૃત્ય વગેરેની ઘણી વિવિધતા જોવા મળે છે. ગુજરાત-સૌરાષ્ટ્રની લોકકળા દાંડિયારાસની તકતીઓ છેક અહીં દક્ષિણના મંદિરમાં છે! કોઈ સંશોધનકારને આ હકીકત મહત્ત્વની બની રહેશે (નીચે ચિત્ર ૧૯-૨૦).

મનુષ્ય ઉપરાંત પ્રાણીઓનાં શિલ્પ પણ અહીં પુષ્કળ જોવા મળે છે, પણ તે સર્વમાં ગજરાજને મહત્ત્વનું સ્થાન અપાયું છે. ભારતનાં અનેક પ્રાચીનમંદિરોની બહારની દીવાલોના કંદોરાઓ ઉપર હાથીઓની નાનાવિધ અંગસ્થિતિના રમ્ય મરોડ જોઈને દંગ થઈ જવાય છે. આ મંદિરમાં બહારની દીવાલોના છેડા પર મોટા હાથીઓનાં મનોહર શિલ્પ ઉપસાવેલાં છે (ચિત્ર નં. ૨ને છેડે જુઓ). એ વિશાળ દેહની ગોળાકાર રેખામાં ભારતીય શિલ્પકાર એની સૂંઢ, ગંડસ્થળ, પીઠ, પેટ, પગ વગેરેની ભંગીઓ દ્વારા જે લાવણ્યનો પ્રવાહ વહાવે છે તે જગતભરના શિલ્પમાં માગ મુકાવે છે. (પૂઠા પર એનું એક મોટું ચિત્ર આપ્યું છે.)









↑ ચિત્ર ૨૧: બે વધુ નૃત્ય-તકતીઓ; નીચે ચિત્ર ૨૨: નૃત્યાભિનય દર્શાવતી એક શોભન-તકતી

દક્ષિણનાં વિશાળ મંદિરોની બીજી એક વિશિષ્ટતા તે સહસ્રસ્તંભ ધરાવતા સભામંડપો. ચિદમ્બરમનું મંદિર પણ આવો જ એક સહસ્ર સ્તંભનો વિશાળ મહાન મંડપ ધરાવે છે. મંદિરના પાંચ મુખ્ય મંડપો તે નૃતસભા, કનકસભા, રાજસભા, દેવસભા અને ચિત્તસભા તરીકે ઓળખાય છે. આ પૈકી કોઈ પણ સભાના સ્તંભો ઉપરનાં તેમજ અન્ય સ્થળે ઊભા કરેલા સ્તંભો ઉપરનાં કોતરકામો પણ ખાસ નિર્દેશ માગી લે છે. એમાં કોઈક ઉપર બારીક કારીગરીથી મંડિત ફૂલવેલ યા તો મૂર્તિ-શિલ્પનાં મનોરમ શોભન-સંયોજનો કરેલાં હોય છે. અહીં તો માત્ર બે નમૂના આપ્યા છે (જુઓ ચિત્ર ૩ તથા ચિત્ર ૧૮). પણ એ સુશોભનોનું વૈવિધ્ય એટલું તો બહોળું છે કે કોઈ વાર એ સ્તંભશિલ્પ ઉપર જ એક સચિત્ર લેખ આપી શકાય.

ચિદંબરમનાં સ્થાપત્યો જોતાં એક પ્રતીતિ તો ખાસ થાય છે કે પ્રાચીન શિલ્પીઓ કેવળ શિલ્પી જ ન હતા. તેઓ સંગીત અને નૃત્યકળામાં પણ પારંગત હશે. એ સમયમાં સંગીત અને નૃત્ય સર્વ લોકોનાં જીવનનું જ એક અંગ હતાં અને આ કારણે જ એમનાં સર્જનોમાં મનુષ્યની નીરસ આકૃતિઓ નહિ પણ કલાના પ્રસાદથી પ્લાવિત તત્કાલીન જીવનનો જીવંત ધબકાર આપણને જોવા મળે છે. નૃત્ય એક એવી કળા છે કે જેમાંના અભિનયો દ્વારા મનુષ્યની સર્વ લાગણી સમજાવી શકાય છે, માનવ જીવનના સર્વ ભાવોને તે સંપૂર્ણપણે અને સુંદર રીતે પ્રકાશિત કરે છે.

હાલમાં લલિતકળાઓને શિક્ષણમાં સ્થાન મળવા લાગ્યું છે. નાલંદા ને તક્ષશિલાનાં જગવિખ્યાત વિશ્વવિદ્યાલયો જેવી જ્ઞાનગંગા વહેવડાવતાં હતાં તે મુજબ જ ચિદમ્બરમ્ અને તેના જેવાં અન્ય શિલ્પધામો ભવિષ્યમાં શિલ્પ અને નૃત્ય જેવી કળાઓનાં મહાવિદ્યાલયો બને તો તે યોગ્ય જ ગણાશે. જે શિલ્પ અને સ્થાપત્યોની રચના દ્વારા પ્રાચીન કારીગરોએ તત્કાલીન જીવનનો રસ સારવી આપ્યો છે તેમાંથી પ્રેરણા મેળવીને એ કળાને આપણે જીવંત રાખીએ.★

↓ બે લટકતાં આભૂષણોથી મંડિત બે હાથ પર પોપટ બેસાડેલી, સુંદર નૃત્યાભિનય દાખવતી તથા બે બાજુ સમૃદ્ધ સુશોભનવાળી તકતી



પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

અષાડ '૮૬
અંક ૭૫

ગુજરાતનાં પણ ઘણાં ખૂણે પડેલાં ગામોના મહત્ત્વની આપણને ભાળ નથી, તો સૌરાષ્ટ્રનાં ગામનું તો શું ? આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં સૌરાષ્ટ્રના એક અતિપ્રાચીન (જે કદાચ ચીની મુસાફર હુએન સંગના સમયનું હોવા છતાં હજી આજે પણ હયાત છે એવા) ગામનો પરિચય શ્રી હીરાલાલ અમૃતલાલ શાહ જેવા અભ્યાસીએ લખેલો તેનો સારભાગ ઉતારવા જેવો છે:

ભાવનગરથી બત્રીસ માઈલ દૂર આવેલું તળાજા એક સુંદર ગામ છે. ટેકરીના ઢોળાવ પર વસેલું ગામ ઘણા માઈલ દૂરથી દેખાય છે અને તેનો દેખાવ આકર્ષક લાગે છે. ગામ અરધો માઇલ રહે છે ત્યારે રસ્તામાં શેત્રુંજી નદી આવે છે. તેનો વિશાળ પટ ઓળંગી થોડે જતાં તળાજી નામની બીજી નદી ઓળંગી એટલે તળાજામાં દાખલ થવાય છે.

જે ટેકરીના ઢોળાવ પર ગામ વસ્યું છે તેને લોકો 'તળાજાનો ડુંગર' એ નામે ઓળખે છે. 'શત્રુંજય માહાત્મ્ય' નામના ગ્રંથમાં એને 'તાલધ્વજનગરી' તરીકે ઓળખાવ્યું છે ને ડુંગરને 'તાલધ્વજગિરિ' કહ્યો છે.

આસપાસની સપાટ ભૂમિ વચ્ચે આ ડુંગર જુદો પડી આવે છે. તેના બે વિભાગ પડે છે. એક ભાગ શંકુ આકૃતિનો ઊંચો છે, બીજો તેનાથી નીચો અને શિખર આગળ થોડો સપાટ છે. બંને પર ધવલ જિનમંદિરો શોભે છે અને તેમની ફરતો સફેદ ગઢ છે. દૂરથી જ પ્રવાસીની દૃષ્ટિ ઊંચા વિભાગના શિખર પર ઠરે છે અને પછી બંને બાજુના ઢોળાવ પર નમતાં એક તરફ તળેટીમાં વસેલું ગામ દેખાય છે, જ્યારે બીજી તરફ અન્ય મંદિરનાં શિખરો નજરે પડે છે. આમ ડુંગરની શોભા ઝૂલતી તોરણમાળની અનુપમતા ધારણ કરે છે.


પૂર્વ દિશાએ પ્રથમ ગામની બજાર ને ગામ છેડે ભાંગી ગએલા કિલ્લાની રાંગ દેખાયા પછી શેત્રુંજી અને તળાજી નદીનું સંગમસ્થાન અને ત્યાંનાં શિવાલયો આવે છે. દૂર સરતાનપુર નામનું તળાજાનું બંદર છે. તેની નજીકમાં જ સમુદ્રને ભેટતી શેત્રુંજી નદીનો વિશાળ પટ પ્રતીત થાય છે. સમુદ્રનાં મોજાંનો ચળકાટ આંખને ભરી દે છે. એક ખૂણે દૂર ગોપનાથ મહાદેવનો દ્વીપકલ્પ ઝાંખોઝાંખો દેખાય છે.

પણ અધિક શોભા તો ડુંગરની અંદર તેની મનોહર ગુફાઓમાં છે. તેની સંખ્યા આશરે ત્રીસની છે. કેટલીક ગુફાઓ ટાંકા વગરની છે, ઘણીને એકેક ટાંકું છે અને કેટલીકને બે ટાંકાં છે. કેટલીક ગુફાઓમાં પ્રધાન ખંડ છે, જેની ફરતી ગર્ભગૃહ જેવી ઓરડીઓ છે. કેટલીક વિશાળ છે જેનો ચૈત્યગુફા કે સભાસ્થાન તરીકેનો ઉપયોગ થતો હશે. ગઢમાં એક બીજી નાની ગુફા છે, જેને લોકો 'ધનકોઠી' તરીકે ઓળખાવે છે અને કહે છે કે એ કોઠી તોડે તેને તેમાંનું ધન મળે ! મૂળ નામ 'ગન્ધકૂટિ' હશે.

તમામ ગુફાઓ જીર્ણ થઈ ગઇ છે. તેની ભીંતો વધુ ને વધુ ખરતી જાય છે. દરેકના સ્તંભ તો અલોપ થઇ ગયા છે. ઈ.૧૮૭૬માં મિ. બર્જેસે 'કાઠિયાવાડ અને કચ્છના પુરાતન અવશેષો' પર એક ગ્રંથ બહાર પાડચો છે તેમાં તળાજાની ગુફાઓની સવિસ્તર નોંધ છે: 'પૂર્વકાળમાં જ્વાળામુખી જેવું થતાં આ ડુંગર ઊપસી આવ્યો હશે. દરિયાની સપાટીથી તે આશરે ૩૨૦ ફીટ ઊંચો છે, અને તેમાં કેટલેક સ્થળે ચકમકના પોચા પથ્થરો મળી આવે છે.'

વાયવ્ય દિશામાં સૌથી મોટી ને વિશાળ ગુફા સૌકોઈના ચિત્તને પ્રસન્ન કરે છે. લોકો તેને એભલમંડપના નામથી ઓળખે છે. તેની લંબાઈ ૭૫ા ફીટ અને પહોળાઈ ૬૭ા ફીટ છે.

લગભગ દોઢેક હજાર વર્ષ જૂનું સૌરાષ્ટ્રનું સતત જીવંત રહેલું પ્રાચીન સ્થાન



તળાજાની ટેકરી પરનાં જૈન મંદિરો તથા નીચેનું દૃશ્ય (ફોટો • બલવન્ત ભટ્ટ)

ઊંચાઈ ૧૯ાા ફીટથી ૧૭ ફીટ સુધીની છે.અંદરના ભાગમાં એકે સ્તંભ નથી,એટલે વચ્ચે ઊભા રહીએ ત્યારે માથે કેવું જબરું દળ અદ્ધર રહ્યું છે તેનું સંપૂર્ણ ભાન થાય છે. અંદર બે હજાર ઉપરાંત માણસો છૂટથી ને સુખેથી બેસી શકે તેટલી તે વિશાળ છે.

કવિ નર્મદવાળા 'કાઠિયાવાડ સર્વસંગ્રહ'માં તળાજાનો પૂર્વ ઇતિહાસ આપતાં લખ્યું છે કે 'શત્રુંજી નદીના દક્ષિણ કાંઠાનો ભાગ વામાક (વાલાક્ષેત્ર) કહેવાય છે. એ વળામાં ચમારડીના વાળાઓનું રાજ્ય હતું. ગોહિલોએ તેમની પાસેથી વળા-ચમારડી ઝૂંટવી લીધું ત્યારે વાળા તળાજામાં આવી વસ્યા. તળાજાના વાળા ઠાકોરો વિષે ઘણી દંતકથા ચાલે છે. વાળાઓને બારીઆ કોળીઓએ તળાજામાંથી હાંકી મૂક્યા. બારીઆ કોળી નિર્ભય ચાંચિયા હતા, તે એટલે સુધી કે બ્રિટિશ લોકોનાં વહાણ પણ લાગ ફાવ્યે લૂંટી લેતા. આખરે ઇ. સ. ૧૭૭૧માં ભાવનગરના ઠાકોર અખેરાજજી તેમની સામે ચડ્યા. કોળીઓને તળાજામાંથી ખસવું પડ્યું, પણ અખેરાજજી તળાજા પોતાને સ્વાધીન લેવા નારાજ જણાયાથી ખંભાતના નવાબને તે આપવામાં આવ્યું...ઈ.સ.૧૭૭૩માંભાવનગરના વખતસિંહજીએનવાબપાસેથીતળાજા વેચાતું લીધું, ત્યારથી એ ભાવનગરને તાબે રહ્યું છે. પ્રસિદ્ધ વિષ્ણુભક્ત નાગર નરસિંહ મહેતાનો જન્મ આ જ ગામમાં થયો હતો.

ઈ. સ. ૬૪૦ લગભગ વલભીના પ્રદેશમાં ચીન દેશનો પ્રસિદ્ધ યાત્રાળુ હ્યુએન્ ત્સંગ આવેલો, તેના વર્ણનમાંના પૂર્વાપર સંબંધથી તળાજાની ગુફાઓ તે ઈ. ૬૪૦ પૂર્વેનો તળાજાનો મહાન વિહાર છે એટલું નિર્ણીત થયું છે.

તળાજાના વિહારની એક બીજી વિશિષ્ટતા એ છે કે નાલંદા,અજંટા વગેરે અન્ય સર્વ વિહારો પાસેથી વસતિ દૂર ગઇ છે, પરંતુ આ વિહારની સમીપ ઘણા કાળથી ગામ વસી રહ્યું છે. વિહાર અત્યારે નિર્જન છે, તો તે વસતિવાળો નહિ થાય,ભિક્ષુસંઘો ને વિદ્યાર્થીઓ ફરી અહીં નહિ આવે, પણ આ વિહારની મહત્તા સાહિત્યમાંથી જવાની નથી.

અને ૧૯૩૦ના એ સ્વાતંત્ર્યસંગ્રામ વેળા દૃઢમલ જુવાનોને પાણી ચડાવે એવું ઇંગ્લંડના પ્રથમ પ્રજાનાયક ઑલિવર ક્રૉમવેલનું નાનું પણ ચોટદાર જીવનચિત્ર 'રસનિધિ'એ સંકલિત કરી આપેલું તે આજે પણ એટલું જ ઉદ્રેક આપનારું છે:



ઑલિવર ક્રૉમવેલ

'એનો મોટો દાદો ટૉમસ ક્રૉમવેલ, ઇતિહાસને સુવિખ્યાત કાર્ડિનલ વૂલ્ઝીનો ઉત્તરાધિકારી હતો. તેણે કૅથલિક મઠોનો નાશ કરવામાં રાજા આઠમા હેન્રીને સહાય આપેલી, અને એ રાજાએ આ મદદ બદલ ટૉમસ ક્રૉમવેલને ફાંસીનું ઇનામ આપ્યું! ભાવિની કોઈ અકલિત ઘટનાથી, કેમ જાણે એ કૃત્યનો બદલો તેના વંશજ ઑલિવર ક્રૉમવેલે પહેલા ચાર્લ્સને ફાંસીએ ચડાવીને ન લીધો હોય શું?

ઑલિવર ક્રૉમવેલનો જન્મ હંટિંગ્ડન નામના ગામડામાં ઇ. ૧૫૯૯ની ૨૫મી એપ્રિલે થએલો. તેના પિતાને એક નાની જાગીર હતી. તેનામાં તેની માતાનું સૌંદર્ય અનેપિતાનું સાહસ ઊતરી આવ્યાં હતાં. પોલાદના ચકચકિત બખ્તરમાં સજ્જિત તેની આકૃતિ આજે પણ જોતાં અપૂર્વ ભવ્યતાનું ભાન કરાવે છે.

બાલ્યાવસ્થાના તેના દિવસો બગીચાઓ લૂંટવા વગેરે તોફાનોમાં (અને તેના પરિણામે પિતાનો માર ખાવામાં) વ્યતીત થયા હતા. એવી જ કોઇ રમત દરમ્યાન એક વાર તે એક નદીના ઊંડા પાણીમાં ડૂબતો હતો, એવામાં કાંઠે તે શહેરના પાદરી રેવ. મિ. જૉન્સન જતા હતા તેમણે તેને જોયો અને મહામહેનતે બહાર કાઢ્યો. મોટપણે જ્યારે તે સ્વદેશના સૈન્યનો કર્નલ બની રાજા સામે યુદ્ધે ચડતો હતો ત્યારે રસ્તામાં એ જ પાદરી તેને મળ્યો. તરત જ ભૂતકાળના બનાવની ઉપકારવશ અંતરથી તેણે યાદ આપી અને પોતાને લાયક કાંઈ કામ હોય તો લખવા વિનતિ કરી. પણ રાજભક્ત પાદરીએ ગુસ્સે થઇને કહ્યું,'મને કશું યાદ આપવાની જરૂર નથી. મને બધું યાદ છે. તારા જેવા દુષ્ટનો જીવ મારા હાથે બચ્યો તે સંભારીને આજે મને ખૂબ દિલગીરી થાય છે. જો ન બચાવ્યો હોત તો અત્યારે તું તારા રાજા સામે બળવો કરવા હયાત ન હોત.' પણ કર્નલ ક્રૉમવેલ આ કશું ન ગણકારતાં હસતોહસતો પોતાને પંથે પડ્યો.

નવ વર્ષની ઉમરે ક્રૉમવેલે એક વખત એક પાડોશીનો બગીચો લૂંટ્યો. તેના પિતા બહારગામ ગયા હોઈ તે ફરિયાદ તેની મા પાસે આવી. માતાએ નેતરની સોટીથી તેની સારી પેઠે પૂજા કરી તેને સૂવાના ઓરડામાં બેસી રહેવાનો હુકમ કર્યો.રોતોરોતો તે પથારી પર પડ્યો. થોડી વારે તેણે નોકરોને વાતકરતાં સાંભળ્યા કે તેની મા અમુક સ્થળે કોઈ માંદાને જોવા ગઈ છે ને ખેતરની કેડીના રસ્તે પાછી ફરનારી છે. આ સાંભળતાં જ તેને કાંઈક યાદ આવ્યું ને તે સફાળો ઊઠ્યો.પોતાની નાની ફરશી લઈ નોકરોની નજર ચુકાવવા પાછળની બારીએથી કૂદી શ્વાસભેર તે માતાને આવવાના રસ્તે દોડ્યો. રસ્તો ભયાનક ને નિર્જન હતો, રાત અંધારી હતી, પણ બાળક ક્રૉમવેલ નીડરપણે ખભે ફરશી નાખી નાનકડા પરશુરામ જેવો આગળ ધપ્યે જતો હતો.

માર્ગમાં તેની માએ તેને દૂરથી આવતો જોયો. દૂરદૂર નજર નાખતો, ધ્રુસકાં ખાતો, આંસુ લૂછતો, ખભે ફરશીવાળો આ નાનો છોકરો આવે છે તે તો પોતાનો ઑલિવર! અંધારી રાતે તેને આમ આવતો જોઇ તે આશ્ચર્ય પામી. ક્રૉમવેલની નજર પણ મા પર પડી. પડતાંવેંત દોટ મૂકી તે માને ભેટી પડ્યો ને ત્રૂટક શબ્દો બોલ્યો, 'મા, મા, પેલા ખેતરમાં તેના માલિકે એક ભયંકર આખલો છૂટો મૂક્યો છે. તારાં રંગીન કપડાં જોઈ તે ભડકીને ક્યાંક તને મારી ન બેસે એટલા માટે તારું રક્ષણ કરવા હું આવ્યો.' માતાની આંખમાં વાત્સલ્ય અને અભિમાનનાં આંસુ ઊભરાઈ આવ્યાં. ચુંબનોનો વરસાદ વરસાવી તેણે પોતાના નાનકડા વીર પુત્રને છાતી સરસો ચાંપ્યો અને પેલા ભયંકર આખલા પાસે થઇને તેઓ નિર્વિઘ્ને પસાર થઇ ગયાં.

ઑલિવરનો પિતા હેન્રી ક્રૉમવેલ રાજ્યભક્ત હતો. પહેલો જેમ્સ રાજા તેને ત્યાં ઘણી વખત અતિથિ બની આવતો.તેની સાથે તેનો કુમાર ચાર્લ્સ પણ આવતો. જ્યારે રાજા અને હેન્રી મુત્સદ્દીગીરીની વાતો કરતા ત્યારે તેમના બંનેના પુત્રો ચાર્લ્સ અને ઑલિવર બગીચામાં રમતા. એક વખત આમ રમતાંરમતાં

ચાર્લ્સનો દાવ દેવાનો વારો આવ્યો. તેણે કહ્યું, 'હું તો રાજાનો કુંવર, હું દાવ શાનો આપું?'

'અમે દાવ આપીએ ને તમે કેમ ન આપો? રાજાના કુંવર એટલે શું થયું?'

'અમે તો ઈશ્વરના અંશો; કાયદા અમને લાગુ પડે જ નહિ.'

'ઈશ્વરને તો આ તમાચો ન વાગે. જોઉં, તમને વાગે છે કે નહિ?' કહી ઑલિવરે તેના એ ભવિષ્યના રાજાને એક તમાચો ચોડી કાઢ્યો.

આમની સભામાં એક અગત્યના બિલની ચર્ચા થઈ રહી હતી. રાજ્યપક્ષના પ્રધાનનું એ વિષેનું ભાષણ સાંભળતાં એક જુવાનના ચહેરાનો રંગ બદલાતો જતો હતો અને તેથી થતો ભ્રકુટિભંગ તેના કરડા ચહેરાની ભયાનકતામાં વધારો કરતો હતો. આવેશથી તેના હોઠ ફફડી ઊઠ્યા અને તે વિરુદ્ધમાં બોલવા ઊભો થયો. એના કાતિલ હુમલાથી સૌ લાકડાની પેઠે સ્તબ્ધ થઈ ગયા. સર ડિગ્બીએ પોતાની પાસે બેઠેલા જ્હૉન હૅમ્પડનને પૂછ્યું, 'આ જુવાન કોણ છે?'

'હંટિંગ્ડન તરફથી એ બેસે છે. મારો સંબંધી છે. એનું નામ મિ. ઑલિવર ક્રૉમવેલ. રાજાની કુટિલ રાજનીતિનો એ કટ્ટર વિરોધી છે.'

'ખરેખર, જતે દહાડે એ નામ કાઢે એવો લાગે છે. રાજાની રૂબરૂ એની સામોસામ એ ખુલ્લો બળવો પોકારે છે!'

કિંગપીમ, હૅમ્પડન વગેરે લોકપક્ષના મોટા બળવાખોરો મરી પરવાર્યા હતા. પાર્લામેન્ટનો પક્ષ ઢીલો પડ્યો હતો. રાજા ચાર્લ્સ એક પછી એક કિલ્લાઓનો પોતાના લશ્કરના બળે કાબૂ લેતો જતો હતો અને પાર્લામેન્ટની તરફેણનાં ગામો પર જુલમો ગુજારતો આવતો હતો. લંડન હવે થોડા જ માઈલ દૂર રહ્યું હતું. એ ભયાનક નિરાશામાં જુવાન ઑલિવર ક્રૉમવેલ આશાની ચિનગારી ફેલાવતો બહાર ધસી આવ્યો ને તેવતેવડા જુવાનોને સાદ દીધો, 'બાંધવો, હવે આખરી ફેંસલો છે. માથાંનો મોહ મૂકી આવી જાઓ. ને મુરબ્બીઓ, હવે આપ નિવૃત્તિ લ્યો; આપનો ખપ નથી.'

ભીષણ નિશ્ચયે, પોતાના કડક અને ચાતુરીભર્યા રચનાબળ વડે તેણે લશ્કરની પુનર્ઘટના કરી. ઇંગ્લંડના ઇતિહાસમાં લોહબંધ (ironsides)ને નામે સુવિખ્યાત તેના સેનાનીઓમાં દેશભક્તિ અને અજેય બળના છૂપા પ્રવાહો છોડી મૂક્યા. અને એવા બિનકવાયતી પણ અણનમ સૈન્ય વડે તેણે પ્રિન્સ રૂપર્ટ જેવા મહાન સેનાનાયકના લશ્કરને પવનમાં પીછું ઉડાડે તેમ ઉડાડી મૂક્યું.

અપૂર્વ આત્મબળ દાખવી એણે લોકપક્ષને વિજય અપાવ્યો અને જુલ્મી રાજાને તેના અન્યાયો સાબિત કરી ફાંસીને લાકડે ચડાવ્યો. દેશનો એ રક્ષક પ્રજાનો હૃદયમણિ બન્યો અને ઇંગ્લંડનો રાજમુકુટ તેને ચરણે ધરાયો. પણ તેને ઠોકરે મારી એ તો દેશનો સેવક જ રહ્યો ને જીવનભર જહેમત ખેડી, પાછળ સુવ્યવસ્થિત ને સમૃદ્ધિશાળી રાષ્ટ્ર મૂકતો ગયો.

માધુકરીમાં પ્રકીર્ણ માહિતી પણ કેવી સંગ્રાહી સ્વરૂપમાં આવતી તેનો નમૂનો:

ત્રણ ગુણ: (૧) સત્ત્વ, રજસ અને તમસ. (૨) ત્રણ અવસ્થા: જાગ્રતિ, સુષુપ્તિ, ને તુર્યા. (૩) દ્રવ્યની ત્રણ ગતિ: દાન, ભોગ ને નાશ. (૪) ત્રણ આયુધ: તન, મન ને ધન. (૫) ત્રણ મૂળ રંગ: લાલ, પીળો ને વાદળી. (૬) ત્રણ સંધ્યા: પ્રાતઃ, મધ્યાહ્નઃ અને સાયં. (૭) ત્રણ મતઃ અદ્વૈત, દ્વૈત અને વિશિષ્ટાદ્વૈત. (૮) ત્રણ કાળ: વર્તમાન, ભૂત અને ભવિષ્ય. (૯) ત્રણ કર્મ: સંચિત, પ્રારબ્ધ અને ક્રિયામણ. (૧૦) ત્રણ પ્રારબ્ધ: ઇચ્છિત, અનિચ્છિત અને પરઇચ્છિત. (૧૧) ત્રણ માદક: સુરા, સ્ત્રી અને કુપાત્રગૃહવિત્ત. (૧૨) ત્રણ રાત્રિ: શિવરાત્રિ, ગોકુલાષ્ટમી કાળીચૌદશ. (૧૩) ત્રણ સૂતક: જન્મ, મરણ, અને ગ્રહણ. (૧૪) ત્રણ દેવ: બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. (૧૫) ત્રણ શિવનેત્ર: રવિ, શશિ અને અનલ. (૧૬) પ્રવણમંત્રની ત્રણ માત્રા: અકાર, ઉકાર અને મકાર. (૧૭) ત્રણ વખત: સવાર, બપોર અને સાંજ. (૧૮) ત્રણ તાપ: દૈહિક, દૈવિક અને ભૌતિક. (૧૯) ત્રણ લોક: સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ.

અનુસંધાન]... **કાદવના થર**...[પૃષ્ઠ ૨૫૩થી

ભીખાલાલ: પણ તે વખતે તું મારી પાછલી જિંદગી વિષે કાંઈ જ જાણતી ન હતી, નીલી.

નીલી: અને હવે કદાચ જાણીશ તો પણ કાંઇ ફેર પડવાનો નથી.

ભીખાલાલ: નીલી, નાનપણમાં હું લોકોને ત્યાં વાસણ માંજતો... કપડાં ધોતો.. ઝાડુ...

નીલી: (હસી પડે છે) ઓહ હો હો હો! વાહ! તો તો ખૂબ સરસ! એથી રૂડું શું? તો હવે મને પણ મદદ કરજો. આપણે બંને ભેગાં થઈ કપડાં ધોઇશું, વાસણ માંજીશું...

ભીખાલાલ: (વચ્ચે જ—ઊંચે સાદે) પણ નીલી, હું એક નોકર હતો!

નીલી: તેથી શું થઇ ગયું? જીવનનિર્વાહ માટે કરવા પડતા સચ્ચાઈના કોઈ પણ ધંધાથી માણસને ઊંચનીચ ન ગણી શકાય; અને એ જ જો ઊંચનીચની પારાશીશી હોય તો કબીરને મહાન કોણ કહેશે?

ભીખાલાલ: (ધીમેથી, નિરાશ સ્વરે) બીજું પણ એવું ઘણું છે, નીલી.

નીલી: શું?

ભીખાલાલ: ગામડેથી નાસી છૂટ્યા પછી શહેરમાં હું રામલીલાવાળાઓ સાથે પોળે પોળે રામલીલા કરતો.

નીલી: (ખડખડાટ હસતાં) ઘણું જ સરસ. ઓહ... મેં તો પહેલાં કોઈ દિવસ રામલીલા જોઇ પણ નથી... તો હવે તમે મને પહેલાં તમે જે પાઠ ભજવ્યા હોય તે બધા જરૂર ભજવી બતાવજો, હં....(ફરી મુક્ત હાસ્ય કરી) પણ હેં, તમે શેનો પાઠ લેતા?

ભીખાલાલ: (ગંભીર થઇ) નીલી, આમાં હસવા જેવું કશું નથી.

નીલી: (ખડખડાટ હસતાં) અરે મને તો ઊલટું આમાં બહુ મઝા પડી!

ભીખાલાલ: નીલી, ત્યાર પછી હું...(અચકાતાં) દા..રૂ.. પીતો, જુગાર રમતો, લોકોનાં ખિસ્સાં કાતરીને પેટ ભરતો!

નીલી: (ગંભીર થઈ જાય છે—થોડી ક્ષણોની શાંતિ પછી) એ ખોટું કહેવાય. (વળી શાંતિ) પણ હવે તો એવું કશું જ નથી કરતા ને?

ભીખાલાલ: ના છેલ્લાં પાંચ વર્ષથી એ જીવનને મેં દાટી દીધું છે; નવું જીવન શરૂ કર્યું છે.

નીલી: બસ, તો પછી હવે એ નવા જીવનની પગદંડી ઉપર હું તમારી સાથે છું. વીતેલા એ ગંદા જીવનનો સાયો પણ હું તમારા પર નહિ પડવા દઉં.

ભીખાલાલ: (આશા ને ઉત્સાહથી હર્ષાવેશમાં) ખરેખર? ખરેખર, નીલી?...

નીલી: હા, મારા સ્નેહના સાગરમાં હું તમને ખેંચી જઈશ. દૂર... દૂર......

***

ભીખાલાલ: સુરેશભાઈ, શું કહું તમને? આ બધું ય જાણવા છતાં એણે મને એના વિશાળ હૃદયમાં સમાવી દીધો.

સુરેશ: ખરેખર, ગજબની બાઈ કહેવાય!

ભીખાલાલ: અમારા લગ્નજીવન દરમ્યાન એણે મને ક્યારેય લાગવા નથી દીધું કે મારો ભૂતકાળ એ ભૂલોની પરંપરાનું એક ખંડેર હતું. અને છતાં પણ... છતાં પણ હું એના સ્નેહને લાયક ન બની શક્યો.

સુરેશ: કેમ?

ભીખાલાલ: ગયે મહિને, પગારના દિવસે ઑફિસેથી છૂટ્યો, ને પેલો ચંપક મળી ગયો.

સુરેશ: હજુ પણ તું એવા સાથે ફરે છે?

આપણી વિજ્ઞાન સંસ્થાઓ · ૧૬ ★ અણુશક્તિના સંશોધન માટેની ભારતીય સંસ્થા

દ્રવ્યની રચના અત્યંત સૂક્ષ્મ કણો વડે થએલી છે એ જાણીતી વાત છે. આ કણો અણુ (ઍટમ) તરીકે ઓળખાય છે. જગતના જ્ઞાનના ઇતિહાસમાં એની પહેલી શોધ હિંદી તત્ત્વજ્ઞાની કણાદે જાહેર કરી, ત્યારથી માંડીને અઢારમી સદીમાં અંગ્રેજ વિજ્ઞાની જોન ડૉલ્ટનના સમય સુધી વિદ્વાનો ને વિજ્ઞાનીઓ એમ જ માનતા કે દુનિયાનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ કણ 'અણુ' એ છેવટનું એકમ છે, અને તેના હવે ભાગ પડી શકે નહિ. એ અવિભાજ્ય અને અવિનાશી છે. કોઈ પણ મૂળ તત્ત્વના અણુઓ તો સરખા જ હોય અને તેમાંથી કોઈ બીજો પદાર્થ નીકળી ન શકે. પણ અણુને લગતું આવું નિશ્ચિત જ્ઞાન રેડિયમની શોધ પછી ડગમગવા લાગ્યું. રેડિયમના અણુઓ તો આપોઆપ તૂટે છે અને તેમાંથી નવાં મૂળ તત્ત્વો બને છે! અને રેડિયમ પોતે એક મૂળ તત્ત્વ છે એમાં તો શંકા જ નથી. એટલે હવે કાં તો અણુની વ્યાખ્યા ફેરવવી જોઇએ યા તો રેડિયમ મૂળ તત્ત્વ નથી એમ માનવું જોઇએ!

પરિણામે એ અણુ પાછળ સંશોધન શરૂ થયું અને ઉચ્ચ કક્ષાના વિજ્ઞાનીઓએ તેની પાછળ પરિશ્રમ લીધો. અંતે આજે એ સંશોધનને લીધે પુરવાર થયું છે કે અણુના બંધારણમાં પ્રોટોન, ઇલેક્ટ્રોન, ન્યૂટ્રોન, પૉઝીટ્રોન ઇત્યાદિ તેનાથી પણ સૂક્ષ્મતર રજકણો આવેલા છે.

દરેક અણુમાં બે ભાગ હોય છે: એક મધ્યવર્તી ભાગ અને બીજો તેના ફરતો આવેલો ભાગ. મધ્યવર્તી અંશને અણુનું ન્યૂક્લીઅસ કહે છે અને તેના ફરતા આવેલા ભાગને ઇલેક્ટ્રોન. ટૂંકમાં ન્યૂક્લીઅસ એટલે અણુનું હૃદય. બાકી દ્રવ્યના રાસાયનિક ફેરફારો તો તેની બહાર આવેલા ઇલેક્ટ્રોનની સંખ્યાના ફેરફારને આભારી છે. ન્યૂક્લીઅસનો તેના પર કાબૂ હોય છે, પણ તેમાં તે ભાગ લેતું નથી. યુરેનિયમ જેવાં ભારે વજનનાં તત્ત્વોનાં ન્યૂક્લીઅસ પોતે જ તૂટે છે, એટલે તેમાંથી રજકણો જોરપૂર્વક વછૂટે છે. આ ક્રિયા 'રેડિયો ઍક્ટીવિટી' કહેવાય છે.

આ બધા જ્ઞાન માટે વિજ્ઞાનીઓ અણુને તોડવા માટે મથતા આવ્યા હતા, પણ તેમાં ફતેહ મેળવી શક્યા નહોતા. અણુનું ન્યૂક્લીઅસ એ અજેય કિલ્લા જેવું છે. જેમ કોઈ કિલ્લો તોડવા જબ્બર તોપની જરૂર પડે, તેવી રીતે અણુનું ન્યૂક્લીઅસ તોડવા માટે ઘણાં સબળ સાધનોની જરૂર છે. આ સાધન પ્રોફેસર લૉરેન્સની સાઈક્લોટ્રોનની શોધે પૂરું પાડયું. સાઇક્લોટ્રોન એ એક એવી પ્રબળ શક્તિશાળી તોપ છે, જેમાંથી કોઈ પણ મૂળ તત્ત્વના ન્યૂક્લીઅસને તોડવા જોરપૂર્વક વીજળિક ગોળાઓ છોડી શકાય. પરિણામે એક તત્ત્વમાંથી બીજું મૂળતત્ત્વ પેદા થાય: પારામાંથી સોનું પણ બની શકે!

પરમાણુના ન્યૂક્લીઅસને લગતા આ અભ્યાસનો વિષય આધુનિક છે અને તે ન્યૂક્લીઅર ફીઝિક્સ કહેવાય છે. આ વિષયમાં ભૌતિક વિજ્ઞાનીઓ પુષ્કળ સંશોધન કરી રહ્યા છે. આજનો ઍટમ બૉમ્બ, હાઇડ્રોજન બૉમ્બ વગેરે વિનાશકારી શોધો એ ન્યૂક્લીઅસ તોડવાથી પેદા થતી શક્તિનો ઉપયોગ કરનારી જ કરામતો છે. આપણા દેશમાં આ વિષયનાં સંશોધન અને અભ્યાસ કરનારી બે મુખ્ય સંસ્થાઓ છે:

ભીખાલાલ: ના ના; પણ નાનપણથી સાથે રહેલા અને વળી ઘણે વખતે મળ્યા એટલે વાતો કરવા ઊભા રહ્યા. એણે નીલી વિષે પૂછવા માંડયું. મેં હર્ષમાં આવી કહેવા માંડયું. એણે મને ખૂબ ચગાવ્યો. હું પણ અથાગ ઉત્સાહથી નીલીનાં વખાણ કરતો હતો.

સુરેશ: (હસીને) સ્વાભાવિક છે.

ભીખાલાલ: પછી અમે એને ઘેર ગયા.

સુરેશ: હેં...?

ભીખાલાલ: હા. અને ઉત્સાહના આવેગમાં આવી જઈ એણે મારી સામે જે મૂક્યું એ મેં......મેં પીધું!

સુરેશ: (સમજી જતાં) ઓહ...!

ભીખાલાલ: એક ક્ષણ માટે મારા મગજમાં એની વિરુદ્ધ એકાદ વિચાર આવ્યો... પણ એ પહેલાં તો એ પાણી મારી જીભ ઉપર ફરી વળ્યું હતું.

સુરેશ: (ગંભીરતાથી) હં... પછી?

ભીખાલાલ: પછીની પરિસ્થિતિ મારા કાબૂની બહાર હતી.

સુરેશ: એટલે?

ભીખાલાલ: બીજે દિવસે સવારે સહેજ નશો ઊતરતાં મને ઑફિસ સાંભરી. અગિયાર ક્યારના યે વાગી ગયા હતા. જેમતેમ તૈયાર થઈ, લઘરવઘર ઑફિસે પહોંચ્યો. પણ મારા દીદાર જોઈ 'બૉસ' પરિસ્થિતિ સમજી ગયા અને મને હમેશની વિદાય આપી દીધી!

સુરેશ: ઓહ! ત્યારે તો એ રીતે તારી નોકરી છૂટી ગઇ, એમ?

ભીખાલાલ: હા. ઑફિસની બહાર નીકળ્યો ત્યારે મારું મગજ ચકરાવા લેતું હતું. આગલી રાત્રે હું ઘેર ગયો ન હતો, ને નોકરી છૂટી ગઈ હતી. ક્યા મોઢે હું નીલીની સામે જઈને ઊભો રહું? મારા પગ ઊપડતા ન હતા. ચારે બાજુ મને નીલીની ઠપકાભરી આંખો દેખાવા લાગી. એ જાણે કહીરહી હતી 'કાદવનો કીડો તો કાદવમાં જ મરે.' મારી ચારે બાજુ અસંખ્ય અવાજો જાણે આ જ શબ્દો બોલતા હતા. વેદનાથી મારું માથું ફાટી જતું હતું. અને ...અને સુરેશભાઈ, ફરી એકવાર મેં એ ભયંકર દશ્યને એ જ ગ્લાસમાં ડુબાવી દીધું!

સુરેશ: અ...ર...ર! એતો ઘણું ખોટું થયું.

ભીખાલાલ: હા; ત્રીજે દિવસે, નીલીની માફી માગી એના જીવનમાંથી ખસી જવાના નિશ્ચય સાથે હું ઘેર ગયો. એ બારણા પાસે જ ઊભી હતી. એના સુંદર મુખ ઉપર દુઃખનું ઘેરું વાદળ છવાઈ ગયું હતું, એની સામે જોયા વગર જ હું ઘરમાં જતો રહ્યો.

સુરેશ: શું એ કશું જ ન બોલી?

ભીખાલાલ: ના, એણે મને નાહવાનું પાણી કાઢી આપ્યું. મેં નાહી લીધું, જમી પણ લીધું... એમ ને એમ બે કલાક વીતી ગયા.

સુરેશ: પછી?

ભીખાલાલ: પછી પણ એ કશું જ ન બોલી. મને હતું કે એ પ્રશ્નોની ઝડી વરસાવશે, શિખામણના શબ્દો કહેશે; પણ મારા ધારવા પ્રમાણે કશું જ ન બન્યું. હું હવે અકળાઈ ગયો હતો. બબ્બે કલાકની એની એ શાંતિ હું ન જીરવી શક્યો, મારાથી ન રહેવાયું, હું બોલી ઊઠયો:

***

ભીખાલાલ: નીલી...નીલી...એમ મારી સામે શું જોયા કરે છે? તું એમ પૂછવા માગે છે ને, કે બબ્બે દિવસથી હું ક્યાં હતો? હું નશામાં હતો; મેં દારૂ પીધો હતો. નીલી, મેં દારૂ પીધો હતો. (ઢીલો પડી જતાં) મારાથી પિવાઈ ગયો હતો, નીલી. બે દિવસ સુધી હું એ હું ન હતો. ઓહ! હું શું કરું?...હું તને શી રીતે સમજાવું નીલી, હું તને શી રીતે સમજાવું?

નીલી: (શાંતિથી) એમાં આમ અકળાઈ કેમ જાઓ છો?

ભીખાલાલ: પણ એને લીધે તો મેં મારી નોકરી યે ગુમાવી દીધી...

ઈન્સ્ટીટયૂટ ઑાવ ન્યૂક્લીઅર ફીઝિક્સ • કલકત્તા

લેખક · ડૉ. નરસિંહ મૂ. શાહ

(૧) તાતા ઇન્સ્ટીટ્યૂટ ઑાવ ફન્ડામેન્ટલ રીચર્સ-મુંબઈ અને (૨) કલકત્તા યુનિવર્સિટી સંચાલિત ઈન્સ્ટીટ્યૂટ ઑાવ ન્યૂક્લીઅર ફીઝિક્સ. મુંબઇની સંસ્થાના નિયામક સુપ્રસિદ્ધ હિંદી વિજ્ઞાની ડૉ. હોમી ભાભા છે અને કલકત્તા ઇન્સ્ટીટ્યૂટના નિયામક એટલા જ સુપ્રસિદ્ધ વિજ્ઞાની ડૉ. મેઘનાદ સાહા છે.

કલકત્તાના ઈન્સ્ટીટ્યૂટ ઑાવ ન્યૂક્લીઅર ફીઝિક્સનો પાયો ઈ. ૧૯૪૮ માં મર્હૂમ ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીએ નાખ્યો હતો. ઈન્સ્ટીટ્યૂટમાં પાંચ વિભાગો છે: (૧) સાઇક્લોટ્રોન વિભાગ (૨) બાયો ફીઝિક્સનો વિભાગ (૩) વૈજ્ઞાનિક સાધન-સામગ્રીની બનાવટનો વિભાગ (૪) ન્યૂક્લીઅર કેમિસ્ટ્રી વિભાગ અને (૫) ન્યૂક્લીઅર ફીઝિક્સ વિભાગ.

પ્રથમ વિભાગમાં અણુઓને તોડવા માટે ઉપયોગી તોપ 'સાઈક્લોટ્રોન' ગોઠવવામાં આવી છે. તે ૮ mev શક્તિવાળી છે. આ વિભાગમાં બીટા કિરણોની શક્તિ અને પલ્સ હાઈટનો શક્તિ સંબંધ, ન્યૂટ્રોનને પકડીને ગેમા કિરણોનો અભ્યાસ, સમૂહ-વિદ્યુત રંગપટનો અભ્યાસ વગેરે વિષયો પર અન્વેષણ ચાલે છે. આપણા દેશમાં સૌ પ્રથમ સાઇક્લોટ્રોન આ સંસ્થાએ જ શરૂ કર્યું હતું.

બાયો ફીઝિક્સ વિભાગમાં આખા હિંદમાં સૌ પ્રથમ અહીં જ ઇલેક્ટ્રોન માઇક્રોસ્કોપ વસાવવામાં આવ્યું હતું, જે શક્તિશાળી યંત્ર દ્વારા બારીકમાં બારીક પરમાણુઓ પણ જોઈ શકાય છે. રેડિયો-આઇસોટોપનો જીવવિજ્ઞાન તથા વૈદકીય સંશોધનમાં ઉપયોગ, અને જીવાણુઓ પર સંશોધન-એમ બે દિશામાં સંશોધન આ વિભાગમાં ચાલે છે.

વૈજ્ઞાનિક સાધનોની બનાવટવાળો વિભાગ સંશોધન માટે જરૂરી નવાં સાધનો બનાવીને સંસ્થાને ઉપયોગી થાય છે. વીજળી અંગે ઉપયોગી સાધનો પણ અહીં તૈયાર કરવામાં આવ્યાં છે.

ન્યૂક્લીઅર-રસાયન વિભાગમાં હિંદનાં રેડિયો-ઍક્ટિવ ખનિજો પર સંશોધન ચાલે છે તથા અણુશક્તિના શાંતિમય ઉપયોગો અંગે જરૂરી પદાર્થો પર સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત લોહીના પ્લાઝ્-પ્રોટીનમાં રહેલું આયોડીન, લોહીમાં સાકર કૅલ્શ્યમ વગેરેનું સૂક્ષ્મ પૃથક્કરણ(micro analysis)ની રીતે તપાસીને ધોરણસર કરવામાં આવે છે. ન્યૂક્લીઅર ફીઝિક્સ વિભાગમાં બીટા કિરણોની પ્રક્રિયા સમજાય એ માટે જુદાંજુદાં અણુકેન્દ્રોની શક્તિ-સપાટી વગેરે પ્રશ્નો પર પણ સંશોધન હાથ ધરવામાં આવે છે.

આજના યુગની આ અગત્યની જ્ઞાન-શાખા છે. અણુવિજ્ઞાનમાં કાર્યકરો તૈયાર કરવા અહીં એમ. એસસી. અનુસ્નાતકોને તાલીમ આપવાના વર્ગો પણ કાઢવામાં આવ્યા છે. તેમાં સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક ભૌતિક વિજ્ઞાન–બંને વિભાગોનો અભ્યાસક્રમ શીખવવામાં આવે છે. આ અંગે પ્રયોગો માટે જરૂરી એવી અદ્યતન સાધન-સામગ્રી પણ આ સંસ્થાએ વસાવી લીધી છે. આપણા દેશમાં અણુવિજ્ઞાનને લગતા સંશોધન અંગે આ સંસ્થાએ ટૂંક સમયના ગાળામાં જ કાર્ય કરી બતાવ્યું છે તે ઘણું આશાસ્પદ તથા પ્રશંસનીય છે.

નીલી: હશે; ફરીથી શોધશો તો જરૂર મળી જશે. પુરુષ થઈ એમ હિંમત શું હારી જાઓ છો?

ભીખાલાલ: (ગળગળો થઇ) નીલી...... નીલી, મારાથી આ તારો સ્નેહ નથી જીરવી શકાતો. ના, નીલી ના; હું આમ કરું છતાં પણ...

નીલી: એમાં કદાચ મારા સ્નેહની જ કચાશ હશે... નહિ તો એમ કદાપિ ન થાય.

* * *

ભીખાલાલ: સુરેશભાઈ, તે દિવસ હજુ પણ મને બરાબર યાદ છે. ભૂલ્યો, ભટક્યો, પણ પાછા આવેલા બાળકને જે પ્રેમથી મા ગોદમાં લઈ લે એ પ્રેમથી નીલીએ મને એનામાં સમાવી દીધો!

સુરેશ: ખરેખર અદ્ભુત બાઈ કહેવાય! કેવડું વિશાળ મહાસાગર જેવડું દિલ હશે એનું?

ભીખાલાલ: અને એના એ વિશાળ મહાસાગર જેવા હૃદય પાસે હું તો એક જલબિંદુ માત્ર છું, એ તો મને ત્યારે જ સમજાયું જ્યારે મેં એની એક મિત્ર ઉપર લખેલો એનો પત્ર ચુપકીથી વાંચી લીધો'તો.

સુરેશ: (અધીરાઈથી) શું લખેલું એમાં?

ભીખાલાલ: એણે લખેલું, 'મારા જીવનની એ ધન્ય ઘડી હતી જ્યારે મારા પતિએ પશ્ચાત્તાપનાં આંસુથી ને હૃદયની સચ્ચાઈથી એમની ભૂલોનો મારી પાસે એકરાર કરેલો. મને એમનામાં પૂર્ણ વિશ્વાસ છે, શ્રદ્ધા છે.'

સુરેશ: શો અપૂર્વ વિશ્વાસ એ મૂકી શકે છે!

ભીખાલાલ: અને અંતે લખેલું, 'પતનમાં જ ગુનો સમાઈ જતો નથી; એ પડેલાને ફરીથી ઊભો કરવાનો પ્રયત્ન ન કરવામાં પણ એટલો જ ગુનો છે.'

સુરેશ: ધન્ય! ધન્ય! ખરેખર અદ્ભુત બાઈ કહેવાય.

* * *

કુસુમ: પેલો ભીખલો આજ આવ્યો હતો.

સુરેશ: એમ? શું કામ હતું?

કુસુમ: મને શી ખબર? હું તો એવા ગુંડા સાથે એક મિનિટ બોલું નહિ ને?

સુરેશ: અરે, પણ પૂછવું તો જોઇએ ને એને, કે શું કામ હતું?

કુસુમ: નોકરી મળી ગઈ છે, એવું કાંઈક કહેતો હતો. પણ મેં તો મૂઆને ઘરની બહાર ઊભો રાખીને જ વાત કરી.

સુરેશ: કેમ?

કુસુમ: અરે એવા ખિસ્સાકાતરુનો શો ભરોસો? મૂઓ, મને એકલી બાઈ માણસ ધારીને લૂટી લે તો?

સુરેશ: જા જા, એવી ગાંડી વાત ન કર.

કુસુમ: એ તો સારું થયું કે તે દિવસે મને એનાં બધાં કાળાંધોળાંની ખબર પડી ગઈ. તમારા મનમાં કે હું બીજા રૂમમાં ઊંઘી ગઈ છું, પણ હું તો જાગતી જાગતી બધું ય સાંભળતી હતી.

સુરેશ: તે એનું આ પરિણામ? અને એને ગાળો દેવાની?

કુસુમ: (જોરમાં આવી જઇને) હા, હા! સાડી સાત વાર દેવાની. બિચારાં નીલીબહેનની જિંદગી બરબાદ કરી મૂકી. મૂઓ ખિસાકાતરુ, જુગારી, દારૂડિયો અને ઉપરથી પાછો ભવૈયો! પાછો મૂઓ કે'છે (ચાળા પાડતી) 'ખીસાં કાતરીને પેટ ભરતો'તો!' અરે એના કરતાં તો દરિયામાં પડીને આપઘાત કરવો'તો ને, મૂઆ, તો આ ધરતી પરથી ભાર ઓછો થાત!

સુરેશ: પણ તેં ન સાંભળ્યું કે હવે તો એ બધું એણે કેટલાંયે વર્ષોથી છોડી દીધું છે, ને સુધરવા મથે છે?

કુસુમ: અરે જાઓ જાઓ; તમને એમાં શું સમજ પડે? એ કાદવના કીડા તો કાદવમાં જ મરે; એ મોતીના ચારા ના જીરવી શકે.

સુરેશ: તું નહિ માને, પણ ખરેખર એ બધું એના જીવનમાંથી ક્યારનું જતું રહ્યું...

કુસુમ: અરે પણ કેમ કરીને મનાય? એના તો આખા યે જીવતર પર કાદવના થર બાઝ્યા

છે તે એમ સહેજમાં જતા રહેતા હશે? હમણાં જ પાછા નહોતો પલટચો? તમે ય શું ભાઈસા'બ એમ સહેજમાં ભોળવાઈ જાઓ છો.

સુરેશ: બિચારો ગરીબ છે એટલે તું આટલી ગુસ્સે થાય છે. હમણાં પૈસાપાત્ર હોય અને આવું કરતો હોય તો તમે જ બધાં એની પાછળ ખુશામત કરતાં દોડો.

કુસુમ: (ગુસ્સામાં) અરે એ લખપતિનો દીકરો હોયને, તો ય હું તો એના પર થૂંકું સરખી યે નહિ, સમજ્યા?

સુરેશ: (મશ્કરી કરતાં) બહુરૂપાળો હોય તો?

કુસુમ: (ખૂબ ગુસ્સામાં) લાત મારું લાત! આગ ના લાગે એના રૂપમાં? એવા ખિસ્સાકાતરુ જોડે પરણવા કરતાં તો ઝેર પી લેવું હું વધારે પસંદ કરું.

સુરેશ: હું એવો હોઉં તો?

કુસુમ: (એ જ ગુસ્સામાં) તમને ય ના પરણું!

સુરેશ: માન કે હું અત્યારે જ એવો છું એવી તને ખબર પડે તો?

કુસુમ: જાઓ જાઓ, હવે.


સુરેશ: અરે પણ માન ને, કે હું અત્યારે એવો હોઉં,—તો શું?

કુસુમ: (ચૂપ થઈ જાય છે. પછી એ જ ગુસ્સામાં) તો...તો...હું તમને ય છોડી ચાલી જાઉં!

સુરેશ: એમ?

કુસુમ: હા, એવા પતિ સાથે રહેવા કરતાં એને છોડી ચાલી જવાનું હું હજાર દરજ્જે ઊંચુ ગણું, સમજ્યા?

સુરેશ: (શાંતિથી) સારું; એક સવાલ પૂછું?



કુસુમ: (એ જ મિજાજમાં) દસ પૂછોને.

સુરેશ: મને પગાર કેટલો મળે છે?

કુસુમ: અઢી સો રૂપિયા, વળી.

સુરેશ: હું આ નોકરી કેટલાં વર્ષથી કરું છું?

કુસુમ: સાત વર્ષથી. આ મોટા બાબાના જન્મ વખતે એક વર્ષ થએલું વળી, નોકરીને.

સુરેશ: આપણે ઘરનું ભાડું શું ભરીએ છીએ?

કુસુમ: પચાસ રૂપિયા.

સુરેશ: આપણો પાંચ જણાંનો મહિના દિવસનો બીજો કુલ ખર્ચ કેટલો?

કુસુમ: દોઢસો રૂપિયા;...પણ આ બધું પૂછવાનો શો અર્થ છે?

સુરેશ: તું સાંભળ તો ખરી. હં...તો કુલ બસો રૂપિયા આપણો મહિનાનો ખર્ચ, એટલે બચત રહે રૂપિયા પચાસ.

કુસુમ: હાસ્તો વળી.

સુરેશ: વળી, બધાંની માંદગીનો, કપડાંલત્તાં, મુસાફરી વગેરેનો ને તારી સુવાવડનો પણ ખર્ચો આપણે એ બચતમાંથી જ કાઢીએ છીએ ને?

કુસુમ: (અધવચ્ચે જ) તે એમાં શી ધાડ મારો છો? જણ્યાંને તો જોગવવાં જ પડે ને?

સુરેશ: હવે બીજી વાત. આ તારા કાનમાં હીરાના કાપ તેં પહેર્યા છે, એ કેટલાના છે?

કુસુમ: દોઢ હજારના; ચાર મહિના પર તો લીધા છે, એટલી વારમાં ભૂલી ગયા?

સુરેશ: હં; ગઈ સાલ પેલું લોખંડનું કબાટ કેટલાનું લીધેલું?

કુસુમ: સાડા ત્રણસોનું.

સુરેશ: આ સોફાસેટ?

કુસુમ: સાડા ચારસોનો.

સુરેશ: અને આ રેડિયો?

કુસુમ: સાડી સાતસોનો. મને તો બધું ય આંગળીને વેઢે યાદ છે, હા! પૂછોને તમારે પૂછવું હોય એટલું.

સુરેશ: હં...તારા ભાઈની છોકરીનાં લગ્ન હતાં ત્યારે એને કેટલા રૂપિયા ઉધાર આપેલા?

કુસુમ: (ગુસ્સે થઈ જાય છે) તે એમાં મને શા માટે વારંવાર યાદ દેવડાવો છો? એમ સંભળાવવું હતું તો આપ્યા'તા શું કરવા? તમે જાણો ને એ જાણે, એમાં મને વચ્ચે ફોકટની ના બાળશો, હા. તમને કહી દીધું વળી!

સુરેશ: હું એવું ક્યાં કહું છું? હું તો માત્ર પૂછું છું.

કુસુમ: (રોષથી છણકો કરતી) ત્રણ હજાર.

સુરેશ: (ઠંડકથી ચીપીચીપીને) હં...તો તને શું એમ લાગે છે કે આટલી બધી રકમ હું આપણી દર મહિનાની પચાસ રૂપિયાની બચતમાંથી ખર્ચી શકું છું?

કુસુમ: મને શી ખબર?

સુરેશ: (સહેજમાં ઉશ્કેરાઈ જાય છે) ના, તું જાણે છે. બધા પૈસા હું તને જ મૂકવા આપું છું.

કુસુમ: તે તમારે તો આવે. તમે તો સરકારી અમલદાર છો, તે કેટલાય વેપારીઓ બક્ષિશ આપે.

સુરેશ: (તિરસ્કારથી) હં......બક્ષિશ! એમના ખિસ્સામાંથી હું જે કાંઈ મફતનું લઉં એ બક્ષિશ, અને ભીખાલાલ...

કુસુમ: (ક્રોધમાં) ભીખાલાલ! ભીખાલાલ! ભીખાલાલ!! કોણ જાણે નાનપણથી એ ભીખલામાં શું જોઇ ગયા છો, તે આખો દિવસ એની જ પટલાઈ કર્યા કરો છો! નખ્ખોદ જાય એ મૂઆનું, રોજ મારા ઘરમાં એના નામની મોકાણ મંડાય છે. મૂઆને મોતે નથી આવતું!

સુરેશ: (જરા રોષમાં) જો કુસુમ! ભીખાલાલ જ્યારે કોઈના ખિસ્સા પર હાથ મૂકતો હશે ત્યારે એના હાથમાં આઠ-દસ કે પચીસ-પચાસ રૂપિયાથી વધુ નહિ આવતું હોય. આ જમાનામાં એને એ રીતે વધુ મળે પણ નહિ. પણ હું જ્યારે કોઇના ખિસ્સા પર હાથ મૂકું છું ત્યારે સોથી ઓછા તો આવતા જ નથી.

કુસુમ: (ક્રોધમાં જ) એટલે? તમે શું કહેવા માંગો છો?

સુરેશ: (સમજાવીને) હું એ કહેવા માગું છું, કે એ રીતે હું એ ભીખાલાલ કરતાં દસ ગણો મોટો ખિસ્સાકાતરુ છું, સમજી? અને તું એવા એક મોટા ખિસ્સાકાતરુને જ પરણી છે!

કુસુમ: (ગુસ્સાથી) બસ, બસ કરો હવે! હું તમારી સાથે વાત કરવા નથી માગતી. હું અહીંથી જતી રહીશ.

સુરેશ: (શાંતિથી) એ તૈયારી સાથે જ મેં તને બધું સ્પષ્ટ કર્યું છે.

[કુસુમ ઊભી થઈ ઝડપથી પગ ઠોકતી ચાલી જાય છે. પાછળ બારણું મોટા અવાજ સાથે બંધ થાય છે. પંદરેક સેકંડ સુધી વાતાવરણમાં એકદમ શાંતિ. પછી અંદરના ઓરડામાંથી જોરજોરથી ડૂસકાં ભરવાનો અવાજ]

સુરેશ: અરે, આવડી નાની બાબતમાં આટલું બધું શું છે? [રસોડા તરફ જાય છે] કુ...સુ...મ! કુ...સુ...મ! [ડૂસકાંનો અવાજ]...ઓ હો...આ કાગળ પેન્સિલ લઇને શું કરે છે? (ડૂસકાંનો અવાજ ચાલુ છે) અરે, લાવ જોવા તો દે, શું લખ્યું છે?

કુસુમ: (રડતાં રડતાં) જાઓને હવે.....

સુરેશ: અરે પણ જોવા તો દે.

કુસુમ: (માત્ર ડૂસકાં જ)

સુરેશ: (કાગળ વાંચે છે) ઓહો! આ તો નીલી બહેનને લખ્યો છે: નીલા બહેન, જીવનભર જે હું ન સમજી શકી તે તમે...

કુસુમ: (ભરેલા અવાજે) ના નથી વાંચવાનું.

સુરેશ: (ખડખડાટ હસતાં) સમજી ગયો, કુસુમ... સમજી ગયો.....

અનુસંધાન] **આજનું સમુદ્રતળ, કાલનું ઉન્નત ગિરિશૃંગ** [પૃષ્ઠ ૨૫૯થી

અવશેષો (fossils or remains of dead animals) મળી આવે છે. જળચરના મરણ બાદ તેનાં હાડકાં જેવા સખત ભાગ કે છીપો સાગરને તળિયે ડૂબી જઇને તે પર કાંપના થરના થર જમા થાય છે. કાળક્રમે આ થરવાળા ખડકો સખત બને છે, જેમાંથી જળચરના અવશેષો દટાએલા મળી આવે છે. હિમાલયના કુમાઉં, ગઢવાલ, હઝારા, લચલાંગ, સ્પીટી વગેરે ભાગોમાં ૧૦,૦૦૦ થી ૧૨,૦૦૦ ફૂટની ઊંચાઇએ જુદાજુદા કાળનાં પ્રાણીઓના આવા અવશેષો મળી આવે છે. તદુપરાંત હિમાલયનું 'એવરેસ્ટ' શિખર પણ જળકૃત ખડકનું જ બનેલું છે. આમ કાશ્મીરથી આસામ સુધીનો ૧,૫૦૦ માઈલ લાંબો અને ૨૫૦ માઈલ પહોળો હિમાલય, તેમજ યુરોપનો ઊંચામાં ઊંચો પર્વત આલ્પ્સ એ બંને આજથી સાડાત્રણ કરોડ વર્ષ પૂર્વે સમુદ્ર તળિયે સપાટ પરિસ્થિતિમાં હતા અને સમુદ્રથી સેંકડો માઈલ દૂર રહેલાં શહેરો એક સમયે સાગરતળિયે હતાં એમ ભૂસ્તરશાસ્ત્રના પુરાવાથી સાબિત થાય છે. આ જ રીતે આપણા દેશનાં કુર્નૂલ, કડાપ્પા, જબલપુર, કચ્છ, ત્રિચિનોપલ્લી, જેસલમેર, દિલ્હી, હિમતનગર અને સૌરાષ્ટ્રના કિનારાનો કેટલોક ભાગ જુદાજુદા પ્રાચીન યુગ દરમિયાન સાગર-તળિયે હતાં.

પૃથ્વીની સપાટી આપણે માનીએ છીએ તેટલી સ્થિર નથી. તેના ઉપર સમુદ્રતળિયે બેસી જવાના અને ઉછાળાના (subsidence and upheavalના) ફેરફારો થયા જ કરે છે. હજી આજે પણ મુંબાઈ બેટનો પૂર્વ કિનારો થોડો થોડો નીચે જતો જાય છે, જેની સાબિતી રૂપે ઓટના સમયે સાગરમાં ડૂબેલાં વૃક્ષોનાં થડ દેખાય છે. આ ભાગ સમુદ્રની સપાટીથી ૧૨ ફૂટ નીચે ગએલો છે. ઈ. ૧૮૧૯ના ધરતીકંપમાં કચ્છનો ૨,૦૦૦ ચોરસમાઈલનો વિસ્તાર એકાએક સાગરતળિએ બેસી ગયો હતો, અને પરિણામે બીજી બાજુ 'અલ્લાહ-બંધ' નામનો ૬૦૦ ચોરસમાઈલ જમીનનો એક ભાગ ઉપર આવી ગયો હતો જે અત્યારે પણ હયાત છે! જ્યારે સમુદ્રતટે આવેલો કચ્છનો ઐતિહાસિક સિન્દ્રીનો કિલ્લો પાણી નીચે ડૂબી ગયો હતો; ફક્ત તેનો મિનારો જ વર્ષો સુધી સમુદ્રની સપાટી ઉપર દશ્યમાન હતો. ઢાકા પાસેનાં મધુપુર જંગલોનો ભાગ આજે સમુદ્રસપાટીથી ૧૦૦ ફૂટ ઉપર આવી ગયો છે, અને એને જ પરિણામે બ્રહ્મપુત્રા નદીનો પ્રવાહ બદલાઈ ગયો છે. આથી પણ વધુ આશ્ચર્યજનક ફેરફાર તો નેપલ્સ(ઇટાલી)માં પ્રાચીન જ્યુપીટર સીરાપીસના દેવળમાં જોવામાં આવે છે, અને વધુમાં આ ફેરફાર માનવ કાળ દરમિયાન થએલો હોવાથી ઘણો જ અગત્યનો છે. પહેલાં રોમન લોકોએ આ દેવળ જમીન પર જ બાંધ્યું હશે, એ વસ્તુ શંકારહિત છે. આ દેવળના પથ્થરના સ્તંભો આજે જમીનથી ૧૮ ફૂટની ઊંચાઇ સુધી ખવાઇ ગએલા છે, જેથી સાબિત થાય છે કે દેવળ બાંધ્યા પછી તે સમુદ્રના પાણીમાં ૧૮ ફૂટથી વધુ નીચે ગયું હશે. તદુપરાંત આ ભાગમાં જળચર પ્રાણીઓ(molluscs)ના અવશેષો પણ મળી આવે છે. હાલમાં પાછો સમુદ્રકિનારો દેવળથી દૂર ગયો હોવાથી સાબિત થાય છે કે ભૂપૃષ્ઠમાં આ પ્રકારનાં હલનચલન આવ્યા જ કરે છે.

જગતના બધા જ પર્વતો કંઈ એક જ કાળ દરમિયાન હયાતીમાં આવ્યા નથી. દાખલા તરીકે આપણો હિમાલય વિસ્તાર તેમજ ઊંચાઇમાં જગતના પર્વતોમાં સર્વોપરિ છે, પરંતુ આશ્ચર્યજનક વાત એ છે કે દુનિયાના બધા પર્વતોની વયની સરખામણીમાં હિમાલય સૌથી નાનો છે, અને પર્વતોમાં તે બાળક સમાન ગણાય છે! ભારતના પર્વતોમાં ઉમરમાં સૌથી મોટો–મોટા ભાઈ સમાન અરવલ્લી પર્વત એક જમાનામાં હિમાલયથી યે ઊંચો હશે, પણ વર્ષોના સતત ઘસારાને પરિણામે તેની આજની ઊંચાઇ માત્ર ૫,૦૦૦–૫,૫૦૦ ફૂટ જ છે. ગણતરી એવી છે કે એ અરવલ્લી પર્વત ૧૫૦–૧૬૦ કરોડ વર્ષ પૂર્વે આ ભૂમિપર હયાતીમાં આવ્યો હશે. તેનાથી બીજું સ્થાન આપણે ત્યાં વિંધ્યાચળ પર્વતનું છે. તે ૬૦ કરોડ વર્ષ પૂર્વે હયાતીમાં આવ્યો હશે. તે પછી ગિરનાર, સાતપુડા અને સહ્યાદ્રિનો નંબર ત્રીજો આવે. તેઓ ૬ કરોડ વર્ષ પૂર્વે હયાતીમાં આવેલા હશે. અંતમાં બાળક નગાધિરાજ હિમાલય માત્ર સાડાત્રણ કરોડ વર્ષ પૂર્વે જ અસ્તિત્વમાં આવ્યો. હજુ પણ કેટલાક વૈજ્ઞાનિકોના મત પ્રમાણે હિમાલયની ઊંચાઈ વધતી જ જાય છે. અને આ ભાગમાં સમતોલપણું સ્થાપિત ન થવાને કારણે જ આસામ, નેપાલ, ક્વેટા, બલુચિસ્તાન, બિહાર વગેરે પ્રદેશોમાં ઘણી વાર ધરતીકંપ થાય છે.

નવાં પુસ્તકો

ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા (પૂર્વાર્ધ): ભારતીય તત્ત્વજ્ઞાનના વિષયના સુપ્રસિદ્ધ લેખક એમ. હિરિયણ્ણાના 'આઉટલાઈન્સ ઑવ ઇંડિયન ફિલૉસૉફી' નામના મૂળ ગ્રંથનો સ્વ. ચન્દ્રવદન માણશંકર શુક્લે કરેલો અનુવાદ, પ્રકાશક: ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ, ૩-૦-૦; **સર્વોદય સમાજની ઝાંખી**: સર્વોદયના અહિંસક ક્રાન્તિકારી કાર્યક્રમને જુદીજુદી દિશાઓથી અવલોકી તેનો સ્પષ્ટ ને બની શકે તેટલો સરળ ખયાલ આ પુસ્તકમાં અપાયો છે. લેખક: નરહરિ દ્વારકાદાસ પરીખ, પ્રકાશક: પરીક્ષિતલાલ મજમુદાર, પ્રાપ્તિસ્થાન: ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ, ૧-૪-૦; **Dr. Anant Pandya**: 'કુમાર'નો ૩૪૪મો અંક જેમના ખાસ સ્મારક અંક રૂપે બહાર પાડવામાં આવેલો તે, 'કુમાર'ને સૌ પહેલું હસ્તલિપિ સ્વરૂપે શરૂ કરનાર ભારતના મહાન ઇજનેર અને લોકસેવક ડૉ. અનંત પંડયાનો અંગ્રેજી ભાષામાં લખાએલો સ્મારકગ્રંથ, તેમના જીવનની રૂપરેખા, તેમના મિત્રો–સંબંધીઓ તથા નેતાઓના સ્મરણાંજલિ-લેખો તેમજ પત્રો, અને ફોટો-ચિત્રો સાથે; **વારસદાર**: હેન્રી જેમ્સની નવલ 'ધ વૉશિંગ્ટન સ્ક્વેર' ઉપરથી રુથ અને ઑગસ્ટસ ગટ્ઝે યોજેલા પ્રસિદ્ધ લોકપ્રિય નાટક 'ધ હેરેસ'નું રોચક ને ચારુતાભર્યું ગુજરાતી નાટ્ય રૂપાન્તર,–કરનાર: ભ. હી. ભૂખણવાળા, પ્રાપ્તિસ્થાન એન.એમ. ત્રિપાઠી લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ–૨; **સચરાચરમાં**: બકુલ ત્રિપાઠીની ત્રીસ નિબંધિકાઓ, પ્રકાશક: રવાણી પ્રકાશન ગૃહ, રીલીફરોડ, અમદાવાદ, ૩–૮–૦; **વૃક્ષ અને વેલી**: અગાઉ 'કુમાર'માં હપતેહપતે આવી ગએલો આપણી વનસ્પતિનો સરળ ભાષામાં શાસ્ત્રીય પરિચય,-કરાવનાર: જયંતીલાલ દેવશંકર ઓઝા, પ્રકાશક: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ, ૨–૦–૦; **વનવગડાના વાસી**: ગુજરાતના ભરવાડ-રબારીનાં સ્થિતિ ને વ્યવસાય—ગોપાલનની હાલની પરિસ્થિતિ ને તેના સુધાર બાબત નિર્દેશ કરતું પુસ્તક, લેખક: જે. કે. દેસાઇ, પ્રકાશક: સૂરાભાઈ પૂનાભાઈ ભરવાડ, મંત્રી–ભાલનળકાંઠાગોપાલક મંડળ, ગૂંદી. પો.સ્ટે. ભૂરખી (જિ. અમદાવાદ); **શ્રી મહાપ્રભુજી**: વૈષ્ણવધર્મસંસ્થાપક શ્રીમદ્ વલ્લભાચાર્યનું જીવન, એમના સિદ્ધાન્ત ને પુષ્ટિમાર્ગના વિવરણ સાથે, પ્રકાશક: વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, ઘનશ્યામ નિવાસ, ચોથે માળે, સ્વામીનારાયણ મંદિર પાસે, અમદાવાદ-૧, ૨–૮–૦; **હૃદયરોગ અને મેદવૃદ્ધિ**નાં કારણો ને ઉપચાર ચર્ચતી વૈદ્ય પ્રાગજી મોહનજી રાઠોડની પુસ્તિકા, પ્રકાશક: ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્ક્સ લિમિટેડ, ગોખલે રોડ, દક્ષિણ, મુંબાઈ-૨૮, ૦–૩–૦; **શ્રીશ્રીમા આનંદમયી** (ભાગ ૧): ગુરુપ્રિયાદેવી 'દિદિ'એ મૂળ બંગાળી ભાષામાં લખેલા જીવનચરિત્ર પરથી ગુજરાતીમાં ભાષાન્તર,–કરનાર: રત્નેશ્વર ભવાનીશંકર ભટ્ટ, શ્રી રામકૃષ્ણ સેવાસમિતિ, અમદાવાદ, ૧–૮–૦.



ટિકિટસંગ્રહ



શ્રેષ્ઠ ડિઝાઈન કોને કહેવાં?


ઇંગ્લંડમાંથી 'સ્ટૅમ્પ કલેક્ટર્સ ઍન્યુઅલ' નામનું એક વાર્ષિક નીકળે છે. તેના ચાલુ વર્ષ (૧૯૫૫)ના અંકમાં, ગયા વર્ષ દરમ્યાન બહાર પડેલી ટિકિટોમાં 'શ્રેષ્ઠ ડિઝાઇનો' કોનાં, એ વિષય પર ચર્ચા કરતો એક લેખ છપાયો છે. તેમાંના થોડા નમૂના આ નીચે પ્રકટ કર્યા છે. એમાંના કથનનો મુખ્ય મુદ્દો એ છે કે સારી ડિઝાઈનમાં માત્ર એક જ વસ્તુ રજૂ થએલી હોવી જોઇએ, અને તે સચોટ–સુંદર રીતે થવી જોઇએ. ટિકિટના કલાકારો એક મૂળભૂત વસ્તુ ભૂલી જતા લાગે છે કે ટિકિટનું કદ નાનું–અત્યંત નાનું હોય છે. તેના પર થોકબંધ વિગતોના ઠઠારાનો અત્યાચાર ન થવો જોઇએ. સંસ્થાઓની ટિકિટોમાં કેટલીક વખત તો એક-દોઢ ઈંચના ગાળામાં એક મોટું ભવ્ય નિસર્ગદૃશ્ય, તેની સાથે રાજકર્તાનું મહોરું અને ટિકિટના અક્ષરો વગેરેનો એટલો મોટો શંભુમેળો હોય છે કે બહુદર્શક કાચની મદદથી પણ પૂરી વિગત સમજાય નહિ. જ્યારે ખરી વાત તો એ છે કે ટિકિટ પર નજર પડતાંવેંત તેનો ચિત્રવિષય મગજ પર છપાઈ જવો જોઇએ. પોતાનાં રંગ અને રચનાથી તે અનેકોના ઢગલામાંથી બહાર તરી આવવી જોઇએ. અને બીજો મુદ્દો એ કે તેના વિષયનું નિરૂપણ બને તેટલી સાદાઈથી છતાં ચોટદાર રીતે રજૂ થવું જોઇએ. વળી તેના ઉપર પ્રતીક કે સંકેતચિત્ર હોય તો તેની પણ રચના એવી હોવી જોઇએ કે સામાન્ય માણસ પણ તેનો મર્મ તત્કાલ ગ્રહી શકે.

દાખલા તરીકે આ નીચે આપેલી જર્મનીની ૨૦ ફેનિંગની ટિકિટ જુઓ. ગયા વર્ષના જૂનમાં સંત બોનીફેઈસની શહીદીને ૧,૨૦૦ વર્ષ પૂરાં થયાના નિમિત્તે કાઢેલી એ ટિકિટ પર ખ્રિસ્તી ધર્માધ્યક્ષની ટોપી સોંસરી ભોંકેલી તલવારનું સાદું ચિત્ર આપમેળે એ શહીદી વ્યક્ત કરે છે, ને છતાં તેની રચના કલાત્મક તથા જોરદાર છે. એ સંતની નેધરલૅન્ડે કાઢેલી ટિકિટ પણ એવી જ ચોટદાર છે. સંત અને દેશના નામના કાટખૂણાકાર પટ્ટા વચ્ચે દર્શાવેલા એ સંતની આંખોમાંની વેદના એ ટિકિટનો ઉદ્દેશ અસરકારક રીતે કહી જાય છે. અને તેના પરના વર્ષાંક (ઈ. ૭૫૪–૧૯૫૪) તથા કિંમતના આંકડા એ સાદી આકૃતિ સાથે મેળ લે તેવા જ સાદા ને સચોટ છે. એવી જ સૂચક સાદાઈ એ દેશે આ મે માસમાં પોતાની મુક્તિની દશાબ્દી પ્રસંગે કાઢેલી 'સળગતી તલવાર'ના ચિત્રવાળી ટિકિટમાં તથા બાળસહાયક ટિકિટમાં જણાશે.

વ્યક્તિઓની તસ્વીરો પણ આપવી હોય તો કેવી આપવી જોઇએ તેના બીજા દૃષ્ટાંતરૂપ ગ્રીસે ૧૯૫૪ના જાન્યુઆરીમાં બહાર પાડેલી મહાનસિકંદરની મુદ્રાવાળી ટિકિટ જુઓ. એક પ્રાચીન સિક્કા ઉપરથી લેવામાં આવેલું તેનું મોટું મોરું લંબચોરસ તકતીમાં ગોળાકૃતિએ મુકાવાથી જે ઉઠાવ ધારણ કરે છે તે તેના ભવ્ય વ્યક્તિત્વને વધુ જોર આપે છે. પ્રાણીઓનાં ચિત્રોના તો શ્રેષ્ઠ નમૂના દક્ષિણ આફ્રિકાની ગયા વર્ષની ટિકિટો ઉપર આવેલા તે અમે ૩૭૨મા અંકમાં આપી ગયા છીએ. આ માત્ર થોડાં ઉદાહરણ છે, પરંતુ તે ટિકિટોનાં ડિઝાઇનોની ગુણપરીક્ષા કરવામાં સહાયભૂત થશે એવી આશા છે. ખાનગી વ્યક્તિઓના સંગ્રહમાંથી અમે જે વિવિધ દેશની ટિકિટોના સમૂહો અવારનવાર પ્રકટ કરીએ છીએ તેની ચૂંટણી પાછળ કાંઈક આ જ દૃષ્ટિ રહેલી હોય છે.

ગયા ૧૯૫૩ના ડિસેમ્બર માસમાં ન્યૂ યૉર્ક શહેર સ્થપાયાને ત્રણસો વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે અમેરિકાએ કાઢેલી ટિકિટ તથા એક ફર્સ્ટ-ડે કવર આ સામે આપ્યાં છે. એમાં કવર ઉપર ન્યૂ યૉર્ક શહેરના મુદ્રાચિહ્નની આકૃતિની નીચે એ શહેરનો પ્રાથમિક ઇતિહાસ ટૂંકામાં આપ્યો છે. ટિકિટ પર શરૂના ન્યૂ યૉર્કના બારામાં વસાહતીઓનું મોટું જહાજ આલેખ્યું છે, અને પશ્ચાદ્ભૂમિમાં આજનાં ગગનચુંબી મકાનો ધરાવતા ન્યૂ યૉર્કની ઝાંખી છે. (ભરતકુમાર ઉપાધ્યાયના સંગ્રહમાંથી)

આ વર્ષમાં ઈન્ડોનેશિયા ત્રણ પ્રસંગની ખાસ ટિકિટો કાઢનાર છે. એક, આવતા માસ (ઑગસ્ટ)માં આવતા તેના સ્વાતંત્ર્ય-દિન નિમિત્તે, બીજી સપ્ટેમ્બરમાં તેની જનરલ પોસ્ટ ઑફિસના સ્મરણમાં, ને ત્રીજી ઑક્ટોબર માં તેના 'સશસ્ત્ર દળના દિન' નિમિત્તે.















કલાવાર્તા



વ્યાલી યાળી

'**કુમાર**'ના મે ૧૯૫૫ના અંકમાં પૃ. ૧૬૪ ઉપર 'કલાવાર્તા' વિભાગમાં 'યાળી' એ શીર્ષક નીચે, ડૉ. ઉમાકાન્ત શાહના લેખ પરત્વે કેટલુંક વિવેચન છે. એ વિષે કેટલાક વિચારો અને વિગતો રજૂ કરું છું.

પ્રાચીન કલામાં નિરૂપિત સૂંઢાળા સિંહ માટે 'વ્યાલી' કે 'યાળી' કરતાં 'ગજ-શાર્દૂલ' શબ્દ વધારે યોગ્ય છે, કેમકે સંસ્કૃતમાં 'વ્યાલ'ના 'નાગ', 'હાથી', 'વાઘ', 'ચિત્તો' આદિ અનેક અર્થો છે; 'વ્યાલી' અને 'યાળી' એ બે શબ્દોને કશો સંબંધ નથી, કેમકે 'યાળ' તુર્કી ભાષાનો શબ્દ છે અને 'સિંહ કે ઘોડાની ગરદન ઉપરના વાળ' એવો તેનો અર્થ છે. સામાન્ય સિંહ તેમજ 'ગજશાર્દૂલ' બંનેના આલેખનમાં યાળ હોય છે, એટલે 'ગજશાર્દૂલ'ને જ 'યાળી' કહેવામાં કોઈ વિશિષ્ટ પ્રયોજન રહેતું નથી.[1]

મોટે ભાગે દક્ષિણ ભારતના શિલ્પમાં આ પ્રકારનું પ્રાણી પુષ્કળ આલેખન પામ્યું છે એમ 'કલાવાર્તા'ના લેખકે જણાવ્યું છે. પરન્તુ ગુજરાતની જૂની ચિત્રકળામાં પણ 'ગજશાર્દૂલ' પુષ્કળ આલેખાયો છે એ તેમના ધ્યાન બહાર રહ્યું જણાય છે.[2] ગુજરાતી ચિત્રકલાના જે નમૂના આ પહેલાં પ્રસિદ્ધ થયા છે એમાંથી 'પવિત્ર કલ્પસૂત્ર' તથા 'જૈન ચિત્રકલ્પદ્રુમ' ઇત્યાદિમાં 'ગજશાર્દૂલ'નાં સુરેખ આલેખન છે. (તે પૈકીનું એક આ સાથે આપ્યું છે.) સોળમા શતકમાં યશોધર નામે બ્રાહ્મણ વિદ્વાને 'પંચાખ્યાન' ('પંચતંત્ર')નું જૂની ગુજરાતીમાં ગદ્ય ભાષાન્તર કર્યું છે એની એક સચિત્ર હસ્તપ્રત વડોદરા યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ માટે અમે મેળવી છે. એની પ્રાણીકથાઓમાં સિંહનાં અનેક આલેખનો છે. એ સર્વમાં સૂંઢાળો સિંહ 'ગજશાર્દૂલ' જ છે; એક પણ ચિત્રમાં સામાન્ય સિંહ નથી. પ્રસ્તુત હસ્તપ્રતના કલાકારે આ કાલ્પનિક મિશ્રપ્રાણીના આલેખનના કલા-સમય(art-convention)નો સમાદર સર્વત્ર કર્યો છે એમ ગણવું જોઇએ. અર્થાત્ ગુજરાતની કલામાં આ આલેખન સુપ્રચલિત છે.

આ કલા-પ્રયોજન(motif)નો ઉદ્ભવ ક્યાં અને ક્યારે થયો અને ગુજરાત તથા દક્ષિણ ભારતની કલામાં એનો પ્રચાર કેટલો જૂનો છે, તથા એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં એનું સંક્રમણ ક્યારે અને કેવી રીતે થયું એ અલગ સંશોધનનો વિષય છે.

—ભોગીલાલ જ. સાંડેસરા


[1]'યાળી' શબ્દ તુર્કી ભાષાના 'યાળ' પરથી જ આવ્યો હોવાનું શા માટે માનવું? 'વ્યાળી'નું અપભ્રંશ 'યાળી' થયું હોવાનો વધારે સંભવ નથી? કેમકે દક્ષિણમાં જ એ શબ્દ વધુ વપરાય છે, કે જ્યાં તુર્ક-અરબી-ફારસી ભાષાઓની અસર નહિવત્ થઈ છે. 'વ્યાલ'ના અર્થ 'હાથી' તેમજ 'વાઘ' આદિ થતા હોઇને હાથી તથા સિંહના મિશ્રણવાળા પ્રાણીને માટે 'વ્યાળી' શબ્દ યોજાયો હોવાનું અને તેનું અપભ્રંશ રૂપ 'યાળી' થયું હોવાનું સંભવિત નથી? [2]નથી રહ્યું; 'કેસરી સિંહ' રૂપે તેનો ઉલ્લેખ કર્યો જ છે. --તંત્રી

'કૂવાકાંઠે' થી 'પ્રકાશની ગાયો' સુધી

આજથી પચ્ચીસ વર્ષ પર, ૭૪મા અંકમાં શ્રી કૃષ્ણલાલ ભટ્ટનું પહેલું રંગચિત્ર 'કૂવાકાંઠે સંધ્યા' 'કુમાર'માં પ્રકટ થયું; અને બરાબર પચ્ચીસ વર્ષે, ગયા (જૂન) માસમાં, એમનાં ચિત્રોનું પહેલું પ્રદર્શન ગુજરાત-સૌરાષ્ટ્ર-મુંબાઈમાં ફર્યું એ એક અજબ યોગ છે. શ્રી કૃષ્ણલાલ અને એમની કળાનો વિસ્તૃત પરિચય ૩૦૦મા અંકમાં આવી ગયો છે. અમદાવાદમાં શ્રી રવિશંકર રાવળના ચિત્રગૃહમાં અભ્યાસ કરી વડોદરામાં શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય પાસેથી નવીન રંગવિધાન અને શાંતિનિકેતનમાં શ્રી નંદબાબુ પાસે ચિત્રકળાનું વિશેષ હાર્દ પામી તેઓ અમદાવાદમાં કલાશિક્ષણથી નિર્વાહ ચલાવતા હતા. ત્યારે સાંસારિક કૃપાળિઓથી વ્યગ્ર રહેતા એમના મનને પૉંડીચેરીના શ્રી અરવિંદ આશ્રમમાંથી નવી પ્રેરણા ને આત્મપ્રકાશ મેળવવાને સાંત્વન મળ્યું, એટલે ૧૯૩૬માં તેઓ ત્યાં જઈ રહ્યા. ત્યાર પછીનાં વીસ વર્ષના એ એકાંતિક વિકાસમાં તે પોતાની કળામાં ઉચ્ચ આદર્શો અને આધ્યાત્મિક ભાવનાઓ બહુ સુરેખપણે પ્રકટ કરવા મથ્યા છે. તેના ઉદાહરણ રૂપ આ અંકના મુખપૃષ્ઠ પર તેમનાં બે ચિત્રો પ્રકટ કર્યાં છે. તેમાંનું મથાળાનું રંગચિત્ર 'હીલોળા' આજથી બ બર પચ્ચીસ વર્ષ ઉપર ૭૯મા જ અંકમાં મુ ચિત્ર તરીકે આવી ગયું છે એ યોગાનુયોગ તક લઇને, તેની જ નીચે એમના આ વ ના પ્રદર્શનમાં રજૂ થએલું સૌથી મોટું, આ પડતું ને લોકપ્રિય નીવડેલું આધ્યાત્મિક વના વ્યક્ત કરતું 'પ્રકાશની ગાયો'નું અમે પ્રકટ કરીએ છીએ, તે પરથી એમ પ્રગતિની પ્રતીતિ થશે. આ વીસ વર્ષમાં કૃષ્ણલાલે વિશેષ કરીને પશુ-પ્રાણી-પક્ષી ચિત્રણા પ્રશંસનીયરીતે હાથ કરી છે ત તેમના માત્ર આકારો જ નહિ, પરંતુ તેમ ભાવો, ચેષ્ટાઓ અને વાતાવરણ ઉતારવા પણ તે સફળ થયા છે તેનું પણ એ ચિ ઉદાહરણ છે. અમુક મર્યાદાઓને કારણે તે રંગીન બ્લૉક નહિ મળી શકતા હોઈ એ ચિ ની ખૂબીઓને પૂરો ન્યાય નથી આપી શકા તેનો અમને અસંતોષ છે. એનું મૂળ રંગચિ 'દક્ષિણા' ત્રૈમાસિકમાં પ્રકટ થયું ત્યારે તે વિષે લખાએલી તંત્રી-નોંધમાંનો થોડો ઉતા ઉપયોગી થઈ પડશે: "ગાય એ માત્ર જીવ માં પુષ્ટિદાયક સત્ત્વ પૂરું પાડનારું અતિ ઉ યોગી પ્રાણી નહિ, પણ એક સૂક્ષ્મ તત્ત્વનું મૂર્ત રૂપ છે એ દૃષ્ટિ આપણા સૂક્ષ્મજ્ઞ ઋ ઓની હતી. વેદમાં 'ગૌ',–'ગાય'ના, સામા 'પ્રાણી' અને 'પ્રકાશનાં કિરણ' એમ બે અ થાય છે. સાધના કરનારને જ્યારે સૂક્ષ્મ દ ખૂલે છે ત્યારે સૂક્ષ્મ દર્શનમાં સૂર્યના મંડ માંથી ચારે તરફ પસરતાં કિરણો દેખાય અને એ કિરણો મધ્યમાં કે છેવટે ગાયોનાં બ બની જાય છે. અંતરની આ અનુભૂતિ ઉપ ઉષા અને ગૌ-ગાયોનો સંબંધ પ્રતિષ્ઠિત છે 'ગાયો' એટલે 'જ્ઞાનનો પ્રકાશ'."

પૂર્વ-પશ્ચિમનો સમન્વય

ગયા જૂનમાં જ બીજા ગુજરાતી કલાકાર શ્ર શ્યાવક્ષ ચાવડાનું પહેલું 'નિજી પ્રદર્શન (one-man show) લંડનમાં ભરાયું. એમન



↑ પ્રદર્શનમાંનું શ્રી ચાવડાનું એક રેખાંકન





લંડન-પ્રદર્શનમાં રજૂ થએલાં શ્રી ચાવડાનાં ચિત્રોમાંનાં બે : 'જાવાના કાવડવાળા'; તથા 'કાંકરેજી સાંઢ'. બંનેમાં રેખાનાં બલ તથા વેગ જુઓ.

કલાથી પણ 'કુમાર'ના વાચકો પરિચિત છે. ૧૯૧૪માં નવસારી જિલ્લામાં જન્મીને પ્રાથમિક શિક્ષણ બાદ મુંબાઇની કળાશાળામાંથી ૧૯૩૫માં સ્નાતક થઈ,લંડનની સ્લેડ સ્કૂલ, સેન્ટ માર્ટિનની કળાશાળા તથા પારીસની 'ગ્રાંડ શૅામીએર એકેડેમી'માં વિશેષ તાલીમ લઈ હાલ તેઓ મુંબાઈમાં પોતાના કલાવ્યવસાયમાં પ્રવૃત્ત છે; પણ તેમની કલાની પ્રતિષ્ઠાના સીમાડા ઘણા વિસ્તૃત છે. પરદેશોમાં આ કાંઇ એમનું પહેલું પ્રદર્શન નથી. ૧૯૪૮માં લંડનમાં ભરાએલા 'સર્વયુગીય ભારતીય કલા'-ના પ્રદર્શનમાં, ૧૯૫૨ના ન્યૂયૉર્કના ભારતીય કળા-પ્રદર્શનમાં, પારીસના સૅલોં દ માઇ તથા યુનેસ્કોના કળા-પ્રદર્શનોમાં, તથા ૧૯૫૪ના વેનિસના જગવિખ્યાત 'બાયેનીએલ' પ્રદર્શનમાં એમની કળ એ ક્યારની નામના કાઢી છે. વિખ્યાત કલા વિવેચક વિલિયમ આર્ચર (લંડનના મશહૂર વિક્ટોરિયા-આલ્બર્ટ મ્યૂઝિયમના ભારતીય કલાવિભાગના સંગ્રહપાલ) લખે છે કે 'આધુનિક ભારતીય કલાકારો સમક્ષ જો કોઈ મોટામાં મોટી સમસ્યા હોય તો તે એ છે કે પશ્ચિમી ચિત્રશૈલીની તાલીમ અને ભારતીય કળાનાં વહેણ એ બેનો સમન્વય કેમ કરવો. એક બાજુ યુરોપીય કલા-પરંપરા, જે આજે પિકાસોની ઍાડર્નિસ્ટિક (અદ્યતન) ભાવાવેગ-શૈલીમાં પરાકાષ્ઠાએ પહોંચી છે તે, અને બીજી બાજુ ભારતીય ચિત્રણામાં રહેલાં રેખાનાં લય અને લાવણ્ય,—એ બેનો સુભગ અને પ્રતીતિજનક યોગ બહુ ઓછા કલાકારો સાધી શક્યા છે, અને એમાં શ્યાવક્ષ ચાવડાનું સ્થાન છે. નૃત્યાવેગનાં એમણે કરેલાં રેખાંકનોમાં જણાતાં લય ને લાવણ્યમાં તથા ભારતીય ગ્રામદશ્યોની ભભકભરી રંગાવટમાં એમની કલમની સિદ્ધિ સ્પષ્ટ થાય છે.

અમારા પરના પત્રમાં શ્રી ચાવડા લંડનથી લખે છે: 'છેલ્લા ચાર માસથી હું ખૂબ કાર્યરત રહ્યો છું. અહીંના કૉવેન્ટ ગાર્ડન ખાતેના રૉયલ ઑપેરા હાઉસમાં વિખ્યાત 'સૅડલર્સ વેલ્સ બૅલે'ની નૃત્યમંડળીનાં લગભગ બધાં જ નૃત્યોનાં મેં ચાલુ રેખાંકનો ઉતાર્યાં છે. એ માટે એમણે મને 'વિંગ'માં બેસીને ચીતરવાની ખાસ છૂટ આપી હતી, જે સામાન્ય રીતે કોઇને આપવામાં આવતી નથી. વળી છેલ્લા ત્રણ માસથી હું અહીં પ્રાચીન ચિત્રોને સમારવાની ખાસ કળાની તાલીમ, એના નિષ્ણાત મિ. એચ. રૂહેમાન પાસે લઇ રહ્યો છું. મિ. રૂહેમાન એ વિષયમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે અને અહીંની નૅશનલ આર્ટ ગૅલેરીના સમારકામ વિભાગના વડા છે. ઉપરાંત ટેરાકોટાની(મૃણ્મૂર્તિ)કલામાં પણ મેં અહીં થોડું કામ કર્યું છે અને ત્યાં આવીને એના પ્રયોગો કરવાનો છું. અહીંથી હું પારીસ અને સ્વિટ્ઝર્લૅાડ જઈશ. પારીસમાં હું કદાચ પ્રદર્શન પણ ભરું!




ગયા મે માસમાં કેમ્બ્રિજમાં યોજાએલા પ્રદર્શનમાં મુકાએલાં લંડનના વિક્ટોરિયા–આલ્બર્ટ મ્યૂઝિયમમાંનાં ભારતીયકલાનાં ચિત્રો પૈકીનાં બે ચિત્રો. ડાબી બાજુ: જહાંગીરના કાળમાં શ્રેષ્ઠ કક્ષાએ પહોંચેલી પક્ષી-ચિત્રણાનો એક ઉત્કૃષ્ટ નમૂનો. જમણી બાજુ: ભારતીયચિત્રકળાની અસ્તથતી પરંપરાના છેલ્લા અંકોડા રૂપ ઓગણીસમી સદીની (આપણે ત્યાંની ભીંતો પરનાં સલાટી શૈલીનાં ચિત્રો જેવી) બંગાળની 'કાલિઘાટ શૈલી' નામક લોકશૈલીમાં 'રાધાકૃષ્ણ'નું એક આલેખન.



કેમ્બ્રિજમાં ભારતીય ચિત્રોનું પ્રદર્શન

ભારતીય કળાનું વળી એક બીજું પ્રદર્શન પણ ગયે મે મહિને કેમ્બ્રિજમાં ભરાએલું. એમાં વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમના અદ્વિતીય કલાસંગ્રહમાંનાં ભારતીય ચિત્રો પ્રદર્શિત થયાં હતાં. ૧૬મી સદીના અંતથી માંડીને ૧૯મી સદીના પ્રારંભ સુધીનાં ભારતીય ચિત્રોનો શક્ય તેટલો સર્વગ્રાહી ખયાલ આપે એ દૃષ્ટિએ એ ચિત્રો પસંદ કરવામાં આવેલાં. એમાં સૌથી પ્રાચીન ચિત્રો હતાં સુપ્રસિદ્ધ 'અકબરનામા'માંનાં કેટલાંક ઉત્કૃષ્ટ ચિત્રો, જેમાં મહાન મુઘલ બાદશાહ અકબરના જીવનના કેટલાક પ્રસંગો આલેખવામાં આવ્યા છે. દા. ત. એક ચિત્રમાં અકબર બે બળવાખોરોનો પીછો પકડી રહ્યા હોય એવું દશ્ય છે અને બીજા એક ચિત્રમાં તેમના હાથે મિરઝાં ઇબ્રાહીમ હુસેનનો થએલો પરાભવ દર્શાવવામાં આવ્યો છે. શિકારનાં દશ્યો પણ એમાં ઘણાં છે. એવા એક દશ્યમાં બાદશાહ પકડાએલા ચિત્તાને ખાડામાંથી બહાર ઊંચકી કાઢવામાં મદદ કરતા દર્શાવ્યા છે.

અકબરના પુત્ર જહાંગીરના શાસન હેઠળ ફાલી ફૂલેલી 'નૈસર્ગિક-કળાના નમૂનાઓમાં અરબી નામાક્ષરોવાળી તકતીની વચ્ચે આલેખેલાં પંખીનાં બે સુંદર ચિત્રોનો સમાવેશ થાય છે. તે પૈકીનું એક અહીં આપ્યું છે. તે પછી પહાડી કલમનાં લાવણ્યવાળાં ચિત્રો (જેમના નમૂના તો અવારનવાર 'કુમાર'માં અપાય છે) અને છેવટે ૧૯મી સદીની બંગાળની લોકશૈલી 'કાલીઘાટ શૈલી'નાં ચિત્રો પણ એમાં હતાં. ભારતીય પરંપરાના અસ્ત થતા અવશેષોનો એ છેલ્લો અંકોડો કહી શકાય. તેનો નમૂનો આ સાથે આપ્યો છે.



અમેરિકન ચીની કલાકાર ડૉન કિંગમને આલેખેલો વડોદરાના એક દશ્યનો સ્કેચ



અમેરિકન ચીની કલાકાર ડૉન કિંગમન

અમેરિકન ચીની કલાકાર ભારતની મુલાકાતે

પશ્ચિમ એશિયા (તુર્કી, મેસોપોટેમિયા, ઇજિપ્ત, અરબસ્તાન), ભારત, અને પૂર્વ એશિયા (ચીન, જાપાન વગેરે)ની સફરે નીકળેલા શ્રી ડૉન કિંગમન નામના કલાકાર વચ્ચે ગુજરાતમાં પણ આવી ગયા. શાળાઓ, કૉલેજો, કલાસંઘો વગેરે આગળ વ્યાખ્યાનો કરીને અને પોતાની કળાની પ્રત્યક્ષ અભિવ્યક્તિ કરીને પાંચ માસ સુધી તેમણે ખેડેલા પ્રવાસમાં કરેલાં ચિત્રોનું પ્રદર્શન આવતા સપ્ટેમ્બરમાં વૉશિંગ્ટનમાં તે ભરશે. તે પૈકી વડોદરામાં કરેલો એમનો એક સ્કેચ આ સાથે આપ્યો છે. વડોદરામાં તે પાંચ દિવસ રહ્યા, તેમાં યુનિવર્સિટી તરફથી કલાશિક્ષણ માટે જે વેગવાન કાર્ય થઈ રહ્યું છે તેની તેમના પર ઘણી ઘેરી છાપ પડી. એ વિષે તેઓ લખે છે કે 'મેં જોયું કે અહીંની શિક્ષણપદ્ધતિ અમેરિકાની કલાશિક્ષણની ઢબને ઘણી મળતી છે. વડોદરા યુનિવર્સિટીએ જે સ્થાયી નિવાસી-કલાકાર શિક્ષકોની યોજના અહીં કરી છે તે બહુ નોંધપાત્ર છે. કલાકારોને યુનિવર્સિટીમાં જ વસવાટ અને સ્ટૂડિયોની સગવડ કરી આપી હોઇ તેઓ પ્રત્યક્ષ કાર્યથી અહીં શીખવે છે. ભારતના વિવિધ ક્ષેત્રોના જાણીતા કલાકારો એના સ્ટાફ પર છે અને એ સૌ પરદેશોની તાલીમ પામી આવેલા છે. વિદ્યાલયના અધ્યક્ષ (શ્રી માર્કંડ ભટ્ટ) અમેરિકાની તથા પરદેશોની શિક્ષણપ્રણાલીઓના સતત સંપર્કમાં રહે છે અને તેની અદ્યતન પદ્ધતિઓ અહીં અજમાવાય છે એ જોઈને મને આનંદ થયો !



આ ચિત્રના પાત્રની ઉંમર કહી શકશો ?

એ યુવતી છે કે વૃદ્ધા ? એ ચિત્રને જોનારામાંના ૯૦ ટકાએ તો, ગળામાં કાળી પટ્ટી બાંધેલી યુવતીનું ચિત્ર એને કહ્યું; માત્ર દસ જ ટકા એને પહેલી નજરે પારખી શક્યા કે ફરના કોટમાં માથું ઝુકાવી બેઠેલી વૃદ્ધા એમાં છે. તમે પારખી શક્યા ? યુવતીના ગાલ, દાઢી ને હડપચીને વૃદ્ધાનું નાક કલ્પો; યુવતીનો કાન દેખાય છે તે વૃદ્ધાની ડાબી આંખ છે; અને યુવતીની પાંપણ તે વૃદ્ધાની જમણી પાંપણ છે. યુવતીના ગળાનો કાળો દોરો તે વૃદ્ધાની મોંફાડ બને છે. આટલા નિર્દેશ પછી તમે પારખી શકશો. (મોકલનાર : શ્રી સતીશ કાલેલકર, ફર્સ્ટ સેક્રેટરી, ઇન્ડિયન એમ્બાસી, પારીસ)



અભિનંદની

મરણ પણ

(પરંપરિત હરિગીત)

આ જિંદગી લાગે છ જાણે થાળમાંનું મિષ્ટ ભોજન,
જેહને આસ્વાદતાં આહ્લાદ માણે આપણું મન;
તો ન શાને મરણ પણ લાગી શકે
કોઈ સુગંધી ને મધુર મુખવાસ જેવું રમ્ય એ? —ગીતા પરીખ

શ્રી માનસિંહજી ચુડાસમા : ઈન્સ્પેક્ટર જનરલ ઑવ પોલીસ

ગુજરાતીઓ શૌર્ય અને વિક્રમથી વિમુખ છે એવો આક્ષેપ ઘણી વાર કરવામાં આવે છે, અને એના ટેકામાં લશ્કરી તથા પોલીસ વ્યવસાયમાં ગુજરાતીઓની અલ્પ સંખ્યા તથા એથી યે ઓછો રસ હોવાના દાખલા અપાય છે. આ ઉપરછલ્લા સત્યનું કારણ કદાચ વીરગુણનો અભાવ નહિ, પણ વ્યાપારમાં કુશાગ્રબુદ્ધિ અને સમન્વયકારી સ્વભાવને કારણે પ્રમાણમાં ઓછા પરિશ્રમે જીવનનું યોગક્ષેમ મેળવી લેવાની ગુજરાતીઓની શક્તિ છે. બાકી કચ્છ, સૌરાષ્ટ્ર અને મુંબાઈ રાજ્યના પણ પોલીસદળના મોટા ભાગમાં કાંઈ મરાઠાઓ કે જાટ-ગુરખા નથી; અને શાળા-કૉલેજોની 'એ.સી.સી.' ... 'એન.સી.સી.'ની પ્રવૃત્તિઓએ પણ ગુજરાતી વિદ્યાર્થીઓની અભિમુખતા નાસાબિત કરી નથી. એ સર્વથી યે ઊજળું દૃષ્ટાંત તાજેતરમાં જ નિવૃત્ત થએલા સમસ્ત ભારતના સર સેનાપતિ જનરલ રાજેન્દ્રસિંહજીનું છે; અને એમની હરોળમાં હમણાં બીજું નામ ઉમેરાયું છે, મુંબાઈ રાજ્યના ઈન્સ્પેક્ટર જનરલ ઑવ પોલીસના શ્રેષ્ઠાધિકારપદે નિમાએલા શ્રી માનસિંહજી એમ. ચુડાસમાનું. બંને સૌરાષ્ટ્રના છે—ગુજરાતીઓ છે.


સૌરાષ્ટ્રમાં ગોંડળ રાજ્યના વતની શ્રી માનસિંહજી ત્યાંના એક સૌથી પ્રાચીન ક્ષત્રિય કુળના વંશજ હોઈ રાજ્યના ગરાસિયા ભાયાત કુળમાં જન્મેલા છે. એ કોમમાં શિક્ષણનું પ્રમાણ અતિ જૂજ હતું તેવા એ કાળમાં નાનપણથી જ તેજસ્વી બુદ્ધિમત્તા દાખવનાર માન-સિંહજીએ ગોંડળની ગ્રાસિયા કૉલેજમાં માધ્યમિક શિક્ષણ પૂરું કરતાં જ તેમના વડીલોએ તેમને આગળ અભ્યાસ માટે ઉત્તેજન આપ્યું અને મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી.એ., તથા એલ.એલ. બી.ની ડિગ્રીઓ મેળવી તેમણે ૧૯૨૮માં પોલીસ ખાતાની 'આઈ. પી.' પરીક્ષા આપી, જેમાં માત્ર પંદર જ માસની અસાધારણ ટૂંકી મુદતમાં તેઓ પહેલા નંબરે ઉત્તીર્ણ થયા.

ઈ. ૧૯૨૯માં તેઓ મુંબાઈ ઈલાકાના પોલીસ ખાતામાં સૌપહેલા જોડાયા. પછીનાં અઢાર વર્ષોના ગાળામાં તેમણે બતાવેલી ચીવટ, કાબેલિયત અને વફાદારીભરેલી બાહોશ કામગીરીને પરિણામે સરકાર તરફથી તેમને ગુજરાતના 'રિજિનૉલ ટ્રાન્સપૉર્ટ ઑફિસર' તરીકે નીમવામાં આવ્યા. ત્યાર બાદ તેમની બદલી અમદાવાદ શહેરના પહેલવહેલા હિંદી ડી. એસ. પી. તરીકે થઈ. ૧૯૪૭ની સાલમાં તેઓ ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઑવ પોલીસની જગ્યા પર આવ્યા, અને હાલ તે નાયબપદથી 'ઈન્સ્પેક્ટર જનરલ ઑવ પોલીસ'ની ઉચ્ચ સર્વાધિકૃત પદવી પર નિયુક્ત થયા છે. આ પહેલાં તેઓ નાસિક જિલ્લામાં માલેગાંવ વિભાગના આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટ નિમાએલા અને ભરૂચ અને લારખાના જિલ્લામાં તેમણે જિલ્લા સુપરિન્ટેન્ડેન્ડ તરીકે કામ કરેલું. યુરોપને પ્રવાસે પણ તેઓ જઈ આવ્યા છે. ત્યાં સ્કૉટલૅન્ડ યાર્ડ, પીલ સ્કૂલ વગેરે સિપાઈ-દળોની મુલાકાતો લઇને તેમણે તેનું ઝીણવટપૂર્વક અવલોકન કર્યું. યુરોપથી પાછા ફર્યા ત્યારે હૂર લોકોના ત્રાસથી સિંધ પ્રદેશના લોકોને બચાવવા ને રક્ષણ આપવા ત્યાંના થરપારકર પ્રદેશમાં તેમની નિમણૂક થઈ. આ સમયે હૂર લોકોએ તેમનો જાન લેવાના બે પ્રયાસો પણ કરેલા, પરંતુ સદ્ભાગ્યે બંનેમાંથી તેઓ બચી ગએલા.



આપણાં પંખીઓ–૧૦૩

ઘાઘસ



ચકલી જેવડું જ—એટલે કે છએક ઇંચનું આ પંખી બીજી જાતનાં ચકલીથી એવી રીતે તારવી શકાય કે ભરત અને ચંડૂલ ટટાર બેસે છે, જ્યારે ઘાઘસ જમીન પર દબાઇને બેસે છે.

પાંખના રતૂમડા રંગ પરથી તરત ઓળખી શકાય. શરીરના ઉપરના ભાગે પીળચટ્ટો તપખીરી, ને કાળાશ પર તપખીરી રેખાઓ. પૂંછડી પણ કાળાશપડતી તપખીરી, પણ વચ્ચેનાં પીંછાં આછા રંગનાં. ચાંચ તપખીરિયા ને બાકી બદામી રંગની. આંખ પર પીળચટ્ટી બદામી રેખા. ગળા પર ઝાંખો ધોળો રંગ. છાતી પર કાળાશ લેતાં બદામી ત્રિકોણાકાર ટપકાં. બાકી આખું પેટાળ ધોળકાતા પીળચટ્ટા રંગનું. ઊડે ત્યારે પાંખનો રતૂમડો રંગ તુરત ધ્યાન ખેંચે.

આપણે ત્યાં બારેમાસ રહેનારું, પણ તેની વસતિ એકસરખી નહિ. ક્યાંક ખૂબ જાણીતું, જ્યારે ક્યાંક તો શોધ્યું યે ન જડે. વેરાન વગડાનું પંખી હોવાથી તે જ્યાં છૂટાંછવાયાં છોડ ને જાળાં-ઝાંખરાં હોય, કાંકરા કે રેતીવાળી જમીન હોય ત્યાં વસે છે. રીત ભરતને મળતી આવતી. નજીક જઇએ તો દબાઇને બેસી જાય. ઊડે ત્યારે યે ક્યાં બેસવું તે નક્કી કર્યા વિના જ ઊડે. આ કુળનાં અન્ય ગાનારાં પંખીઓની જેમ ઘાઘસનો નર પણ આકાશમાં ઊડીને ગાય છે. મોટે ભાગે તે કોઇ છોડ, કાંટા કે ઢેફા ઉપરથી ઊડે છે અને ઊંચે ચડી થોડું ગાઇને પાછો નીચે આવી જમીન પર કે કોઈ છોડ યા ઢેફા ઉપર બેસી જાય છે.

પ્રજનન ઋતુ(માર્ચથી ઑક્ટોબર)માં તેને આખો દિવસ જાણે કંઈ કામ જ નથી હોતું. ઘાસપાલાની છીછરી રકાબીના આકારની ગાદી બનાવે તે તેનો માળો. એ માળો બાંધે ખુલ્લા મેદાનમાં કે છોડવાના થડને આશ્રયે, પણ એવી રીતનો કે તે ઝટ ખોળી શકાય નહિ. ખાસ કરીને ત્રણથી પાંચ ઈંડાં તે મૂકે છે. ઈંડું અરધા કે પોણા ઇંચથી મોટા કદનું, અને બરાબર લંબગોળાકાર. ભરત કે અગન જેટલું ઘાઘસનું સંગીત ઉચ્ચ કક્ષાનું નથી. ભરત પેઠે ઊંચે ચડીને લાંબો વખત તે આકાશમાં રહેતું પણ નથી.

ઈ. ૧૯૪૨માં તેઓ મુંબાઈ રાજ્યમાં પાછા ફર્યા. મુંબાઈની જાસૂસી પોલીસના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ તરીકે જ્યારે તેઓ હતા ત્યારે આખું યે જાસૂસીખાતું તેમના હાથમાં હતું.

વાહનવ્યવહારખાતાના કાયદાઓ ઘડવામાં તેઓ ઘણી જ વ્યવહારુ સમજ ધરાવે છે. મુંબાઈના ભરચક્ક લત્તાઓમાં 'સાઈલન્સ ઝોન' તેમણે દાખલ કર્યો તે તેમની તે કુશળતાનું આગવું ઉદાહરણ છે. 'સાઈલન્સ ઝોન' મુંબાઈમાં સૌ પહેલો દાખલ થયો ત્યારે મોટર હાંકનારાઓએ મોટું બૂમરાણ મચાવી મૂકેલું. કેટલાકે તો વળી એમ પણ માની લીધું કે હવે અકસ્માતોની સંખ્યા વધવા માંડશે. પણ થોડા સમય પછી સૌને ખાતરી થઈ ગઈ કે અગવડો કે અકસ્માતો ઊભાં કરવાને નહીં પણ તેનું નિવારણ કરવાને જ આ નવી યોજના અમલમાં મુકાઈ છે. ટીકાકારોને પણ આ લાભકારી યોજનાની સફળતાની પ્રતીતિ થતાં વાર ન લાગી, અને તેમણે યે શ્રી ચૂડાસમાને અભિનંદનોથી નવાજી દીધા. 'સાઈલન્સ ઝોન' સૌપહેલો કોટવિસ્તારમાં, અને તે પછીથી અન્ય વિસ્તારોમાં અમલમાં મુકાયો. ઉપરાંત વાહનોની ઝડપી ને ગીચ અવરજવરમાં રાહદારીઓ માટે રસ્તો ઓળંગવાની ખાસ વ્યવસ્થાને અમલમાં મૂકવાનું, મેયો રોડ પર રૂા. ૪ લાખના ખર્ચે સ્વસંચાલિત વીજળીદીવાની ગોઠવણ કરવાનું અને ચર્ચગેટ ખાતે રાહદારીઓ માટે નવો જ રસ્તો બંધાવવાનું માન પણ તેમને ફાળે જાય છે.

ઉત્તમ પ્રકારની વ્યવસ્થાશક્તિ ધરાવનાર શ્રી ચૂડાસમા સ્વાભાવિકરીતે જ કડક શિસ્તપાલનના [illegible]ગ્રહી છે. વળી તેઓ તેવા જ ઉદારચરિત, નિખાલસ ને મળતાવડા [illegible]ણ છે.

કડુ

કડુ ૭,૦૦૦ થી ૧૪,૦૦૦ ફૂટની ઊંચાઇએ હિમાલયમાં ઊગતી વનસ્પતિ છે. એ છોડનાં મૂળ છે. ઉપરનાં પાન ખરી ગએલ હોવાથી એના ડાઘ મૂળ ઉપર પડેલા જોવામાં આવે છે. સ્વાદમાં કડુ અતિશય કડવું હોય છે. આપણાં કડુ અને કરિયાતુ બંને હિમાલયમાં થાય છે.

આ ઉત્તમ ચીજ આપણા દેશમાં થાય છે એ આપણું સદ્‌ભાગ્ય છે. મને તો લાગે છે કે કડુ જેવું મૂલ્યવાન ઔષધ બીજું એકે ય નથી. એની કડવાશ કિવનાઈનને ભુલાવે એવી છે. કોઈ પણ જાતના તાવ ઉપર કડુ સરસ ઉપાય છે. તાવ સાથે મોટે ભાગે કબજિયાત હોય છે. ત્યાં કડુ આપવાથી બંને કામ થાય છે. કડુથી ઝાડો સાફ આવે છે. પિત્તનું સ્રાવણ કરી તે મળ ખૂબ કાઢે છે ને તાવ ઊતરી જાય છે. કિવનાઇન જેટલું કડુ તાવ ઉતારનાર નહિ હોય, પરંતુ કિવનાઈનના દોષોથી કડુ તદ્દન મુક્ત છે. કડુ તાવને ધીરેથી ઉતારે છે, પરંતુ દોષસંચય તોડવામાં, મળોને બહાર કાઢવામાં એની સરખામણીમાં બહુ ઓછાં ઔષધો ઊભાં રહી શકે એમ છે. કડુનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તાવમાં બબ્બે વાલનાં પડીકાં ચાર વાર ગરમ પાણી સાથે ફકાવવાં. ફાકવાનો કંટાળો હોય તેણે કડુની ચણા જેવડી ગોળીઓ ગોળમાં વાળીને બબ્બે કલાકને અંતરે ૩ થી ૪ ગોળીઓ ગરમ પાણી સાથે ગળી જવી. વળી ૦॥ તોલો કડુ લઈ પાંચ તોલા ખળખળતા પાણીમાં નાખી ઠંડુ પડતા સુધી તેને ઢાંકી રાખી, એ પાણી દિવસમાં ૩ ૪ વાર પીવાથી પણ તાવમાં ફાયદો કરે છે.

કલેજાના દુખાવા ઉપર પણ કડુ સુંદર દવા છે. એ પૌષ્ટિક હોઈ એનાથી આમાશય વધે છે. પિત્તના સંચયને તોડવામાં એ લબ્ધપ્રતિષ્ઠ છે. કડુથી કાળા, ચીકણા, ગંધાતા ઝાડા થાય છે. આથી એનું નામ 'કૃષ્ણભેદી' અમરકોષે આપેલું છે. લેખન એટલે ચોંટી રહેલા મળને ઉખેડીને બહાર કાઢનાર, ભેદન એટલે છૂટા પડેલા મળને બહાર ફેંકનાર, અને સ્રંસન એટલે રેચક આ ત્રણે ય ગુણો કડુમાં છે. આમ, જ્વરઘ્ન, દીપન, પાચન, સ્રંસન, લેખન, ભેદન, કૃમિઘ્ન અને હૃદયના રોગોમાં હિતકારી—આટઆટલા સામટા ગુણો કડુ સિવાય બીજા કોઇ ઔષધમાં ભાગ્યે જ હશે. કડુ ઉકાળીને આપવાથી હૃદયરોગની વિશ્વવિખ્યાત દવા ડિજિટિલિસ જેવી ક્રિયા થાય છે. અર્થાત્ હૃદયની ગતિ કમી થાય છે, શક્તિ વધે છે અને રક્તનો દાબ વધે છે.

કડુમાં દોષ એ છે કે એ પેટમાં ચૂંકાય છે. જો એ ચૂંકાય તો ઉપરથી અજમો સહેજ મીઠું મેળવી ચાવીને ખાઈ જવો. એનાથી પેટમાંનો વાયુ છૂટશે, ચૂંક અટકી જશે ને પસીનો છૂટશે.

હૃદયરોગમાં કડુ અને જેઠીમધ બંને સમાન ભાગે લઈ સાકરના પાણી સાથે ફાકવું. હેડકીમાં કડુ અને સોનાગેરુ બંને સમાન ભાગે લઈ મધ સાથે ચાટવા આપવાથી હેડકી બંધ થઈ જશે.

કડુ, કરિયાતું, કાચકા, કાળીજીરી ને કાળી દ્રાક્ષ એટલાંનો ક્વાથ કરી પીવાથી તાવ ઊતરે છે, મળ સાફ આવે છે, અન્ન ઉપર રુચિ થાય છે. આ ક્વાથ જો થોડા જ દિવસ વાપરો તો કોઇ પણ તાવ તેનાથી જાય જ. પેટમાં કરમ પડયા હશે તો તેને મારીને બહાર કાઢશે અને જઠર તથા લીવરની ક્રિયા સુધારીને ભૂખ સારી લાગશે.

કમળામાં કડુ અને નવસાર સમાન ભાગે મેળવી સવાર, બપોર, સાંજ બબ્બે આનીભાર દૂધ કે ગરમ પાણી સાથે ફાકવાથી ગુણ કરે છે.

કિવનાઈન કરતાં યે કડુ વિશેષ ગુણદાયક છે. કિવનાઈનથી કાનની બહેરાશ, ચક્કર, કલેજાના કોષો ઉપર ખોટી અસર, ગરમી વગેરે થાય છે; કડુથી તો કોઈ પણ જાતની વિકૃતિ થતી નથી.

કડુ તદ્દન નિર્દોષ દવા છે. પ્રત્યેક કુટુંબે એનું વસ્ત્રગાળ ચૂર્ણ શીશીમાં રાખી મૂકવું જોઇએ. અપચામાં, કબજિયાતમાં, હરસમાં, જીર્ણ જ્વરમાં, અરુચિમાં એ લેવાથી અનેક જાતના રોગો પર કાર્ય કરે છે.

(ભિષગ્ભારતી) —બાપાલાલ ગ. વૈદ્ય

ભડળી વાકચો

ભારત ખેતીપ્રધાન દેશ છે, તેથી વરસાદના આવવા વિષે હમેશાં આપણા દેશમાં પ્રાચીન કાળથી ખૂબ આતુરતા રહેલી છે, અને વરસાદના વર્તારા, જોષ, વૈજ્ઞાનિક સંશોધન આ બધા પર લોકો ખૂબ શ્રદ્ધા ધરાવતા આવ્યા છે. વરસાદના આવા લોકવર્તારા માટે દેશભરમાં 'ભડળી વાકચો' બહુ પ્રમાણભૂત ને મહત્ત્વનાં મનાતાં આવ્યાં છે.

આ 'ભડળી' એ હુદડ નામના એક સુપ્રસિદ્ધ ભવિષ્યવેત્તાની એકની એક પુત્રી હતી. એ હુદડ જોષી સિદ્ધરાજ જયસિંહના સમયમાં (એટલે કે સંવત ૧૨૦૦માં) મારવાડમાં થઈ ગયો. ભડળી ઉપર તેની ઘણી પ્રીતિ હોઇ તેણે પોતાની બધી વિદ્યા તેને ભણાવી હતી. આ ભડળીએ જ્યોતિષ સંબંધી વર્ષાના વર્તારાની સાખીઓ દેશી ભાષામાં રચેલી છે, તે ભડળી વાકચને નામે સુપ્રસિદ્ધ છે. નક્ષત્રો વિષે તો ભડળીનું જ્ઞાન અગાધ હતું. તેનાં એ વાકચો સદીઓ જૂનાં અનુભવવાકચો છે.

ભડલીનો પિતા હુદડ જોષી મહાન જ્યોતિષી હતો, પણ ઘેટાં-બકરાં ચારવાનો ધંધો કરતો હોઈ દિનરાત ખેતર, પહાડ અને ઝાડીઓમાં પડયો રહેતો. વાયુ, વાદળ, વીજળી, વરસાદ અને આકાશી નક્ષત્રો સાથેની અહર્નિશ મૈત્રી ઉપરથી તેણે સૃષ્ટિના જે નિયમો જોયા તે ભડળી પાસે મૂકયા અને ભડળીએ તે સાદી લોકભાષામાં રજૂ કર્યાં.

અત્યારે અષાઢ માસ ચાલે છે. એ માસ અંગે આ ભડળી વાકચો વરસાદની ખૂબ સુંદર આગાહીઓ કરે છે: એ કહે છે—

આષાઢી સુદ પંચમી, જો વર્ષા કે વીજ;
દાણા વેચી ધન કરો, રાખો બળદ ને બીજ.

અષાઢ સુદ પાંચમે વરસાદ ને વીજળી ખૂબ શુકનનાં મનાયાં છે.

સુદિ આષાઢી સપ્તમી, શશી જો નિર્મળ દેખ;
જા પિયુ તું માળવે, ભીખ માગવી પેખ.

પાંચમે વીજ કે વરસાદ ન થાય ને સાતમે ચંદ્ર નિર્મળ નીકળે તો દુકાળની આગાહી મનાય છે. વળી નોમના દિન વિશે કહે છે:

આષાઢી સુદિ નવમી દિન, નિર્મળ ઊગે સૂર;
ભરે બહુ આભાંકરે, મેહ હોય ભરપૂર.

અને વળી કહે છે:

આષાઢી પૂનમ દિને, વાદળ ભીનો ચન્દ્ર;
તો ભડળી જોશે કહે, સઘળા નર આનંદ.

ભીનાં વાદળાંવાળો અષાઢી પૂર્ણિમાનો ઘેરો ભાસતો ચંદ્ર ભરપૂર ને સારા વરસાદની આગાહી આપે છે.

રેવે પાણી ખળભળે, મૃગશિરે વા વાય;
જેટલું આવે પુનર્વસુ, એટલું અન્ન વેંચાય. ૧
શનિ રવિ ને મંગળા, જો પોઢે જદુરાય;
ચાક ચડાવે મેદની, પૃથ્વી પ્રલય થાય. ૨
અષાઢા ધર બીજળી, નોમે નીરખી જોય;
રવિ તાતો બુધ શીતળો, મંગળ વૃષ્ટિ હોય. ૩
સોમે શુક્રે સુર ગુરુ, જળબંબારણ હોય;
કર્મસંયોગે શનિ મળે, તો જીવે જવલ્લે કોય. ૪
કૃત્તિકા કરશે કરવરું, રોહિણી કરે સુકાળ;
કર્મયોગે મૃગશર મળે, નિશ્ચય પડે દુકાળ. ૫
શ્રાવણ શુક્લા સપ્તમી, સ્વાતિ ઊગે સૂર;
પર્વત કોરી ધર કરો, પાદર વહેશે પૂર. ૬
શ્રાવણ પહેલાં પાંચ દિન, મેહ ન માંડે આપ;
પિયુ પધારો માળવે, અમે જઈશું મોસાળ. ૭
પૂરવ તાણી કાચબી, જો આથમે સૂર;
ભડલી વાક્ય એમ ભણે, દૂધ જમાડું કૂર. ૮
જેઠ ગયો અષાડ ગયો, શ્રાવણિયા તું જા;
ભાદરવો ભલ રેલશે, છઠ્ઠે અનુરાધા. ૯
દિવા વીતી પંચમી, જો હોય વરૂવે વાર;
ધન કણ રાખી સંઘરો, કહું છું સૌ નરનાર. ૧૦
મારવાડ મરકી થશે, દક્ષિણમાં ઉત્પાત;
પૂર્વે વિગ્રહ જાગશે, ખળભળશે ગુજરાત. ૧૧
સ્વાતિ દીવા જો બળે, વિશાખા એલે જાય;
રાણીજાયો રણ ચડે, કે પૃથ્વી પ્રલય થાય. ૧૨
કાર્તિક સુદિ એકાદશી, વાદળી વિજય હોય;
અષાડે ભડલી કહે, વરખા સારો જોય. ૧૩
કાર્તિક સુદિ પૂર્ણિમા, જો કૃત્તિકા કહી હોય;
તેમાં વાદળ વીજથી, જોગ જોગ શું જોય ? ૧૪
કાર્તિક પૂનમ કૃત્તિકા, અદકી હોવે જેમ;
પળો વધે જે વર્ષમાં, ભારે વરખા તેમ. ૧૫

આવાં અનેક વાક્યો છે, આ તો વાનગી છે. (લોકમત)

સંગીતની સાધના અને સિદ્ધિ

આઠનવ વર્ષનો એક બાળક હતો. સંગીત શીખવાની એને ઘેલછા લાગી હતી. એવામાં એક દિવસ કાને વાત આવી કે ગુમાનદેવમાં કોઈ સાધુ આવ્યા છે એ સુંદર ગાય છે, સંગીતજ્ઞ છે. બાળકના ઉમંગનું તો પૂછવું જ શું? પરંતુ ગુમાનદેવ જવું કેવી રીતે? ભરૂચથી અંકલેશ્વર જવા જેટલા યે પાસે પૈસા નહોતા. પરંતુ એથી એ નાસીપાસ થાય એમ નહોતું. એણે તો નર્મદા નદીમાં ઝંપલાવ્યું, તરીને સામે પાર ગયો, ત્યાંથી ચાલીને ગુમાનદેવ જઈ પેલા સાધુ પાસે પહોંચ્યો. પરંતુ સાધુએ ના પાડી દીધી; એ કાળે પોતાની વિદ્યા કોઇ શીખવતું નહિ. 'જિસને પાયા ઉસને છિપાયા' એવો એ જમાનો હતો. બાળક નિરાશ થઈ પાછો ફર્યો. એ બાળક આ તમારો ઓમકાર.

દાદુમિયાંનું બૅન્ડ એ વખતે ભરૂચમાં પ્રખ્યાત હતું. હું એની પાછળ પાછળ ભટકતો. એ તાન ઉપાડે તેને ઉપાડવાનો હું યે પ્રયાસ કરતો. એવામાં મારા પિતા તુલ્ય ભરૂચના ધર્મપ્રેમી સજ્જન શ્રી શાપુરજી ડુંગાજીએ મને પ્રેરણા આપી, મુંબાઇમાં પંડિત વિષ્ણુ દિગંબરજીને ત્યાં મફત રહેવાની-શીખવાની મને એમણે સગવડ કરી આપી. એમને ત્યાંના શિષ્યોમાં હું એકલો જ ગુજરાતી હતો. મોટા ભાગના મહારાષ્ટ્રી ગુરુભાઈઓએ મને કષ્ટ પહોંચાડવામાં જરા યે પાછી પાની કરી નહોતી. ચાળીસચાળીસ માણસોનાં વાસણો હું એકલે હાથે માંજતો. સાંદિપની ઋષિના શિષ્યો કૃષ્ણ-સુદામાનું સ્મરણ કરી હું એ સૌ સહે જતો. બાર વર્ષ સુધી આ તપ ચાલ્યું. સંગીત શીખવાની લગનને પરિણામે એક હાથમાં તંબૂરો અને બીજા હાથમાં ઢોલક લઈ સતત નવનવ કલાક સુધી હું સંગીતસાધનામાં ગંડયો રહેતો.

આ સાધનામાં ફક્ત સંગીતથી નહિ ચાલે, જ્ઞાન પણ મેળવવું જોઇએ એમ માની સંસ્કૃતના ગ્રંથો મેં ઉથલાવવા માંડ્યા. ભાષણ કરતાં મને આવડતું નહોતું, એ માટે પણ પ્રયાસો આદર્યા. લખેલું ભાષણ તૈયાર કરી, પાંચમે મજલે જતો અને કલ્પના કરતો કે સામે જાહેર સભા મળી છે. આ રીતે હિંમત કેળવી ભાષણ કરવાનો મહાવરો મેળવ્યો.

અત્યાર સુધી કશે પણ મેં જણાવ્યું નથી, એ આજે જણાવું છું. મારી આ બધી સંગીતસિદ્ધિ એ બીજું કાંઈ નહિ પણ મારા યોગી પિતાનો વારસો છે. પ્રાણ છોડતી વેળા એમણે મને એ આપેલો છે. મારા પિતાનો અંતસમય હતો. એમણે મને એકલાને પાસે બોલાવ્યો. એક પાન ખાધું. ચાવેલું પાન મારા મોંમા મૂક્યું, જીભ પર કાંઈક ક્રિયા કરી અને મને કહ્યું: 'આ પ્રસાદ આપી જાઉં છું. તું ભણ યા ન ભણ (પિતાની ચાકરીમાં જ હું મોટા ભાગનો સમય વિતાવતો; નિશાળે પણ વર્ષમાં બે જ માસ જતો હોઇશ), પરંતુ તારી જીભ પર સરસ્વતી બિરાજશે.' એમના આશીર્વાદનો આ પ્રતાપ છે.

મને એ પણ યાદ છે કે મારી પાસે જ્યારે કોઈ મુદ્દા પર શાસ્ત્રાર્થ કરાવવો હોય, વાદવિવાદ કરાવવો હોય ત્યારે મારા પિતાશ્રી મને એમની પાસે બેસાડતા, મારા શરીરને અડતા ને હું કડકડાટ બોલવા માંડતો, પરંતુ એમનો હાથ મારા શરીરને અડેલો હોય ત્યાં સુધી જ. ત્યાર બાદ હું પાછો પહેલાં જેવો બની જતો.

સંગીતમાં રોગોને મટાડવાનું સામર્થ્ય છે એમ હું ચોક્કસપણે માનું છું. પુરિયાથી ઊંઘ લાવી શકાય છે એ મેં પુરવાર કર્યું છે. મેજર જનરલ રણજિતસિંહ આઠઆઠ દિવસ થયાં અનિદ્રાથી પીડાતા હતા અને મોરફિયાનાં ઇન્જેકશન નિષ્ફળ નીવડ્યાં હતાં ત્યારે મેં તેમના પર એ પ્રયોગ કર્યો હતો. ડૉ. સપ્રુ વગેરે તેના સાક્ષી હતા.

કોઇ પણ સરકાર મને સાધન આપે તો સ્વરોની સીક્વન્સી પરથી રોગ સારા કરવાના પ્રયોગો સાબિત થઇ શકે. યુરોપમાં ગાયો પર આજે પ્રયોગ થાય છે, પણ આપણે ત્યાં ઘણા જૂના જમાનામાં શ્રીકૃષ્ણ ગાયો પાસે મોરલી વગાડતા. આજે પણ ગોવાળો મોરલી વગાડે છે. મોરલીમાં સારંગ વગાડવાથી ગાય વધારે દૂધ આપે છે.

બુદ્ધના સમકાલીન કવિ ભાસ કહી ગયા છે કે ઘોષવતી વીણા દ્વારા હાથીને વશ કરી શકાય છે. મૃદંગવાદનથી હાથીને વશ કર્યાના બનાવો ભૂતકાળમાં બનેલા છે. ઉદેસિંગ નામના એક મૃદંગવાદકને થએલી દેહાંતદંડની સજા વખતે તેની છેલ્લી ઇચ્છા પૂછવામાં આવતાં તેણે મૃદંગ વગાડવાની ઇચ્છા વ્યક્ત કરી, અને મૃદંગ વગાડી તેણે હાથીને પાસે આવવા ન દીધો અને તેને જીવનદાન મળ્યું. આવી

રીતે તેણે ૨૧ હાથી વશ કર્યાનો બનાવ ઇતિહાસમાં નોંધાયો છે.

રંગનો જેમ ચિકિત્સામાં ઉપયોગ થાય છે તેવી જ પદ્ધતિ સંગીતની પણ છે. સૂર્યના જે સાત ઘોડા છે તે સાચેસાચ ઘોડા નહિ પણ સાત રંગ છે જેના મિશ્રણથી સફેદ તેજરેખા પથરાય છે. સપ્ત સ્વરોનો એ સપ્તરંગ સાથે સંબંધ છે, અને તેનો સંબંધ શરીરની સપ્ત ધાતુઓ સાથે છે. યુરોપના મારા પ્રવાસ દરમિયાન મેં જોયું કે ત્યાં આપણા જેવું સ્વરબંધન નથી તેમ આપણા જેવું સંગીતનું સાહિત્ય પણ ખેડાયું નથી.

ગુજરાતમાં બુદ્ધિ છે પણ તમન્ના નથી—ખંત નથી. સંગીત શીખવાની ઇચ્છા રાખનાર ઘણા ગુજરાતી કિશોરો–યુવકો મારી પાસે આવ્યા, પણ કોઈ મારી સાથે ટકી શક્યું નહિ. સંગીત શીખવા માટે તપ કરવાની–સાધના કરવાની કોઈનામાં યે તમન્ના નહોતી, ખંત નહોતો. મારી પાસે કાંઇક વધુ સમય ટકી રહેનાર મારા શિષ્યોમાંથી કોઈ 'સંગીતકાર' ને કોઈ 'રસરાજ' બની આજે ત્રણસો-ચારસો રૂપિયા કમાય છે અને જીવન વ્યતીત કરે છે; પણ મારી ઇચ્છા તો હતી–ગુજરાતને સાચો સંગીતજ્ઞ આપું. પરંતુ અફસોસ સાથે જણાવવું પડે છે કે મારી એ ઇચ્છા આજ સુધી અપરિપૂર્ણ જ રહી છે. —પંડિત ઓમકારનાથજી

(ભરૂચના સન્માન-સમારંભ વેળા)



પ્રાણીસંરક્ષણનો ધર્મ

ગઇ ૭મી જુલાઇનો દિવસ સમગ્ર દેશમાં 'વન્યપ્રાણી દિન' તરીકે ઊજવાયો. શિકાર અને અન્ય ઓઠા હેઠળ આપણાં વન્ય એટલે અપરિપાલિત પશુઓ અને પક્ષીઓનો જે અમર્યાદિત વધ થતો હતો અને એને લીધે એમનો સમૂળ વિનાશ થવાનો ભય આવી ઊભો હતો, એ અવસરે સમગ્ર ભારતવર્ષના પ્રાણીવિદો અને પ્રકૃતિપ્રેમીઓએ પ્રાણીઓને કાયદા દ્વારા સંરક્ષણ આપવા માટે ભારે આંદોલન ઊભું કર્યું, અને પરિણામે ભારતવર્ષનાં વન્ય પ્રાણીઓના સંરક્ષણની જવાબદારી પોતપોતાના પ્રદેશ પૂરતી દરેક રાજ્યે ઉપાડી લીધી. આ નિર્ણયને પરિણામે મુંબાઈ સરકારે સન ૧૯૫૧માં 'ધ બૅ ગ્બે વાઇલ્ડ ઍનિમલ્સ ઍન્ડ વાઈલ્ડ બર્ડ્ઝ પ્રોટેક્શન ઍક્ટ' નામનો કાયદો પસાર કર્યો અને તા. ૧લી મે ૧૯૫૩થી એને અમલમાં મૂક્યો. આ કાયદા હેઠળ જેમને 'સંરક્ષિત' ગણાવ્યાં છે એવાં પશુઓ અને પક્ષીઓના શિકારનો કાં તો સદંતર પ્રતિબંધ કરવામાં આવ્યો છે, અથવા તો એમના જાતભેદે મર્યાદિત પ્રમાણમાં ને વિશિષ્ટ ઋતુઓમાં શિકારની છૂટ આપવામાં આવી છે. ટૂંકમાં આ કાયદાનું ધ્યેય વિવિધ વન્ય પશુપક્ષીના અનિયંત્રિત વધ અટકી એમની હસ્તિ ચાલુ રહે એ રીતે એમને સંરક્ષણ આપવાનું છે.

આપણા પ્રદેશમાં ગાઢ જંગલો ઝાઝાં નથી, છતાં સિંહ, વાઘ, દીપડા, લોંકડી, વરુ, રીંછ, સાબર, ચીતળ, કાળીઆર ને છીકારા જેવાં અનેકવિધ પશુઓ અને ૫૦૦ થી ૬૦૦ જાતનાં સ્થાયી તથા યાયાવર પક્ષીઓ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની વિવિધરંગી ભૂમિમાં સ્થાનભેદે ઓછીવત્તી સંખ્યામાં જોવા મળે છે. એક વખત એવો હતો કે જ્યારે અમદાવાદના પરિસરે સિંહ જોવામાં આવતો, તેમજ કાળીઆર જેવાં સુંદર હરણો ટોળે ફરતાં દેખાતાં. સિંહનું આજે સમગ્ર ભારતવર્ષમાં એકમાત્ર વસતિસ્થાન સૌરાષ્ટ્રનો ગીરપ્રદેશ છે, જ્યારે ચોપગાંમાં શીઘ્રતમ ગતિવાળા કાળીઆર અને નમણી દેહલતાવાળાં છીંકારાં જેવાં મૃગ પશુઓનાં દર્શન તો મોટા ભાગના પ્રદેશમાં હવે દુર્લભ થઈ ગયાં છે. આજે જેટલું બચ્યું છે એ પણ નામાવિષ્ટ થઈ જાત જો આપણી સરકારે વેળાસર ચેતીને પ્રાણીસંરક્ષણ કાયદો પસાર ન કર્યો હોત.

પણ કાયદો થયો એટલે પ્રાણીઓ બચી ગયાં એમ માનવું એ ય ભ્રાન્તિ છે. એ કાયદાના પરિપાલન માટે આપણે સૌએ જાગ્રત ને કટિબદ્ધ થવું પડશે. જો આપણે આપણાં નયનાભિરામ પશુપક્ષીને વિનાશના મુખમાંથી બચાવવાં હોય તો વન્ય પ્રાણીઓના જીવનમાં રસ લેનાર પ્રત્યેક વ્યક્તિએ પ્રતિજ્ઞાબદ્ધ થવું જોઇશે. પરદેશોમાં તો પ્રાણીઓના સંરક્ષણ માટે ભારે ખરચે 'સૅક્ચ્યુઅરીઓ' સ્થપાય છે. આપણે ત્યાં આવું ન થાય ત્યાં સુધી આપણા વન્ય પ્રાણીધનના સંરક્ષણનો ભાર પ્રત્યેક પ્રાણીપ્રેમીએ ઉપાડી લેવો પડશે. એ આપણો ધર્મ છે.

હરિનારાયણ આચાર્ય

(ઉપર્યુક્ત કાયદા અનુસાર રાજ્યના ઉત્તર વિભાગના ગેઈમ વૉર્ડન)

ચંબલ નદી પરનો અદ્ભુત પુલ

પૂરનાં પાણી નીચે પણ સહીસલામત રહી શકે તેવો વિશ્વનો સૌથી લાંબો પુલ ચંબલ નદી પર બાંધવામાં આવનાર છે. મુંબાઈ અને આગ્રા વચ્ચેના ધોરી માર્ગ પરનો ૨,૪૩૪ ફૂટ લાંબો આ પુલ વર્ષાઋતુમાં પૂરનાં પાણી હેઠળ ડૂબી જશે તો પણ સંપૂર્ણ રીતે સહીસલામત રહી શકશે; અને તેના પર ૨૭ ફૂટ જેટલું પાણી ફરી વળશે તો પણ તેના પર કંઈ જ અસર થશે નહિ.

આ માસ (જુલાઇ) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : ઍલેક્ઝાન્ડર ડ્યુમા



આ પ્રસિદ્ધ ફ્રેન્ચ નવલકથાલેખક અને નાટ્યકારનો જન્મ ૧૮૦૨ ની ૨૪મી જુલાઇએ, વિલે કોત્તેરેત્સ ગામે થએલો. તેનો પિતા વેસ્ટ ઈન્ડીઝ ટાપુઓમાં જન્મેલો, ફ્રેન્ચ પિતા અને હબસી માતાનો પુત્ર હતો, ને માતા પારીસપાસેના હોટેલવાળાની પુત્રી. ૧૮૦૬-માં તેને ચાર વર્ષનો મૂકીને પિતા ગુજરી ગયા બાદ મહામથામણે જીવન જોગવી ૧૮૨૨માં તે પારીસ ગયો, જ્યાં તેણે પ્રથમ ઐતિહાસિક નાટકો લખવા માંડયાં. એમાં તેને ઘણી સફળતા મળી ને ૧૮૪૦માં પોતાનાં નાટકો ભજવનારી ઈડા ફૅરેન નામની નટીને તે પરણ્યો.

પણ તેને અસાધારણ સફળતા તો મળી નવલકથાઓથી, અને ઈ. ૧૮૪૪-'૪૫માં બહાર પડેલી તેની ઐતિહાસિક નવલકથા 'કાઉન્ટ ઑવ મૉન્ટીક્રિસ્ટો'થી તે ખ્યાત થઈ ગયો. એવી જ રંગદર્શી તેની બીજી લોકપ્રિય નવલકથાઓ છે 'ધ થ્રી મસ્કેટીઅર્સ', 'ટ્વેન્ટી ઇયર્સ આફ્ટર', મેમ્વર્સ ઑવ એ ફીઝિશ્યન', 'ધ ક્વીન્સ નેકલેઈસ', 'બ્લૅક ટ્યુલિપ' વગેરે, જેમાંની પહેલી બે તો આજે પણ એટલી જ માનીતી છે. વેગવાન વહેતી દિલ ધડકાવનારી વાર્તાઓના કથક તરીકેની તેની શક્તિ અજબ હતી અને તેનાં ઉત્સાહ તથા તાકાત અખૂટ હતાં. તેણે હજારથી યે વિશેષ પુસ્તકો લખ્યાં છે, જેમાં રંગદર્શી નવલકથાઓ, દિલચસ્પ નાટકો, પ્રવાસનાં વર્ણનો, ઇતિહાસ, કળા, ગુનાશોધન તથા રાંધણકળા સુધીના વિષયો નિરૂપાએલા જોવા મળે છે!

પણ તેના જીવનનાં છેલ્લાં વરસો મુશ્કેલીમાં ગયાં. લગ્ન પછી આઠમે વર્ષે તેની પત્ની કોઈ બહારના વિખવાદને કારણે તેનાથી છૂટી થઇને ઈટાલી ચાલી ગઇ અને તેણે પોતે જીવનનાં છેલ્લાં વર્ષો પ્રવાસ-ભ્રમણમાં જ ગાળવા માંડયાં, જેમાં તેને જંગી ખર્ચ થયું અને તે અખૂટ દેવામાં ઊતરી ગયો. ઈ. ૧૮૭૦ની ૫મી ડિસેમ્બરે તેનું અવસાન થયું. ફ્રેન્ચ સાહિત્યની રંગદર્શી નવલોના ઇતિહાસમાં તો તે પોતાનો આંક પાડી ગયો છે.

આ માસ જુલાઈ ઇતિહાસમાં


તા. ૧ હિંદમાં દેશ આખા માટે એકસરખો સમય 'સ્ટૅન્ડર્ડ ટાઈમ' શરૂ થયો, ૧૯૦૫.
તા. ૨ 'હોમિયોપથી' વૈદકના સર્જક સૅમ્યુઅલ હાનેમાનનું અવસાન, ૧૮૮૩.
તા. ૩ ભારત આવનાર પહેલો પરદેશી વાસ્કો દ ગામા હિંદ આવવા ઊપડચો, ૧૪૯૦.
તા. ૧૨ યુરોપની યાદવાસ્થળી સમા યુરોપના પહેલા મહાયુદ્ધનાં મંડાણ, ૧૯૧૪.
તા. ૧૯ વેચાણ વેરાની (સેલ્સ ટૅક્સની) પ્રથા હિંદમાં પહેલવહેલી દાખલ થઈ, ૧૮૬૦.
તા. ૨૨ ભારતના અશોકચક્ર સાથેના રાષ્ટ્રધ્વજનું બંધારણસભામાં નિર્માણ, ૧૯૪૭.
તા. ૨૬ મહાન અંગ્રેજ નાટ્યકાર અને વિદ્વાન જ્યૉર્જ બર્નાર્ડ શૉનો જન્મ, ૧૮૫૬.
તા. ૨૮ મિસરની લોકમાતા સમી દુનિયાની લાંબામાંલાંબી નદી નાઈલનું મૂળ શોધાયું, ૧૮૬૨.

પ્રસંગવિશેષ : રૉબર્ટ બેડન-પૉવેલે 'સ્કાઉટ'ની પ્રથા પહેલી અમલમાં મૂકી


ઊગતી પ્રજામાં નાગરિકવિદ્યાનું શિસ્તબદ્ધ શિક્ષણ ઉતારવા માટે અમલમાં આવેલી સ્કાઉટની આ પ્રથા જેટલી ઉત્તમ છે તેટલા જ પ્રમાણમાં દુનિયાને ખૂણેખૂણે તે પ્રસિદ્ધ અને પ્રચલિત છે. કુમારકુમારીઓને તેમની પોતાની જાત માટે નિરીક્ષણ, પરીક્ષણ ને સ્વ-નિયમન આચરવાની, સમાજ પ્રત્યે વફાદારી કેળવવાની તથા તેમની સ્થિતિના સુધારા માટે વિચાર કરવાની ને જાગ્રત રહેવાની તાલીમ આપવાનો તેનો ઉદ્દેશ છે. તેનો મુદ્રાલેખ છે: 'તૈયાર રહો'.

ગ્રેટ બ્રિટનમાં લૉર્ડ રૉબર્ટ બેડન પૉવેલે તે પ્રથા ઈ. ૧૯૦૮ની ૩૧મી જુલાઇએ શરૂ કરેલી. તે એક સૈનિક હતા, અને દક્ષિણ આફ્રિકામાં બોર લોકોએ ઘેરેલા માફેકિંગ ગામના ઘેરા વખતે તેમણે ગામના કુમારોને સંગઠિત કરી, સંદેશ વાહકો ભોમિયાઓ અને ઘાયલની સારવાર કરનારી ટુકડીઓ યોજી સૈનિકોને લડવા માટે મોકળા રાખેલા. આ અનુભવમાંથી બૉય સ્કાઉટની યોજના જન્મી. સ્કાઉટ બનવા માટે દરેકે ત્રણ પ્રતિજ્ઞાઓ લેવાની હોય છે: (૧) હું ઈશ્વર અને મારા દેશ પ્રત્યેની બધી ફરજો અદા કરીશ, (૨) મારા દેશબાંધવોની સેવા કરવા હું હમેશાં તૈયાર રહીશ અને (૩) હું સ્કાઉટ તરીકેના બધા જ નિયમો પાળીશ.

સ્કાઉટોના તેમના વય પ્રમાણે ચાર વર્ગ પાડવામાં આવે છે: ૮ થી ૧૧ વર્ષના, ૧૧ થી ૧૫ વર્ષના, ૧૫ થી ૧૮ વર્ષના અને ૧૮ વર્ષથી ઉપરના. ઉપરાંત સ્કાઉટ-પ્રથાની દરિયાઈ તેમજ હવાઈ શાખાઓ પણ છે. પ્રવૃત્તિઓમાં રમતગમત, આંતર-ટુકડીઓ, હરીફાઇઓ, પ્રકૃતિ-નિરીક્ષણ, તંબૂ-મુકામ, પ્રાથમિક ઉપચારો એ મુખ્ય છે. સ્કાઉટોને તેમની નિપુણતાનુસાર ચન્દ્રકો પણ આપવામાં આવે છે. સ્કાઉટોની સેના અલગઅલગ ટુકડીઓમાં વહેંચાએલી હોય છે અને દરેક ટુકડીને પોતપોતાનો નાયક હોય છે. દર ચાર વર્ષે દુનિયાભરના સ્કાઉટો જુદાજુદા દેશ ખાતે વિશાળ તંબૂ-મુકામ ('જમ્બોરી') નાખીને ભેગા મળે છે. કુમારો જેવી જ કુમારીઓને માટે પણ આ જ પ્રથા 'ગર્લ-ગાઇડ'ને નામે પ્રચલિત છે.



ધરતીના પેટાળમાં વધુમાં વધુ ઊંડાણ માનવીએ ૨૦,૫૨૧ ફૂટ (લગભગ ચાર માઈલ)નું સાધ્યું છે. અમેરિકાના વ્યોમિંગ ખાતેનો એક તેલનો કૂવો એટલો ઊંડો છે.



દુનિયાનો પહોળામાં પહોળો રસ્તો દક્ષિણ અમેરિકાના આર્જેન્ટિના રાજ્યની રાજધાની બ્યુએનો આયર્સમાં છે. એ રાજમાર્ગનું નામ છે 'નવમી જુલાઈ ઍવન્યુ'.

કબર, મગર ને કાચબાં જલ સૂકે ચલ જાય;
સાચો સનેહ મીનકો જલ સૂકે મર જાય.




પેગંબર સાહેબ પાસે આવી એક યુવાન ભિખારીએ હાથ ધરતાં તેમણે પ્રેમાળ અવાજે પૂછ્યું : 'તારી પાસે શું છે?' જવાબ મળ્યો : 'બે વાસણ ને એક ચટાઈ સિવાય કશું નહિ'. તે ત્રણેને વેચી તેમણે ભિખારીને એક કુહાડો ને થોડો લોટ અપાવ્યાં, ને કહ્યું, 'આ લોટ તે આજની રોટી માટે. કાલથી જંગલમાં જઈ આ કુહાડીથી લાકડાં કાપી લાવી ગૌરવથી કમાઈ ખાજે'. પેલાએ પછી કદી ભીખ માગી નહિ.

અનેકાર્થી શબ્દ: **ચીણ**= સ્ત્રીઓની ડોકનું એક જાતનું ઘરેણું; ઘાઘરાના નેફા આગળની કરચલીઓ; ચાકડા પર વાસણ તૈયાર થયેથી કાપી લેવાનો દોરો; પંખીઓનો ખોરાક-ચણ; માટી કે મીઠું વગેરે ખોદવાનું હથિયાર.

કહેવતોના અર્થ: 'ગોરિયો ગમાણે આવ્યો.' કણબીનો હરાયો બળદ રખડી-રવડી તથા હારીથાકીને રાત્રે પાછો ગમાણમાં આવી ઊભો રહે (અને બળદનું એક સામાન્ય નામ 'ગોરો'-ગોરિયો હોય છે) એ પરથી પડેલી આ કહેવત, આપમેળે ઠેકાણે આવતા અકોણા માણસો, તથા રોઈરોઈને થાકી પોતાની મેળે મનાતાં રીસાળ છોકરાંઓ વગેરેને માટે વપરાય છે. 'વાર્યાં ન કરે તે હાર્યાં કરે' વગેરે કહેવતો આવા જ ભાવની ગણાય.

ગણિત-ગમ્મત:

૧૨૩૪૫૬૭૮૯	૯૮૭૬૫૪૩૨૧
૧૨૩૪૫૬૭૮	૮૭૬૫૪૩૨૧
૧૨૩૪૫૬૭	૭૬૫૪૩૨૧
૧૨૩૪૫૬	૬૫૪૩૨૧
૧૨૩૪૫	૫૪૩૨૧
૧૨૩૪	૪૩૨૧
૧૨૩	૩૨૧
૧૨	૨૧
૧	૧
૧૦૮૩૬૭૬૨૬૯	૧૦૮૩૬૭૬૨૬૯



આ ચિત્રમાં પક્ષી ને પીંજરાની વચ્ચેની લીટી પર રેલવેની ટિકિટ જેવડો નાનો કાર્ડનો કટકો મૂકીને, તે કાર્ડની ઉપલી કોર સુધી તમારું નાક લઈ જઇ થોડી વાર ધારીને જોશો તો પક્ષી પીંજરામાં પેસી ગએલું દેખાશે!

ચોમાસાની આ ઋતુમાં માખીઓ વધુમાં વધુ સંખ્યામાં ઊછરે છે. જન્મ્યા પછી અઠવાડિયામાં માદા માખી સોથી સવાસો ઈંડાં મૂકે છે; પછી દસ દસ દિવસના આંતરે ઈંડાં મૂકતી રહી પાંચ મહિને ૩૬૫,૯૨૩,૨૦૦,-૦૦૦,૦૦૦ ઈંડાં તે મૂકે છે. તેમાંથી ઘણાં કરોળિયા, ગરોળી આદિના ભોગ પણ બને છે.

વીંછીના ડંખ ઉપર દાડમડીનાં પાંદડાં છૂંદીને બાંધી દેવાથી થોડી વારમાં ઠંડક થશે ને ઝેર ઊતરી જશે. પાંદડાં વાટતી વખતે તેમાં પાણીનો જરા યે ઉપયોગ કરવો નહિ. વીંછીના ડંખ ઉપર ચીરો કરી અંદર મધ નાખવાથી પણ ઝેર ઊતરી જાય છે. કરી જોજો. (૨૫)

મનુષ્યના માથાના વાળ એક વર્ષમાં ૧૬ ઈંચ લાંબા વધે છે, અને નખ ૨॥ ઇંચ.

ચોમાસામાં સોય અથવા લોખંડની પિનો સાચવવા માટે મીણ કે સાબુના કટકામાં ખોસી રાખજો; એથી કટાશે નહિ. (૨૫)

બત્તીના ઘાસતેલમાં મીઠાનો ગાંગડો નાખી રાખજો. એથી દીવો સ્વચ્છ બળશે અને સારું અજવાળું આપશે. (૨૫)


તલવારની અણી અને આગની જ્વાલાથી પેરુની ઈન્કા જાતિનો નાશ કરનાર ખ્રિસ્તી પિઝારોએ ઈન્કાવીર આતા હુઆલ્પા પાસેથી ૧૭×૨૨ ફૂટનો આખો ઓરડો ભરાય એટલું સોનું તથા એવા બે ઓરડા ભરાય એટલું રૂપું દંડ તરીકે વસૂલ કરેલું!

આંબાનાં બળતાં પાંદડાંનો ધુમાડો આપવાથી હેડકી બંધ થઈ જાય છે. (૨૫)

સ્ટીમરની હોનારતમાંથી બચી ગએલા બે જણા ભરમહાસાગરની વચ્ચે એક નાની હોડીમાં નિરાશ થઈ બેઠા હતા. ક્યાંય કિનારો તો શું પણ નાનો બેટ પણ જણાતો ન હતો.

એક : ત્યાં દૂર શું જુએ છે? કાંઈ દેખાય છે?
બીજો : હા, માત્ર ક્ષિતિજ.
એક : તો પછી ત્યાં હંકારી લે.

નિષ્ફળતા ને સફળતા વચ્ચે ફરક આટલો છેઃ
કામ કરવું, અને કામ સારામાં સારું કરવું.



કલાકણિકા: આજે જેની 'ફૅશન' બંધ થઇ ગઇ છે એ, ખિસ્સા-ઘડિયાળોનાં ઘરાંની પાછલી બાજુનું શોભનવૈવિધ્ય



મહિષાસુર-મર્દિની : આ અંકમાં જેનો વિસ્તૃત પરિચય આપ્યો છે તે ચિદમ્બરમના મંદિરમાંનું આ શિલ્પ ખંડિત હોવા છતાં તેનાં બલ અને આવેગ અસર કર્યા વિના રહેતાં નથી. ધરાશાયી મહિષાસુર પર ધસી આવતી દેવીની કર્ણાકારે તોળાઈ રહેલી પ્રતાપી દેહયષ્ટિથી સુંદર સંયોજન થયું છે.



ભેંકડો (ફોટો કલાકાર: આના મારી ગ્રિપમન) બાળકોના વિવિધ ભાવને ઉત્કૃષ્ટ કક્ષાની ફોટોગ્રાફીના કસબ દ્વારા ઉતારનાર તરીકે જગતભરમાં નામના મેળવનાર એ સન્નારીનાં બીજાં ચિત્રો સાથેનો શ્રી બલવન્ત ભટ્ટે લખેલો પરિચય અગાઉ ૩૯૫મા અંકમાં આવી ગયો. એમની ચુનંદી કૃતિઓમાંની એક.



Dry-point Adolescence Y.K. Shukla

તારુણ્ય (ડ્રાઇ પૉઇન્ટ) કલાકાર : યજ્ઞેશ્વર શુકલ. ડ્રાઇ પૉઇન્ટમાં સખત પોલાદના અત્યંત બારીક અણીવાળા ઓજાર વડે કલાકાર, ત્રાંબાના પતરાની દર્પણ-સ્વચ્છ સપાટી પર, સ્થિર ને મજબૂત હાથે પોતાનો વિષય કોરતો જાય છે; અને તેના ઓજારથી પડેલા આંકાની બંને બાજુ (હથિયાર જો સહેજ ઢળકતું રાખ્યું હોય તો તેની એક જ બાજુ) સ્પષ્ટ ધારો ઉપસતી આવે છે. એ પ્લેટ પર પછી ઇચિંગની પ્લેટ માફક જ શાહી લગાડી છાપો ઉતારવામાં આવે છે. પણ ડ્રાઇ પૉઇન્ટ ઉપરથી ઉતારેલી છાપમાં એક પ્રકારની મખમલી મુલાયમતા આવે છે, અને તે જ તેની વિશિષ્ટતા છે.